श्री सत्यदवाये नमः

ભર્તૃહરી

પંચાંકી નાટક.

જી. એમ. ની પરવાનગીથી.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ ૩ જી. સને ૧૯૧૬ નકલ ૧૦૦૦

પીરમસાના રોજા પાસે 'શ્રી સત્યસાગર' પ્રિન્ટીંગ પ્રેસમાં

પટેલ. પોચાભાઈ ચકુભાઈએ છાપ્યું—અમદાવાદ.

કીંમત. ૦-૮-૦

માળવ પતિ પરમાર.

મહારાજા ભર્તૃહરી (નાટક)

પ્રથમ અંક

નાટયરંભમાં પાત્ર વર્ગ વિષ્નુની વિશ્વપતિ રૂપે સ્તુતિ કરે છે.

સર્વે પાત્રો— નમુ પદ ગીરજાપતીને—એ રાહ.

નમે પ્રીતે સહુ જગપતિને,
ચક્રધારી શુભ નામજ તારૂં, પ્રેમે લાગે પ્યારૂં;
કૃપાનિધિ દયા ધારી સ્થાપો શુભ કૃતીને. નમે
એક આશરો છે પ્રભુ તારો, પ્રભુ દુઃખ તો નિવારો;
ઝાળ પ્રચંડ સંહારો, પ્રભુ પ્યારા દયા ધારો. નમે.
સુખના કર્તા દુઃખના હર્તા અરજ ઉર લ્યો ધારી;
કૃપાનિધિ દયા ધારી, સ્થાપો શુભ કૃતીને. નમે.
વિજયવંત કર બાળક તારા, સહસ્ત્ર ફણી ભરનારા;
ત્રિભુવરા જયકરા ગીરિધરા, આપો સન્મતીને. નમે
પ્રભુ આપો તમારૂં શર્ણું, સહુ વિનવે છે વૃંદ;
દુઃખી હિંદ તણા તો બંધ કાપો વાસુદેવ નંદ. નમે.
અલ્પ સ્તુતિ આ ઉરમાં ધારો, પ્રેમી ધારી પ્રીતિ;
ત્રિભુવરા જયકરા ગીરીધરા, આપો સન્મતીને. નમે.

પ્રવેશ પહેલો.

ચોપદાર— (સ્થળ) ઉજ્જનની કચેરી.

આરતે કદમ મુલાકાતસેં કદમ આજુસેં બાજુસેં માળવપતી:
ચંપકસેન મહારાજા ધીરાજને ઘણીખમા નિગહ રખો મેહેરબાન
સબળસીંહ પ્રધાનજીકી સલામપે નીગા રખીએ મેહેરબાન.
સૈન્યાધીપતિ સજનસીંહજી સલામપે નીગા રખાયે મહેરબાન,
ભરથરી મહારાજકી સલામપે નિગા રખીયે મહેરબાન.

વિક્રમ કુમારશ્રીના સલામપે નિગા રખીએ મહેરબાન.

(અનુક્રમે સહુ બેઠા પછી)

ચંપકસેન— **ઇંદ્રસભાની ગજલ.**

સચિવ પ્યારા રાજ્યનો કહે મુને વૃતાંત,
મુજ રાજ્યના હેવાલ તણી કહી બતાવો વાત.
કેવા રીતે પ્રજા તો મારી નરગમે છે દીન,
શીશુપાળે બાળકો કેવાં થયા પ્રવીણ.
ન્યાયાધિસ કેવા રીતે તોળેછેરે ન્યાય,
પ્રજા મારીમાં ખુશાલી કેવી તો કેલાય.
બળવાખોરો બંડ કો રાજ્યમાં કરે,
ખંડીયા ખંડણી કેવી રીતે રાજ્યની ભરે.
ટુંકામાં કહી બતાવો રાજ્ય તણો તો સાર,
પ્રધાન પ્યારા જુઠુ નવ બોલશો લગાર.

સબળસીંહ મહારાજધીરાજ ઇશ્વર કૃપાથી આપના પુર્ણ પ્રતાપે માળવ રાજ્યની સોળે કળા તપી ચુકી છે. દુઃખ એ શબ્દની માળવી પ્રજાને હજુ જરા ખબર પણ નથી, તેમ રાજાને માથે હજુ કોઇ પ્રકારનું કલંક આવ્યું નથી, અને આવશે પણ નહિ. વિશ્વવમાં શાસ્ત્રના અનુમતથી બાળકો વિદ્યાલયમાં અભ્યાસ કરે છે તો પછી તેમાં શી ખામી હોય? ન્યાયના છેવટ ચુકાદા આપ મહારાજની રૂબરૂથીજ થાય છે. ગઇ સાલમાં વરસાદની ન્યુનતા હોવાથી ખંડણી ખંડીઆ રાજાનાં વિનયપત્રથી મુલતવી રહી હતી, તે આ વર્ષમાં ભરાઇ ગઇ છે. આપણી રઇયતમાં પણ મોળો પાક ઉતરવાનો ખુમાટ ઉડવાથી જે ખેડુ લોકો કરવેરા ભરી ન શકયા તેને માટે માફ આપવામાં આવી હતી. તેમજ વ્યાપારી વર્ગને આર આનાની તેરીખ નાણાં ધીરવામાં આવ્યાં હતાં. ઉદ્યોગને તથા હુન્નરના સાંચા કઢાડી કામે લગાડવામાં આવ્યા હતા, તેથી તેમની રોજી પણ સારી ચાલી હતી આ અરસામાં આરો આર પાક્યો તેથી તે સરવે ખોટ પુરાઇ ગઇ છે. કોઇને પણ રાજ પ્રતિક્ષ થવા સમય મળતો નથી, કારણ એવો અવળો ન્યાય રાજની અંદર થવા કદીપણ સંભવ નથી. કોઇ હરામખોર લોકો બદ દાનતથી પૈસા મેળવવાની ચાહના રાખે. પરંતુ આપના નામનું સ્મરણ થતાં થરથર કંપી તેવો, તેવા પ્રસંગ કરવા અટકે છે. મનુંસ્મૃતિથી વિરૂદ્ધ હજુ કયાંઇ પણ પગલું મુકાણુ નથી, તો પછી શી ખામીજ આવશેજ!

ચંપકસેન—આ નવા દરેક રાજાનો ધર્મ છે કે હમેશાં પ્રજાને ખુશીમાં રાખવી. પ્રભુએ આ યુગે આપણને રાજ્યનું પાલન કરવા મોકલ્યા છે. જ્યાં સુધી નિમિત્ત હોય છે ત્યાં સુધી રહેવાના આખર તેની હજુરમાં જવાબ દેવા જવાનું છે. તો પ્રજાને દુઃખી કરી તેના અતલત નિસાસા ગ્રહણ કરવા એટલુંજ નહિ પણ વિભુના ગુન્હેગાર થવું અને રઉરવનરકમાં કેટાનકોટી વર્ષ સુધી રહેવું તે કરતાં આ ક્ષણિક સંસારમાં વિજયવંત થઈ પ્રજાને પુત્ર માફક ગણી ઇશ્વરને ખુશી રાખવા એ કેટલે દરજ્જે ઉચત છે.

સમળસિંહ મહારાજા આપનો અમુલ્ય વિચાર યથાર્થ છે અને તે પ્રમાણે આપ દરેક પ્રસંગે પગલું ભરો છો તો માળવામાં દુઃખ શેનુંજ હોય ?

ચંપકસેન—હું પણ પ્રજા ખુશી તો ખુસી ને દુખી તો દુખી (ભરતુહરી-વિક્રમ પ્રતિ) મારા પ્રિય કુમારો તમોએ આજ સુધી વિદ્યા અભ્યાસ સંસારિક તથા રાજનીતિના કર્યો, તેની પરીક્ષા માટે આજ તમોને બોલાવવા પડયા છે. તો રાજકુમારોને કેવી રીતે વર્તવું તે યથાર્થ ટુંક રીતિમાં કહી બતાવશો.

ભરતુહરી–વિક્રમ–એ છે જોયાં જેવાંરે–એ રાહ.

શ્રવણ કરી પિતા પ્યારારે શ્રવણ કરો પિતા પ્યારારે.
પિતા પ્યારા, નિતિના ધારા, શીખ્યા છે સારારે. શ્રવણ.
મનુસમૃતિ, નિતિમાં પ્રીતિ, રાખીને કરવું રાજ;
રાજની રક્ષા પાળવી પ્રજા, સહસા ન કરવું કાજ. શ્રવણ
ધનુષ્ય ધારી દુશ્મન મારી ગૌબ્રાહ્મણ રક્ષાય;
રણે અગ્ર રહે પિતાજી કરવો ન અન્યાય. શ્રવણ
પુત્ર પ્રમાણે રાજાને જાણે, રાજાની એ છે રીતે;
પ્રજાને પાળો દયા તો ધારો, રાખવું શુદ્ધ ચિતે. શ્રવણ
વ્હારે ચડવા રણમાં પડવા, ધરવો ન પાછો પાય;
કોઇ પ્રકારનો રાજ્યની માંહે, જુલમ ના વરતાય. શ્રવણ.
પિતાં માતાની, વડ ભ્રાતાના, આજ્ઞા ધારી શાશ;
પ્રભુ તણી સેવા તો કરવા, બીજા ગણીને નાશ શ્રવણ.
બળવાખોરો, પાકાજ ચોરો, શિક્ષા લાયક સાર;
નિતિ ધરમમાં પ્રીત તો રાખો, સમરવા કિરતાર. શ્રવણ.

ચંપકસેન—મારા પ્રિય કુમારો તમારી આવી મીઠી મધુરી અને હરિફાઇવાળી વાણી સાંભળી અત્યાનંદ પ્રાપ્ત થાય છે પ્રધાનજી

ધન્ય છે વિશ્વમાં શાસ્ત્રીને, કે જેના હાથ નીચે આવા ઉંચા પ્રકારની બાળકો કેળવણી પામે છે. તેઓ શાસ્ત્રીને લક્ષ રૂપીઆનો સિરપાવ કરી તેમની વૃદ્ધવસ્થા થઇ છે, તો વર્ષાસનનો ઠરાવ બાંધી આપે તેવો હુકમ નાણાં પ્રકરણીના અધિકારી તરફ ફરમાવશો પણ સબળસિંહ, આજે મારા ચિતમાં સ્વાભાવિક પ્રેરણા ઉત્પન્ન થઇ છે. તે એજ કે મારી ઉમર વૃદ્ધાવસ્થાને પામી ચુકી છે દરેક રાજાનો ધરમ છે કે પોતાની ઉમર બરાબર થઇ હોય ને પાછળ ગાદી ચલાવનાર યોગ્ય હોયતો યોગ્યશ્રમ ગ્રહણ કરવો મને ઇશ્વર કૃપાથી તેવો અમુલ્ય વખત મળી રહયો છે તો તેમાં તમારો શું મત પહોંચેછે.

સબળસિંહ–મહારાજા ઘણોજ અમુલ્ય વિચાર મારે પણ ઘણાં દિવસથી વાનપ્રસ્થ જવા ચિંતવન થયા કરે છે.

ચંપકસેન–એમ હોય તો ઘણીજ ખુશાલી! આપના પુત્ર સુર્યસિંહ પ્રધાનપણાને યોગ્ય છે તો તમારી જગોએ તેને બહાલ રાખશું વળી ખરૂં મનુષ્ય સાર્થક તેમાંજ સમાએલું છે આ ક્ષણ ભંગુર દેહનો જરા માત્ર પણ ભરૂસો નથી. તો તાકીદથી વિશ્વકર્મા પંડીતનો અનુમત લઇ નાંકળી પડીએ. ચોપદાર શાસ્ત્રીજીને બોલાવો.

ચોપદાર–જેવી મહારાજાની આજ્ઞા; (હુકમ મુજબ હાજરકરેછે)

ત્રોટક.

જય પામો સદા જગમાં નૃપની, તુજ તેજ કળાતો રહે વધતી. જય.
નિશદીન ધર્મ થકી રાજ્ય કરો, પરમારથ વૃત્તિ સદા વિચારો. જય.
ધર્મ રાજ તારૂં તો અખંડ રહે, નવખંડમાં જસ તો પુરો લહે. જય.
શત શર્દઋતુ રહો રાય તમે, મોટા મહીપત તુજને પાય નમે. જય.
અરિદળ રહોને વિમુખ અતિ, તુજ રાજ કળા ચડતી ચડતી. જય.
અગંડનામના જગતમાંતારીરહે, પ્રજાસુખપામી બહુઆશિષ દે. જય.

ચંપકસેન—(બે હાથ જોડી) મહારાજ આપની આશીશ ફળો બિરાજો સિંહાસન પર.

વિશ્વકર્મા–રાજેંદ્ર તારૂં કલ્યાણ થાઓ, નૃપતિશ્વર મારી વૃદ્ધ ઉમર થઇ માટે સંન્યાસ ગ્રહણ કરવા વિચાર ધારૂંછું વિદ્યાલયમાં મારાથી હવે માથાકુટ થતી નથી તેમ અહિં પણ અવાતું નથી. માટે

ચંપકસેન - આપનાં પધારવા પહેલાંજ મેં તે બાબત મુકરર કરી રાખ્યો છે. આપના પુત્ર શશીશર્માને આપની જગોએ કાયમ ખાતે રાખવામાં આવે છે, પરંતુ મહારાજ શ્રી ઇશ્વરી ગતિ અતિ ગહન છે. આપને વાનપ્રસ્થનો વિચાર થયો તેમ મારે પણ થયો

અને પ્રધાનજીને પણ થયો. હવે આપની શી સંમતિ છે.

વિશ્વકર્મા—રાજેંદ્ર તારો વિચાર અમુલ્ય છે. પાટવી કુમારશ્રીની ઉમર યોગ્ય થઇ છે રાજ્યની લગામ સુપ્રત કરવામાં જરા પણ અડચણ નથી આગળ ઉપર જતાં તેથી પણ અતિશે રાજને સારી પાયરીએ ચડાવશે એમાં જરા સદેહ ધરીશ નહી. વિકરમની તો તારીફ શી જ કરવી ? તેની છેક લઘુવયમાં આવી અત્યંત સુશીલતા અને શુરવીરતા જોઇ અનુમાન ધારૂંછું કે આગળ ઉપર જતાં મોટા નામાંકિત થઇ શક પ્રવરતાવશે. અને પરદુઃખભંજનના નામથી ઓળખાશે એમ તેનાં રાજ્ય ચિન્હો કહી આપે છે એમ સિદ્ધતાથી કહું છુ

ચંપકસેન—આપના વચન સિદ્ધિ થશે હવે યોગ્ય શ્રમમાં ય સંમતિ આપો છો ?

વિશ્વકર્મા—(જરા વિચારમાં પડી) આજથી આઠ દીવસ ઉપર રાજ્યાભિષેક પાટવી કુમારને કરવાનું શુભમહુર્ત આવે છે. પ્રધાન વિગેરેની ફેરબદલી પણ તે તે વ્હાડેજ કરવી એમ શાસ્ત્રનુંસાર સારો મત પહોચે છે.

ચંપકસેન—મહારાજા આપના મતથી વિરૂદ્ધ ચાલવા ખુશી નથી. આઠ દીવસે આપની આજ્ઞા મુજબ કરશું છ વાગવાનો સુમાર થઇ ગયો છે મહાકાળેશ્વર દર્શને જવુ છે તો કચેરી બરખારત કરો.

ચોપદાર—જેવી મહારાજાની આજ્ઞા.

જયજય છત્રપતિ બાણુલક્ષ માળવપતિ મહારાજાધિરાજ ચંપકસેનને ઘણી ખમા, કચેરી બરખારત નિગા રખો મહેરબાન.

પ્રવેશ બીજો.

પીંગળ દેશમાં પિંગળાનો મેહેલ.

કપટકળા—બાઇ સાહેબ સ્વયંવર મંડપની ધામધુમ થઇ ચુકી છે વિદેશી રાજકુમારો પિતાશ્રીના આમંત્રણથી આવી ગયા છે તો થોડા દિવસમાં સાસરા તરફ વિદાય થશો,પણ મને સાથે તેડી જશો કે કેમ.

પીંગળા—દાસી એ ધામધુમ મને જરા પણ પસંદ પડતી નથી એવી રચના કોના માટે કામની છે કે જેને મન માનિતા પુરૂષ સાથે સંગ ના થયો હોય તેને.

કપટકળા—પણ બાઇ સાહેબ બિચારા અશ્વપાળના તો ભુંડા હાલ થયા ના ? તમે તો તરછોડી ચાલ્યાં જશો પણ એ બીચારાની શી હાલત ? પ્રીતિ જાળમાં ફસાવ્યો પણ તમે, એને તરછોડશો પણ તમે

પીંગળા—દાસી એ શું બોલી? કે પ્રથમ યાર ને પછી હું! તેના વિના ક્ષણભર પણ નહી રહી શકવાની, યાર વિના મારી દેહ સરખત છે. કારણ મારો પ્રાણ તેના પાસેજ રહે છે.

કપટકળા—બાઇસાહેબ મોઢાના તડકા શીદ મારોછો? જ્યાં સુધી દેશાવરી રાજકુમારો જોયા નથી, ત્યાં સુધી મદનપાળનું સ્મરણ કરો છો. પણ પછી તો સ્વપ્નામાં પણ યાદ કરશો નહી.

પીંગળા—દાસી તુ મને વારંવાર શા માટે ચીડવે છે? એક વખત તો કહી ચુકાછું, હું જ્યાં ત્યાં મારો યાર સમજ, તેના વિના ડગલું પણ ભરવાની નથી

કપટ—બાઇ સાહેબ એમ સમજો તો ઘણું સારૂં યારીની ખરી રીત તો એવીજ ગણાય બા સ્વરૂપમાં તો બસ છે કેમ?

પીંગળા—દાસી ત્યારે આપણે તેનું બીજુ શું કામ કે? મુળ પ્રયોજન કામદેવનાથી મુક્ત થવું તે કામશાસ્ત્ર માંહે તો પરીપુર્ણ કુશળ એટલે આપણે તો બસ છે.

પીંગળા—તારા તો અવિચાર આળસ્વાજ નહી તને તેડી નહી જાઉં ત્યારે શું અહીં મુકની જઇશ! એમ થતાં યારને ભેટો શી રીતે થાય તો તેનો વિચાર કર? પણ હવે તે બાબત જવા દઇ યારને તેડી લાવે તો સારૂ અત્યારે અતીશે કામગ્નિ પ્રજળિત થયો છે.

કપટ—બાઇ વધુ બોલાય તો માફ કરજો પણ કુમારક સ્થિતિમાં વિષય વિશે અતિશે પરિચય નાખો છો! તેથી હરકતો નહી આવે? ના? કરી તો મેં દીધું પણ અમસ્તી ડાહી થઉછું બા.

પીંગળા—પણ હરકત શેની આવવાની હતી? ગર્ભ ના રહે એવી ઔષધી તો કરાવી લીધા છે ફક્ત સ્વરૂપના ફેર પડે તેજ ના તેની શી અડચણ છે? રહીએ છીએ ઓઝલમાં તો કોણ કળી શકનાર છે? કળાય તોપણ શું? કોનો ભાર છે કે મારૂં નામ દઇ શકે? અને દેતો પછી જડ મુળ રહે પણ શાનું માટે તે બાબતમાં તો નચિંત રહે પણ હવે ઢીલ નહિ કરતાં તાકીદે બોલાવી લાવ, કારણ અતિશે પ્રજલિત થયેલો દાહ અમસ્તો શાન્ત થશે નહિ.

કપટકળા—(હવે ત્યારે આ ચાલી) (દાસી ગયા બાદ)

પીંગળા— દુખી તેની વફાદારી.

યાર વિના તો દિલ અકળાયે, દુઃખ ચિત અતિશે થાયે;
અશ્વપાળ વગર આ વાર, ઘડી ના જનાર, બનુછું બેજાર,
કરૂં શું હાયે, દુઃખ ચિત અતિશે થાયે.

ઘડી કલ્પ સમ જિત જાય, ના રહેવાય, સુજે નવ કાય;
પ્રકટે છે લાયે, દુઃખ ચિત અતિશે થાયે.
કામ કટારી વાગી છે અંગ, વાધે ન ઉમંગ, યારની સંગ;
મળું હું કયાંહે. દુઃખ ચિત અતિશે થાયે,

અરે મને ગમે તેવા રાજકુમારો મળશે, પણ અશ્વપાળની તુલ્ય કદી આવનાર નથી. ગમે તેમ થાય તોપણ પ્રથમ યારને પછી હું. સ્ત્રી ચરિત્રો મને તુરત આવડે છે થનાર પ્રાણપતિને વશ કર્યો એટલે બસ પિતાજીને મારી ઉપર વહેમ આવવાથી ચોકી પહેર નો બંદોબસ્ત બહુ થઇ ગયો; નહિ તો કયારની યારને લઇ રસ્તે પડી હોત પણ હવે તે પ્રયત્ન મિથ્યા છે. માટે હમણાં તો ચાલે તેમ ચાલવા દેવું. વળી આગળ ઉપર બને તે ખરૂં.

(દાસી અશ્વપાળ સહિત હાજર થાય છે.)

પિંગળા—પધારીએ અશ્વપાળજી.

મદનપાળ—ધુસ્સામાં હવે પધારીને શું કરવું હતું.

પિંગળા એમ યાર શાને માટે બોલો છો ? એવું શું બન્યું છે.

મદનપાળ—મારા બેટાની નટખટતો ભારે છે. થવાનું હતું તે તો થઇ ગયું વળી પુછે છે કે એવું શું કારણ જાણે હું તો કાંઇ સમજતોજ નથી કેમ ?

પિંગળા—યાર વાતતો કરો, અમસ્તો શીદ ગુસ્સો ચડાવો છો? મેં આપને કંઈ કટુ વચન તો કહ્યું નથી અને કહું પણ કેમ ? પ્રતિજ્ઞા પુર્વક ઇશ્વર સમક્ષ નિશદીન આપનુજ સ્મરણ કરૂં છું મારૂં તન મન ધન એ આપનેજ સમજુ છું છતાં ક્રોધ કરવા શું પ્રસંગ મળ્યો ?

મદનપાળ-બસબસ રાંડનો વિશ્વાસજ શ્યો ? દુષ્ટા તેં મને કેવો કપટજાળમાં ફસાવ્યો છે ?

પીંગળા-પણ પ્યારા કારણ નો કહો હજુ સુધી તો કાંઇ ગુન્હો કર્યો નથી હુતો આપની રંક કિંકરી છું કદાપી કાંઇ અપરાધ થઇ ગયો હોય તો આપને હું ક્ષમાપાત્ર છું તો માફ કરશો એમ આશાછે.

મદનપાળ-ચાલચાલ શું લવારી કરે છે? હું કાંઈ નથી સમજતો? તારી યારી મારે શું કામની છે? રાંડનો વિશ્વાસ શ્યો?

પીંગળા-દાસીને આ માટે એકદમ તરછોડી નાખોછો? કૃપાનાથ હું તો તમારા ચર્ણની રજ છું તમારા પવિત્ર પગમાં શીર મુકી કહુંછું કે મેં કાંઇપણ ગુન્હો કર્યો નથી. છતાં કર્યો હોય તો આપ કહી બતાવો.

મદનપાળ—છટ છટ દુરાચારિણી દુર રહે, વારંવાર શું બકયા કરે છે? કાંઇ તું નથી સમજતી કે શું ગુન્હો કર્યા કરે છે.

પીંગળા—તમારી સોગન મને જો કાંઇ પણ ખબર હોય તો.

મદનપાળ—રાંડ લુચ્ચી મારા સોગન શા માટે ખાય છે? ત્યારે બીજું કોઇ નથી કે શું મને નામર્દ ગણી મારો પ્રાણ લેવાજ ચાહે છે તેનુ ફળ તો તને પુરેપુરૂં ચખાડવું જોઇએ કે ફરીને સોગન કદી પણ ખાય નહિ. લે ત્યારે લેતી જા (બે ત્રણ કોરડા મારતાં પીગળા રાડ પાડે છે) સાળી હવે શું બગાડા પોકારે છે પ્રથમથી નહોતી જાણતી કે આના કે તે સોગન શા માટે ખાઉં.

પીંગળા ધ્રુજતાં ધ્રુજતાં—પ્રાણનાથ મેં આપનો કંઇપણ ગુન્હો કર્યો નથી આપના સોગન ખાધા તે મારી ભુલ થઇ છે. પણ શું તમે મને ઓછા વહાલા છો? અમસ્થા તો નહી ખાધા હોય? સાચું ના બોલો તો મારા સોગન છે, કે શું બીના બની છે, શું આપને કોઇએ ભરમાવ્યા તો નથી ના?

મદન—બીમો પડી મારા સોગન તને કાંઇ ખબર નથી કે શું?

પીંગળા—વળી ક્યાં આગ લાગ્યા છે કે તમારા સોગન ખાઉ? સાચે સાચું કહું છું કે મને જરા પણ ખબર નથી.

મદન—ત્યારે તારા બાપુએ મંડપ શા માટે સમરાવ્યો છે? અને સર્વે ઠેકાણેથી રાજકુમારોને શા માટે તેડાવ્યા છે? મને તો એવી ખબર મળી છે, કે એ કે નિશાન તોડનારની સાથ તને પરણાવવી.

પીંગળા—અરે એ બાબત અત્યારસુધી કુટાણી હું ક્યાં નહોતી જાણતી પણ તેથી શું થવાનું? પરણવું અગર ન પરણવુ તે તો મારા હાથમાં ના?

મદન—તારા હાથમાં શેનું? શું તારા બાપનો હુકમ તારાથી તોડાય તેમ છે?

પીંગળા—તોડાય ન તોડાય તેતો ઠીક પણ ખાત્રીથી સમજજો કે તમને જરા પણ અલગ નહી કરૂં.

મદન—ત્યારે તો ઠીક, પણ રાંડનો શો વિશ્વાસ?

પીંગળા—શું તમને પણ મારો વિશ્વાસ આવતો નથી? તમારા સોગન ખાઇ કહું છું કે તમને જુદા નહીં પાડું, ભુલી યાર માફ કરજો. તમારા નહી પણ મારા સોગન સમજજો.

મદન—સાચું અગર જુઠું એતો પરમેશ્વર જાણે બીજી રાંડોનો તો વિશ્વાસ આવતો નથી પણ તારો તો આવે છે. ઠીક દારૂના શીશા મંગાવો.

પીંગળા—ઉંચા પ્રકારનો દારૂ હાજર કર.

(દાસી લાવી હાજર કરે છે)

મદન—પ્યાલામાં ભરી-લે પ્યારી પ્રથમ તું પ્રાસન કર.

પીંગળા—નહિં યાર મને તે બાબત વિશે આગ્રહ કરશોજ નહિ, ગયા ત્રણ દીવસ ઉપર આપના અતીસે આગ્રહથી મદ્યપાન કર્યું હતું પણ બહુ અકળામણ પામી હતી માટે આ વખત જવા દયો.

મદન—ત્યારે થયું આપણેપણકાંઇ જરૂરનથીદયો શીશાને ઠેકાણે મુકો.

પીંગળા—યાર રીસ શાને ચડાવો તો તમારી આજ્ઞા નહિ ઉથાપું.

મદન—યારીની પરિક્ષા કરતી હશે કેમ? સંસારમાં બીજું શું લઇ જવાનું છે ખાવું પીવું ને મોજમજા કરવી બીજું કાંઇ પણ, લે બીજી પ્યાલી.

પીંગળા—યાર એક વખત તમે તો પીઓ.

(ખેંચ તાણ કરતાં અરસપરસ ખુબ પીએ છે.)

મદન—અહા કેવી સરસ લેજત આવે છે ગાયન શરૂ કરો જેથી વધારે આનંદ વૃદ્ધિ થાય.

પીંગળા—જેવો પ્યારાનો હુકમ.

બાજે બાજે બાજેરે બગલનં ઘુઘરતો બાજે એ રાહ.

ધારં ધારૂ ધારૂરે આજે હર્ષ અતિશે ધારં;
આપવિના ક્ષણ વિરહ દુઃખ તો દિલ અતિ દમનારૂં. આજે.
સંસાર માંહે આપ થકી હું, કરૂં કશું નવ ન્યારૂ રે. આજે.
પ્રીતિ જોડી મેં પ્યારા તમારી, આજ્ઞા સદા તો ઉપાડુરે. આજે.
પ્યારા પતિ હું આનંદ સાથે, પ્રીતિનું મુખ તો માણુંરે આજે.

મદન—પ્યારી તારા કોકિલ સરખા મધુર કંઠનું રસિક ગાયન સાંભળી અત્યંત ખુશાલી થાય છે તને ફટકા માર્યા તેની તારી પાસે ક્ષમા માગુ છું પ્રિયા જરા પણ ક્રોધ રાખે તો મારા સોગન છે.

પીંગળા—યાર એ શું બોલ્યા આ દેહ તમારીજ છે મને રીસ તમારી તરફથી કદી ચડતીજ નથી, લ્યો હવે એક તમે ગાયન કરો.

મદન—હરખ કરો કયાં જાઉ,કમરાં થાહે મારી વઉ એ રાહ.

મારાં લલાટ ખીલ્યાં જાણું, પ્રીયા તમારી સાથે માણું;
ભયભુતમાં જરા ન જાણું, ક્યાં તારી દિલદાર;
ખુશ ખુશાલી કરીએ ભારી, તારો છે બહુ પ્યાર. મારાં.
કામ ક્રીડા તો કરીએ ભારી, છો મારી દીલ જાન;
પ્રેમાપ્રિયા બહુ દીલમાં પ્રગટે, તું મારા છો પ્રાણ. મારાં.

દહાડા માંહે ત્રણ વખત તો, આવીશ તારી પાસ;
પરવા કોઇની ખારં ન દીલમાં, ફકત તારી છે આશ. મારો.
પ્રાણ હમારા દીલ હમારા, હરણ કીધા છે યાર;
તારાં દર્શન જ્યારે થાવે, ખુશીનો નવ પાર. મારો.

પીંગળા—વાહ તમે પણ સારૂં ગાયન કરી જાણો.હાને શું વખત ઘણો વહી ગયો છે માટે ચાલો રંગમહેલમાં.

મદન—ચાલો યાર. (સહુ નીકળી જાય છે.)

પ્રવેશ ત્રીજો.

પિંગળાનો સ્વયંવર મંડપ.

સ્ત્રીમંડળ—ચાલો હરીએ ફરીએ સૈયર માંડવેરે એ રાહ.

શુભ સ્વયવર રચ્યો બહુ શોભીતોરે,
ઇંદ્રપુરી થકી શોભા છે અપાર;
રૂડો મંડપ છે અતી રળિઆમણો,
એની ઓચ્છવનો દિન અનુપ છેરે, હર્ષ તણો હૈયે રહ્યો નથી પાર;
રૂડો મંડપ છે અતિ રળિઆમણોરે,
જગમગ તો જળકી રહ્યાં જડીત્ર કાચ બિલોર;
જમરૂખ રૂડાં ઝુલતાં, કરે છે ઝાકમઝોળ,
નકસી પહાડનો જડેલો રૂડોચોક છેરે,જડી દીધા માંહે નિલમણી નંગ
રૂડો મંડપ છે અતિ રળિઆમણોરે,
ચિત્રામણનાં ચિત્ર તો, આપે અતિ ચળકાટ;
શોભત સોના સાંકળે, ખટક રહી છે ખાટ,
માણેક મોતી મુકેલાંસુંદર સ્થંભછેરે,જાત જાતનાં ભરીદીધાંછે રંગ,રૂડો
મયુરાસનો મુકીયાં, હારોહાર આ વાર;
દેશ વિદેશી રાજવી, આવશે આણે ઠાર,
પુર્ણભાગી હશે પામે તે કુમારીકારે,રૂપ રૂપતણો જેહ છે ભંડાર રૂડો.
જડીત્ર શુભ જરીઅન જડયાં,સ્વર્ગપુરી સમ તુલ્ય;
વર્ણન થાય ન વાતમાં, કર્યું છે કામ અમુલ્ય,
વ્રક્ષ રોપો અતિસે માંડવે રોપીઆરે,બહેકે સુંદર સુગંધી છટાદાર.રૂડો
આપણ અંગ ઉપર ધર્યો, શોભિત સૌ શણગાર;
મણી રત્ન માળા થકી, કંઠ ભર્યો છે આ વાર;
ઝણઝણ ઝાંઝરનો ઝમકારો થાયછેરે. પ્રેમે પ્રગટે અતી ઉછરંગ.રૂડો.

(ગયા બાદ)

પ્રવેશ ૪ થો.

ચોપદાર—આસ્તેકદમ મુલાકાતસે કદમ આજુસેં બાજુસેં નીગા રખી એ મહેરબાન મહારાજાધિરાજ પિંગળસેન મહારાજાને ઘણી ખમા.

પીંગળસેન—પ્રધાન સર્વ સાહિત્યો તૈયાર છે કેમ ?

મુર્ખમતિ (તપાસ્યા વગર) મહારાજા સર્વ સામગ્રી તૈયાર છે તેમ તમામ દેશાવરના રાજ્યકુમારો આવી ગયા છે.

પીંગળસેન—પ્રધાનજી તમે બરાબર તપાસ કરજો કોઇ પણ પાછળ રહી જાય નહિ તો વિમાસવું પડેશે.

મુર્ખદત-મહારાજાકોઇ રહ્યું નથી બારોટનેહુકમ ફરમાવો તેટલીવારછે

પીંગલસેન-બારોટઆપણે ધારેલાવિચારસર્વ પ્રતિસંતાવાળી આપો.

બારોટ—જેવો મહારાજનો હુકમ.

છંદ હરિગીત.

પ્રીતિ થકી નીતિ થકી અમ અલ્પ સ્તુતિ ધારજો,
મમરાયની વિનતિ તે ઉર ધરી સ્વીકારજો;
મમભુપે કીધી પ્રતિજ્ઞા મન સાથે તો નિશ્ચય કરી.
મચ્છવેધનું નિશાન તોડે વરાવું તેને કુંવરી.
ચકર ચકર સુવર્ણનું મચ્છ ફરે છે વેગથી.
નીચે જલાલય કુંડમાંહે પાડો તેને ટેકથી.
સર્વ રાજપુત્રો ક્ષત્રી સુતો હામ તો હૈયે ધરી,
મચ્છ તણો તો વધ કરીને પરણો પ્રિતે કુંવરી

(ઘણાખરા રાજ્ય કુમારો નિષ્ફળીત થયા ને ઘણાખરા તો શરમના માર્યા છાનામાના બેસીજ રહ્યા તેથી)

પીંગલસેન—નહિ બનાવ આતનહાર એ રાહ.

નવ મળે (૨) ક્ષત્રી તો કયાંહી, સહુ વિર્ય ગયા બદલાઇ,
જાઓ જાઓ તમે શરમાઇ, બહુ વિર્ય ગયા બદલાઇ.
ક્ષત્રી બચ્ચો નવ રહ્યો, માતાએ ભાર તો વહ્યો,
સુર્ય ચંદ્ર વંશ તો ગયો, અરે ધિક્કાર, ક્ષત્રી કુમાર લાજ લગાર.
ધરો ચિત્તમાં તો સહુ, વિર્ય ગયાં બદલાઇ. નવ મળે.
ક્ષત્રી જાતી પટરાણી, નામર્દ ખરે તો જણાણી;
મમ બાળા રહેશે કુમારી, અરે ધિક ધિક, ધરો કંઇ શીખ,
ક્ષત્રીની રીત, લાવો દિલ માંહે, સહુ વિર્ય ગયા બદલાઇ—નવ મળે.
ક્ષત્રીનાં નામજ ટાળો, બંગડીનું નામ ધરાવો,
દાઢી મુછો કતરાવો, મહારી આશ, થઇ નિરાશ,

ક્ષત્રીનો નાશ, ખરે તો કુળ્યાયો, સ્ત્રિયં ગયા બદલાઇ—નત્ર મળે.

(ભરથરી વિક્રમનો પ્રવેશ થતાં પિંગળસેનનો
ધિક્કાર વિક્રમને કાને પડવાથી.)

વિક્રમ—માર માર પાપી મુજને તું માર એ શહ.

સત કોટી છે રાજા ધિક્કાર (૨) કાંઇ કર વિચાર, શર્મ ધર લગાર;

વચન તણો શું માર, ક્ષત્રિ નહિ શું ધાર;

માર તને હું ઠાર, માળવ પરમાર સાંખે શું ગાળ—સતકોટી.

માળવ દેશ છે મહારાજન, તેનો વિચાર કર તું મન,

કદી સાંખે નહિ ક્ષત્રી તન,

એમ ભાંખે શું ગાળ, ધરા જશે રસાતાળ;

શેષા ડોલી જનાર, દીનકર ઉંધો થાનાર;

શશી તપી જનાર, તુટે વિધિ કરાર;

સુર્ય પૃથ્વી તો અડી જનાર. સત્કોટી.

અરે દુષ્ટ રાજા તું તારા મનમાં જરા પણ વિચાર કર્યા વગર બોલે છે તો કાંઇ પણ શરમ આવતી નથી? તારા કઠોર વચનથી મારા દીલમાં રોમરોમ જવાળા પ્રગટી છે. પણ શું કરું વડીલ ભ્રાતાની આજ્ઞા નથી. નહિ તો:તારા કયારનાએ કોટી કટકા કરી નાંખ્યા હોત પરમાર ગાદીનું તને જરા પણ ભાન રહ્યું નથી, એટલું જ નહી પણ અમારા આવવાં પહેલાં સ્વયંવર શરૂ થાયજ કેમ? અરે ખરેખર તેં માળવગાદીની શરમ તોડી છે. પણ લાચારીથી મારા હાથ અટકાવું છું નહિ તો ફળ ચખાડત.

પીંગળસેન—(સ્વગત) અરે હું કેવો મુરખ? માળવગાદી સરવથી સર્વોત્તમ તેનેજમેં વિસારી મુકી, મુર્ખદત્ત પ્રધાનના કહેવા ઉપર આધાર રાખી લાંબી નજરથી નીહાળ્યું નહિ, તેણે તો પોતાના નામના ગુણ જણાવી દીધા, પણ ક્રોધિત બનેલ પરમારોને ઠંડા તો પાડું (પ્રગટ) મારા મુગટમણી કુમારો મારામાં તેં ખરેખરી ભુલ આવી છે. હું તમારો ગુન્હેગાર થઇ ચુક્યો છું હવે તમારી ખુશામાં આવે તેમ શિક્ષા કરો, તમારા શરણુમાં શીશ મુકું છું.

ભર્તુહરી—મહારાજ શ્રી પિંગળસેનજી આટલી બધી ઉપમાને હું લાયક નથી આપ મોટા છો તો મારે પુજ્ય ઠેકાણે ગણાઓ છો. તેને બદલે મારા શરણુમાં શીર મુકો છો? તે વ્યાજબી ગણાય નહિ, અને ભુલ છે તે માણસને માટેજ કોઇ પણ પ્રકારથી એછું લગાડો તો મારા સમ છે વિક્રમ હજુ બાળક છે તેના બોલવા સામે

જરા પણ ધ્યાન આપશો નહિ

પીંગળસેન-(સજળ નેત્રે) માળવપતિ મહારાજા હું તમારી પાસે એક અણુ માત્ર છું, હું મુર્ખ અંધ અવિચારી જેટલો પશ્ચાતાપ કરૂં તેટલો થોડો છે, ઇશ્વર કૃપાથી મારી આજ્ઞા કોઇ તોડી શક્યું નહિ, કદાપી તેમ બન્યું હોતતો મારી રત્નકુમારિકા કાચડમાં તણાઇ જાત.

ભર્તુહરી—થવાનું હતું તે થઇ રહ્યું મહારાજા; નિશાન કેવી રીતે તોડવાનું છે ?

પીંગળા—મહારાજા સુવર્ણનો મચ્છ ચકર ચકર ફરે છે તેને તોડી નીચે જળાશયમાં નાંખવાનો છે.

ભર્તુહરી—અહો એમાં શી મોટી વીસાત છે ! (શંકરનું સ્મરણ કરી એક બાણે મચ્છવેધ કરતાં જયજયકારનાં ધ્વની સાથે પીંગળા વરમાળા આરોપવા શણગાર સજી હાજર થઇ).

પીંગળા-પ્યારા પ્રાણનાથ, માતપિતા સહકુટુંબ સહોદર સમીપ તેમની આજ્ઞાથી આપના સુકોમળ કંઠની વીશે માળા આરોપી શુદ્ધ પ્રિતની અવિચળ ગાંઠમાં સદા પ્રેમવૃદ્ધિ થતી રહે એવી અહોનિશ આપની દીન કિંકરી આશા રાખે છે.

ભર્તુહરી-પ્રિયા તમારા તથા મારા પ્રેમમાં ઇશ્વર સદા સહાયકારી રહે એવી મારી પણ અહોનિશ માગણી છે (ચાર મંગળ વર્તાયા બાદ)

સર્વ મંડળી-આ કામરતીનું જોડું પરમકૃપાળુ અવિચળ રાખે એવી સહુની આશીષ છે.

પ્રવેશ ૫ મો.

પિંગળાનો પિયરમાં મહેલ.

કપટકળા—બાઇ પ્રથમ તો બહુ ફડાકા મારતા ! પણ હું કહેતી નહી કે જ્યારે રાજ્યકુમારની પ્રાપ્તી થશે ત્યારે બિચારો મહીપાળ તો ક્યાંઇ પડયો રહેવાનો.

પીંગળા-દાસી તું તો ખરેખર મુરખ જણાય છે ? હું પણ પિંગળસેન જેવા ખાનદાન મહારાજાનું છોરૂં છું. જ્યારે વચનથી ફરીએ ત્યારે તો પછી થઇ રહ્યું ના ? ઉંડું તપાસતા થયું છે તો ઘણું અવળું, પણ હવે તો લાગી તે લાગી. કદી છુટવાનીજ નહી, માળવ ગાદી પાસે તે બીચારો શા હીસાબમાં છે, પણ થયું તે ખરૂં જ્યારે હૃદય તેની સાથે બંધાણો, ત્યારે તે પ્રિતિમાં ફસાણી કોઇને પડતો મુકતાં તે અપ્રતીત જણાય, તેના ગુણ તરફ તો નજર કરતાં અતિશે વિકાર વધુરે છે. વગર વાંકે ભલો મારો વાંસોને ભલો તેનો ચાબુક

થાય તો ખરૂં પણ તેને છોડવો નહીજ અત્યારે સુધીમાં જે સુખ મળ્યું છે તેનો બદલો આપણે જન્મપર્યંત પણ વાળી શકીએ તેમ નથી ઇશ્વર સઉ સારા વાના કરશે માટે જરા પણ તે બાબત મારા વીશે અણુવિશ્વાસ નહિ આણુ.

કપટકળા—આજથી હેત તો ઘટવા લાગ્યું છે. દીવસે દીવસે એવુંજ થવાનું, જ્યારે વરમાળા આરોપી ત્યારે તો તેમનામાં લીન બની ગયા હતા હું કહેતી નહી કે અશ્વપાળ તો સ્મરણમાં પણ નહિ રહે.

પીંગળા—એમ બને ખરૂં તે તો હઇયાનો હાર સમજી લે આ ચરિત્રો મને તેંજ શિખવાડેલાં છે તો લગાડવાં કેવી રીતે તેવી તુ પુરતી માહીત છે, યારથી યારી તો રાખવી પણ કયારે રખાય કે જ્યારે માળવપતિને વશ કર્યા હોય, ત્યારે, પરમાર વંશને ઓળખે છે ના? કેવી તેની કરડાઇ છે? જરા વાંકમાં કોટી કટકા કરે તેવા છે.

કપટકળા—બાઇજી તો તેવું પણ વચન અને સાવધપણું બને સાચવજો.

સખી વિરહી જનની પીડ વિરહી જાણે છે—એ રાહ.

પીંગળા—દાસી જારી વજારી રીત દીલમાં તું જાણે છે,
ત્રિયા બંધની માંહે નરક રંગ પ્રમાણે છે;
દાસી બાગ કટાક્ષથી નારી નરને પાડે છે દાસી.
ધનુષ્ય કટાક્ષ બાણથી, યુદ્ધ કરૂં ચકચુર;
પુરૂષનાખું પાસલેદાસી, ત્રિયાબંધની માંહેકોણ ઉગારીઆ છે;
દાસી સ્ત્રીની ચોસઠ કળાય, તેમાં કોણ તરીઆ છે;
દાસી નારીથી નર બંધાય, શાસ્ત્રો ઉચરીયા છે. દાસી.
મોગ શસ્ત્ર ત્રી કટ ધરી, વશ કરૂં ભરથાર,
સુખે દીવસ નીરગમું.
દાસી રમી તેનાથી જાર આશા પુરૂં મારીરે;
દાસી ચિતે નકી તું ધાર રાખુ પકી યારીરે,
દાસી ત્રિયા સ્ત્રી સાર શકે કો નિવારીરે, દાસી.
માળવપતી મહારાજને નાખું બંધન માંહ,
યારથી જારી રમુ દાસી જે છે હઇયા હાર મુજ મન પ્યાર
દાસી એ છે પ્રાણધાર જુદો નવ થયેરે:
દાસી મદન કેરો માર, જેનાથી નિવાર્યોરે. દાસી.

કપટ—બાઇ આવા વિચાર હરનિશ રાખો તો ઘણું સારૂં.

પીંગળા—ત્યારે શું તેમાં ફેર પડે? બે દીવસ થયા યારને મળાયું નથી તેથી મારૂં ચિત ત્યાં ચોંટી રહ્યું છે તેને પણ તેવીજ રીતે

વિરહ દુઃખ સાલતું હશે માટે તું તેને તેડી લાવે તો સારૂં જેથી બંનેની અગ્નિ શાન્ત પામે.

કપટ—પણ બાઈ માળવપતિને આવવા અર્ધાં કલાકની વાર છે માટે વીચાર છોડી દયો તો ઠીક.

પીંગળા—પણ તેથી શું થયું? શું મારામાં ચાલાકી ઓછી સમજે છે જ્યારે અહીં મારા બાપના રાજ્યમાં આવો ભય રાખે છે ત્યારે ત્યાં આવીને તું શું કરવાની હતી?

કપટ—ભય તો રાખવો જોઇએ ના? જે પ્રસંગની શરૂઆતી કરવી તેનો આગમચથી વીચાર કરવો, કે પાછળથી પસ્તાવું ના પડે, પરમારની કરડાઇ તો સારી રીતે સમજો છો ના?

પિંગળા—દાસી ગમે તેવા કરડા પણ ગુલામ માફક બન્યા છે ના જોજે હવે ઢીલ નહિ કરતાં તાકીદથી તેડી લાવ.

કપટ—પણ મહારાજાની સ્વારી તો હમણાં આવી પહોંચશે?

પિંગળા—પણ તેથી, થયું શું તેનાથી પ્રગટેલો અગ્નિદાહ શું શાંતિ પામવાનો હતો? કદીજ નહિ. એતો જ્યાં જીવ બંધાણો છે ત્યાંજ શાંતિ વળવાની; વળી તે રીસે ભરાણો હશે માટે ઉંચા પ્રકારના મદ્યની લાલચથી તેડી લાવજે, હવે સત્વર વિદાય થા.

કપટ—લ્યો આ ચાલી

પ્રવેશ ૬ ઠો.

અશ્વશાળા.

મદન—સાળી રાંડોનો શો વિશ્વાસ? પ્રથમતો કહેતી હતી કે તમને જરાએ ખબર એની તરફથી મળી નથી, એની સાથે દોસ્તી કરવામાં કાંઇપણ સાર નથી. "નાદાનકી દોસ્તી ઓર જીવકા જાન" એ કહેવત સાચી છે એ રાંડ તો પુરેપુરી લુચ્ચી પણ માળવાના રજપુત રાજા જેવા તેવા કરડા નથી, તેની દોસ્તીમાંથી કોઇ દીવસ નક્કી આપણું મોતજ આવવાનું, માટે તેની યારી રાખી જોખમમાં શા માટે પડવું જોઇએ. પિંગળસેન જેવા મહારાજા પણ એની પાસે બકરી જેવા થઇ ગયા તો આપણી શી તાકાદ, બીજો કાંઇ પણ લાંબો વિચાર ન કરવો, પરમેશ્વરની કૃપાદ્રષ્ટીથી બીજું જોઇતું હશે તો ક્યાં મળે તેમ નથી માટે તેની યારી તો ખચીત છોડી દેવાજ.

(કપટકળા આવે છે)

કપટ—કેમ અશ્વપાળજી શા વિચારમાં પડયા છો? રીસતો ચડી હશે? પણ નિરઉપાયે તમારો વિયોગ વેઠવો પડયો હવે વખત મળ્યો છે.

માટે તાકીદે પધારો મારાં બાઇસાહેબને જરાપણ ચેન પડતું નથી.

મદન--કરોધાવેશમાં કોરડો મારી, રાંડ લુચ્ચી અહીં શામાટે આવી? તાકાદથી ચાલી જા, શા માટે ઢીલ કરે છે? હું કદી આવવાનો નથી, તારી બાનું જા મારે કામ નથી.

કપટ—અશ્વપાળજી કોરડો શા માટે મારોછો? તમારો ગુન્હો તો થયો; પણ હવે ક્ષમા કરી પધારો. આમ નહી આવો તો મારા બાઇ વિયોગે અતિશય પીડા પામી પ્રાણ ત્યાગ કરશે તો પછી તેમાં સારૂ ફળ નહી નીકળે.

મદન--માઠું પરિણામ આવશે કેમ? તારી બાઇને પાલવે તેમ કરે હું કાંઇ તેનો તાબેદાર નથી. તારી બાઇ મને શું કરવાની છે? એની શું સત્તા છે. એને પણ એક વખત જોઇ લઇશ હું પણ રજપુત બેટો છું મોતનો જરાપણ ડર રાખતો નથી. મારા પરિણામનું ફળ તારી બાઇને તો વખત મળે બતાવવાનો. પણ રંડા મરદના ઝપાટા તું તો જોઇ લે. કેવું પરિણામ આવશે વાત કર.

(ત્રણ ચાર કોરડા મારે છે)

કપટ--(રાડપાડી) અરે તમે મનેવગરવાંકે શીદ મારો છો? (મનમાં) મારા કયાંથી ભોગ લાગ્યા કે આવા નિર્દયની સાથે દોસ્તી બંધાવી ત્રણ ચાર વખત તો માર ખાઈ ચુકી, બાઇને પણ મારે છે હું શા હિસાબમાં (ચાસન) મેં આપને એમ કહ્યું કે મારી બાઇને તમારા વિના જરાવાર ગોઠતું નથી. આપની ઉપર એવી તો પ્રીતિ લાગી ગઇ છે કે જળ વિનાની માછલી તલખે તેમ તલખ્યા કરે છે આપ નહિ પધારો તો પ્રાણત્યાગ કરશે એટલે તે પરિણામ સારૂ નહિ આવે.

મદન—એવો અત્યંત પ્યાર મારી ઉપર છે? ત્યારે તો હું ભુલ્યો, પણ હું ત્યાં તો કદી નહીજ આવવાનો. કારણ માળીવાવાળા જેવા તેવા નથી, એવાની સાથે બાથ ભીડવામાં મારી તાકાદ નથી.

કપટ -એ બાબતનો અગાઉથી બંદોબસ્ત કરી રાખ્યો છે વળી આપના માટે ઉંચા પ્રકારનો શરબત મંગાવ્યો હતો તે પણઆવી ગયો છે.

મદન —ત્યારેતો ઠીક તું પ્રથમ ચાલીજા હું પાછળપાછળચાલ્યોઆવુંછું

કપટ—તાકીદથી આવજો.

પરમાર પતિ હું પત્ર લખું છું આજે હિત ધારી.

પ્રભુ તણી તો કૃપા મારી પર થઇ ચુકી ભારી,
પિંગળા કીધી છે પ્યારી, થઇ છે બહુ તેથી યારી;
જીવજાન દોસ્તી લાગી છે તેની કદી ન તુટનારી. પ્રભુ તણી.

મારીગર બહુ તેનો છે પ્યાર, ઘડી વાર તે જુદી ન થનાર;
સર્વ કાળ ગણે છે મુજને યાર. જરા ના મુકે વિસારી પ્રભુતણી.
ગુમાયો એ દિવસનો વખ્ત, પ્યારનો ઘા લાગ્યો તે સખ્ત;
પ્યારે મળે નવ ગાળવ તખ્ત, ફક્ત મારી છે તે પ્યારી. પ્રભુતણી.

પ્રવેશ ૭ મો.

પિંગળાનો મહલ.

પિંગળા—દાસીને તેડવા ગયા ઘણીવાર થઇ; પરંતુ હજુ સુધી આવી નહિ. રાજાજીને આવવાનો વખત થઇ ગયો છે એ દિવસથી મળાયુ નથી તેથી જીવને જરા પણ ચેન પડતું નથી. કામાગ્નિએ બરાબર છાપો મારા દિલની અંદર લગાવ્યો છે. મદન પિડા મારાથી સહન થતી નથી તેમ યાર વિના પ્રજળિત અગ્નિ શાન્ત પામતો નથી, પ્રભુ જ્યારે મારો આત્મા યારની સાથે સંપુરણ જોડી દીધો ત્યારે વિયોગ શા માટે રખાવે છે.

કયાંથી આ સંભળાય મધુર સ્વર.

પડે ના મુજને ચેન, યારની વિના, પડે ના મુજને ચેન,
મદન પિડે છે દિનરેન, યાર વિના પડે ના મુજને ચેન;
બાવરી બની છુ, અકળાઈ ગઇછું, તલસતા છે મળવા નેન. યારની.
સુખ ઉપચારો સર્વ શણગારો, બની ગયા છે દુ:ખ દેણુ યારની.
યાર મેળવો, દુ:ખ તો ટાળો, પ્રભુ સ્વીકારો મુજ કહેણ. યારની.
ચિત્ત પરોવું, મન તો મોહ્યું, રોઇ લાલ થયાં નેન. યારની.

(કપટકળા આવે છે.)

કપટ—બાઇ સાહેબ તમારા યારના પ્રતાપમાં તો મારાં હાડકાં રંગાઇ ગયાં છે. હવે હું કદી ત્યાં જવાની નથી.

પીંગળા—કેમ નથી જવાની ? શું નોકરી કરે છે કે અહીં અમસ્તી રહી છે ?

કપટ—બાઇ પણ આવી નોકરી ?

પીંગળા—અરે ગમે તેમ થયુંપણ તેઓકયારે આવશે? કેમનલાવી?

કપટ—બાઇ મારી ખબર પુછો છો કે યારનેજ જંખ્યા કરો છો ?

પીંગળા—તને જીવથી કેમ ન કાઢી ? બધી વાત જવા દઇ યાર કયા છે તે કહે ?

કપટ—(મિજાજ ગયો જાણી) બાઇ સાહેબ પ્રથમ તો તેણે ના પાડી, પણ જયારે બહુ સમજાવ્યો અને મદિરાની લાલચ આપી ત્યારે તેણે કહ્યું કે હમણા હું આવું છું.

પીંગળા—દાસી ત્યારે હજુ કેમ ના આવ્યો ? હું આજથી ખબર આપુ છું કે ખબરદાર કોઇ દિવસ વધુ ઘટુ બોલતી ? વળી ખાત્રીથી સમજજે કે તેનો બદલો જવા નહી દઉ, સામી જા, કેટલે દુર છે હજુ.

કપટ—આવતા હશે તો પાછા નહિ જાય ?

પીંગળા—મેં તને કેટલી વખત કહ્યું કે મારો હુકમ ઉથાપવો નહિ,

કપટ—પણ સાંભળો મહારાજાની સ્વારી આવી કે શું ?

(આસ્તે કદમ મુલાકાતસે કદમ આજુસે નિગારખો મહેરબાન. માળવપતિ ભરતુહરી મહારાજાધિરાજને ઘણી ખમા.)

પીંગળા—દાસીમાળવપતિનીસ્વારી આવીપહોંચી કે શુંતાકીદીરાખ.

કપટ—સેની તાકીદી રાખું, મહારાજા તો આવી પહોંચ્યા મદિરા નિસ્સો હદ ઉપરાંત કર્યો છે કે શું જાણો તો છો કે, માળવપતિ કેવા કટા છે, છતાં યાર યારજ જપ્યા કરો છો.

પીંગળા—દાસી ત્યારે યારને નહી મળાય.

કપટ—હજ તો, પણ જો આગળ ઉપર મળવા ઇરાદો રાખતાં હોતો મહારાજાને અત્યારથીજ સપડાવજો અને યાર સાથે રહે તેવો બંદોબસ્ત પણ કરજો.

પીંગળા—તેની હરકત નહિ પણ આવો અમુલ્ય વખત ગયો તેનો અતિશે પશ્ચાતાપ થાય છે.

કપટ—બાઇ હવે તે વિચાર છોડી દઇ સ્ત્રી ચરિત્ર લડાવવામાં સાવધ થાઓ કારણ હજુ પ્રથમ પ્રયાસ છે અશ્વપાળને આવતા અટકાવવા જાઉંછું કારણ તેને ભાન નથી, મહારાજા હશે તોપણ ધસ્યો આવશે

પીંગળા—તેમ થતાં તેને લાગશે તો બહુ ખોટું, પણ લાચારીથી કરવું પડે છે તેને ગુસ્સો ચડવા દઇશમાં આ લે આ સવા લક્ષની જરીયન સાડી તથા મદ્ય પણ સાથે લેતી જજે તે બન્ને સુપ્રત કરી તેનો આત્મા ખુશીમાં રાખજે.

કપટ—બહુ સારૂ બાઇ તે વિષેની ચિંતા કરશો નહિલ્યોહવે જઉંછું.

(દાસી ગયા બાદ ભરતુહરી આવે છે.)

ભરતુહરી-પિંગલાના સ્વરૂપપરસ્તબ્ધ બની સ્વગત અહાપ્રભુ આ શું મારી નજરે જોઊંછું ? સ્વપ્નું તો નથી ? શું આવું પદમની રત્ન મને પ્રાપ્ત થયું છે ? ત્યારે મારા જેવાં મહદ ભાગ્ય કોનાં સમજવાં ! ઉર્વશી ઇંદ્રાણી કે શેષ કન્યા આના અતુલ્ય સ્વરૂપ પાસે શા હિસાબમાં છે ? શું આ મૃગાક્ષીના હસ્તથી પ્રેમરૂપી વરમાળા મારા કંઠમાં આરોપાએલી છે ? આહા પ્રભુ તારી ગતિને સહસ્ત્ર વખત

ધન્યવાદ આપુછું કે મારા નસિબમાં આવું. રંભા રત્ન પ્રાપ્ત થયું

પીંગળા–પધારીએ પ્રાણેશ્વર માળવપતિ શું વિચારમાં પડયાછો? શું આ દીન દાસીથી કાંઇ અપરાધ તો નથી થયો; કદી ગુન્હો હોય તો ક્ષમા બ ીસથી કીંકરીને સેવામાં લેવા ઉતકંઠિત થશો બિરાજો પલંગ ઉપર.

ભરતુહરી–સુંદરી આ શું બોલો છો ! અપરાધ શો? ફક્ત પરમ પ્રભુના ઉપકારમાં અત્યાર સુધી ગુંથાણો હતો, મારા ધન્ય ભાગ્ય કે તમારા જેવી અતુલ્ય સ્વરૂપ ધરનારી અર્ધાંગના પ્રકટ થઇ. !

પીંગળા–પ્યારા પ્રભુ આપજેવા માળવપતિના હસ્તકમાં હું જેવી લખો કીંકરીઓ આવે, ખરો ઉપકાર તો મારેજ માનવાનો છે, કે હું કાચના કટકાનો આપ જેવા અમુલ્ય હીરાનો સહવાસ થયો

હામ હૈયે નહિ હાર સુંદરી હામ હૈયે ન હાર સુંદરી એ રાહ.

ભરતુહરી–પ્રભુ કૃપાનો ન પાર પ્રેમદા પ્રભુ કૃપાનો ન પાર;
જોડી મળી કીરતાર. પ્રેમદા.
પ્રાણપ્રી પ્યારી સ્વરૂપ ધારી, જોડી તારી તો નહિ મળનારી;
તુચ્છ તારી પાસે છે ઈંદ્રાણી.
મહદ ભાગ્ય પ્રિયા અતિશે મારાં, કરૂં કદિ નવ તમને ન્યારા;
વસ્યા છો દિલ મોઝાર, પ્રિયા તમે વસ્યા છો દીલ મોઝાર. પ્રેમદા.
વદન તારૂં ચિત હરનારૂ, તુજથી અધિક કંઇ નવ ધારૂં;
મુગ્ધા કુમારી છું બલિહારી, ચોટી છે પ્રિયા ચિત મોઝારી;
પ્રગટે છે અતિ પ્યાર, તુજપર પ્રગટે છે અતિ પ્યાર. પ્રેમદા.

પિંગળા—પરમ પ્રભુ ખરેખર ભાગ્યશાળી તો હુંજછું હું કયાં ને માળવપતિ મહારાજ કયાં આવો સંકલ્પ પણ કદી નહીં હતો હોય પણ કયાંથીજ જગત નિયતાની પુર્ણ કૃપાથી આપણી સરખી જોડી મળી છે. પ્રભુ દીનદાસીને આશા છે કે હરહમેશ વધારે પ્યાર નિભાવતા રહેશો.

ભર્તુહરી—પ્રિયા હું પણ તમારા પ્યારની અધિક અભિલાષા ચાહુંછું કારણ પરમકૃપાળુ સ્ત્રી પુરૂષનું જોડુ સરખું મેળવે છે તે અમુલ્ય વઇભવ વિલાસનું સુખ ભોગવવા માટેજ સરખુ જોડુ તો કયાંઇ હોતુ જ નથી, કતો ઉમરમાં સરખાં ન હોય ઉમરમાં સરખાં હોય તો સ્વરૂપે અદકા ઓછાં હોય, કદાપી તેમ પણ સરખા હોય તો વિદ્વાન પંક્તિમાં તફાવત પડતો હોય, નહિ તો સ્વભાવિક અણુગતોજ થયા કરે. મતલબમાં કોઇપણ જોડુ સરખું મળતું નથી,

ભાગ્યશાળી અને પુર્વનાં અથાગ દાનેશ્વરી હોય તેનેજ સરખી જોડી મળે છે આપણે દયા સિંધુની અતિશય દયાથી સરખી જોડી મળી છે. તો પ્રેમ વૃદ્ધિ કેમ નહિ થાય?

પિંગળા-- ગાયન.

મળ્યા મુજને પ્રિતમ પ્યારા (૨)
પ્રિતમ પ્યારા, પ્રાણ આધારા, મળ્યા છો
સોનાનો સુર્ય ઉગ્યો છે મારે, મેહ મોતીડાના મન તો ધારે,
અખંડ નિભાવો પ્યારા પ્યારે, નિભાવો પ્યારા ચર્ણની દારા મળ્યા
ચર્ણની દાસી પ્યારા તમારી, દાસીની સેવા સ્વિકારી;
વીનતી મારી ઉરતો ધારી. ઉરધારો દાસ, સ્વિકારો પ્યારા મળ્યાછો

પ્રાણેશ્વર પરમેશ્વર પ્રતિ મારી વિનતિ છે કે અત્યંત પ્રેમથી જોડાએલા જોડામાં સદા પ્રેમવૃદ્ધિ થતીજ રહે.

ભરતુહરી--પ્રિયા ચંદ્રનું ચકોરમાં, મયુરનું ઘનમાં અને દિવનું પતંગમાં જેમ અહોનિશ ચિત્ત ચોટેલું છે, તેવીજ રીતે મારી પ્રતિ તમારી પ્રીતિ બંધાણી છે એમ ખાત્રીથી સમજજો.

પિંગળા—નયન કાન્ત આપ અતિશે શ્રમિતથયાહશો?માટે જરા નિંદ્રાવશ થાઓ તો આપના કોમળચર્ણની શેવાથી મારી દેહપવિત્ર કરૂં.

ભરતુહરી—મુગ્ધા એ શું બોલ્યા? શું તમે શેવા કરવા યોગ્ય છો? કદિજ નહિ રાજ્ય કુમારીકા તમને નિંદ્રા આવતી હોય તો, ભલે સુઇ જાઓ, હું પણ તમારી જોડેજ સુતો છું.

પિંગળા—પ્રભુ મારો એવો આગ્રહ નથી. આપને તે વિશે બોલતા વૃથા તસ્દી આપી તેની ક્ષમા કરશો.

ભરતુહરી--વાહ સુંદરી એવું શું અનુચિત કર્મ કર્યું કે તેવી સહેજ બાબતમાં પણ ક્ષમા માગી મને શરમીંદા કરો છો?કાન્ત તમને આજે જણાવવું છે કે આજ મને સ્વસ્થાન છોડયા લગભગ આઠ દિવસ થયા, વળી લઘુ બંધુ વિક્રમ પણ સાથેજ છે, તો ઉજ્જન જવા મારૂં દીલ ઉસ્કેરાયું છે. માટે તમે તમારી માતુશ્રી વિગેરેની સંમતી લઇ વિદાય થવાય તેવો બંદોબસ્ત કરશો.

પિંગળા--ઘણીજ ખુશાલી પણ પ્રિતમ;

ભરતુહરી--કેમ બંધ રહયા? નકી સમજશો કે તમારા વિચાર વિરૂધ કદી પણ પગલું ભરવાનો નથી. માટે જે બાબત કહેવાની હોય તે ખુશીથી કહી બતાવો.

પિંગળા--પ્રાણધાર બાબત તો સહેજ છે તે એ કે મારી દાસી

અતિ વિશ્વાસુ તથા સુસિલ સ્વભાવની છે. તેના માબાપો વંશપરંપરાથી અમારી નોકરી કરતા આવે છે તેનો મદનપાળ નામનો ભાઇ હાલ અશ્વશાળામાં નોકર છે હાલમાં તેની બેનની પિછાનેથી તથા માગ માતપિતાશ્રીની રજાથી મારી પાસે આવી જાય છે તેની શુધ નિર્મળ ભક્તિ તથા કાલાવાલા બોલથી સ્વભાવીક રીતે ભ્રાતા સમાન પ્રીતિ તેની તરફ ઉશ્કેરાય છે, વળી દાસી સાથે આવવાની છે, પ્રિયતમ બંનેની મારો પ્રતિ શુધ રાજ્યભક્તિયો મારા દિલમાં અતિશે દયા ઉત્પન્ન થાય છે. તો તેનું મન દુભવવા હું દીલગીર થઉછું માટે આપ કૃપાનાથ તેને સાથે લેવાય એવો બંદોબસ્ત કરશો તેનિ હીલચાલ વિશે મારા પિતાશ્રીને પુછતાં માલમ પડશે.

ભરતુહરી--પ્રિયા તેમાં તમારા પિતાશ્રીને પુછવાની શી જરૂર છે? મને તમારી સંપુર્ણ ખાત્રી છે. સારી ચાલનો એમ તમારૂં દીલ કબુલ કરતું હોય તો ખુશીથી સાથે લ્યો. એટલું વિચારવાનું છે કે તેમાંથી આગળ ઉપર જતાં માઠુ પરિણામ ન આવે.

પિંગળા--પ્રિતમ એવી શું હું મુર્ખ છું? આપના ધ્યાનમાં આવે તેમ કરો હું તો તે બીચારીની દયા ખાતર કહેતી હતી.

ભરતુહરી—પ્રિયા શું તમને ખોટું લાગ્યુ? ખુસીથી સાથે લેઇ લેજો કરણ જેવું અંતઃકરણ શુદ્ધ છે તેવી શી હરકત છે, લ્યો પ્રિયા વખત ગણો થયો છે તો વિશ્રાતી લઇએ.

પિંગળા--જેવી પ્રાણેશ્વરની મરજી   (સુઇ જાય છે.)

પ્રથમ અંક સમાપ્ત.

અંક બીજો પાત્ર વર્ગ.

કૃષ્ણસિંહ— }
કાળસિંહ— } માગધ દેશ તાબેના ખંડીઆ રાજા.

વિક્રમ—ભરતુહરીનો લઘુ બંધુ

નરપતશરમા—ઉજ્જન નગરીનો ગરીબ બ્રાહ્મણ.

અંબિકા--ઇશ્વરઅંશી દેવી.

કપટકળા--તેની દાસી.

ભર્તૃહરી—માળવદેશનો રાજા.

અંક બીજો.

પ્રવેશ પહેલો.

ક્રૂરસિંહ--ભાઇ આપણે સાંભળેલી વાત તો ખરી ઠરી, વખત તો અતિશય ઉતમ મળ્યા છે. ઘણા દિવસનો બળાપો છે તો હવે ઓછા કેમ ઉતરશું? પંડે ભરતુહરી તો જ્યારથી સ્વયંવરમાં વિજય કરી નવી રાણી લાવ્યા ત્યારથી જનાનામાંથી બહાર નિકળ્યા નથી વિક્રમાદિત્યનો ભય ઓછો નથી. પણ અત્યારે તે હાજર મળે નહી અચાનક બખેડો થવાથી યુદ્ધ કરવા ગયો છે બિચારા પાછળના તો ભાત ખાઉ તે શું કરવાના હતા? કોઇ મરવા માટે ખુશી હોય તો નહિ સૌ ટાઢા કાન કરી પડયા રહે. લશ્કર નીમકહલાલી હોય તો લડે ખરૂ પણ ક્યારે? કે જ્યારે ધણી મોખરે હોય ત્યારે ધણી વિનાનાં ઢોર માટે આવો અમુલ્ય વખત ફરી પ્રાપ્ત થવાનો પણ નહિ અને ગુમાવવો પણ નહિ.

કાળસિંહ—વડીલ ભ્રાતા આપણા પુર્વજોને પરમારે બહુ પીડયા છે. તેનો બદલો પુરતી રીતે વાળવો.

ક્રૂરસિંહ--આપણું લસ્કર કેટલે દુર હશે. રાત્રીના બાર બજ્યા નો તો સુમાર થઇ ગયો છે છાપો મારવાનો અતી અત્યુતમ વખત છે. માટે હવે તુટી પડીએ તો ઠીક; આવા કામમાં જેટલીવાર લગાડશી તે આપણને હાનીકરતા છે. અત્યારે તેનું સર્વ લસ્કર શાંતિથી સુતુ હશે હવે તો તાકીદે લશકર આવે તો ઠીક વૈરથી જે દાવાનળ પ્રગટ્યો છે તે જ્યારે આશા પુરી પડશે ત્યારેજ સમજશે ત્યાંસુધી મનને શાન્તિ વળવાની નથી.

કાળસિંહ--ભ્રાતા આપણું લશકરજરા કમકઉતક અને હિંમત વગરનું છે, માટે સંપુર્ણ રીતે ઉસ્કેરણી આપી જરા પણ પાછી પાની ભરવાપણું કદી રહેવા દેવું નહી લ્યો સૈન્ય આવી તો પહોચ્યું (સરવ લશ્કર સલામ ભરી એક બાજુ ઉભું રહે છે.)

ક્રૂરસિંહ--મારા શુરવીર લડાયકો આવા અમુલ્ય વખત ફરી ફરીને પ્રાપ્ત થવાનો નથી. ગંગારૂપી પ્રવાહ ચાલ્યો જાય છે તેમાંથી બીન હરકતે સફળતા મેળવવી છે. પરમાર તરફથી અત્યાર સુધીમાં કેવાં કેવાં દુઃખો સહન કરવાં પડયાં છે અને હજુ પણ જો તેને પુરી શિક્ષાએ નહી પહોંચાડીએ તો આપણને જપી બેસવા દે તેમ નથી. રણમાં પડી પોતાના ધણીને વિજય આપવા તથા ગાંધર્વ કન્યાને

બરવું એ દરેક ક્ષત્રી પુત્રનો ધર્મ છે જ્યાં સુધી ક્ષત્રી બચ્ચો રણમાં પડી અમર કીરતી નહિ મેળવે ત્યાંસુધી તેનું જીવિત વૃથા છે ઉજન અત્યારે તદન નિરબળ થઇ ચુક્યું છે પંડે ભરતુહરી રાણીના લુબ્ધ બની જનાના બાગણે પગ પણ મુકતો નથી તેમ વિક્રમ ધરે નથી ત્યારે કશી વાતનો ભય રાખવાપણું છેજ નહી. માટે તમારી શમશેર હસ્ત અહીં ઉતરી પડો

લશ્કર—જેવી મહારાજાની આજ્ઞા પણ મહારાજ દરેક પ્રસંગે પ્રથમથી વિચાર કરવો કે આગળ જતાં પશ્ચાતાપ કરવો પડે નહી સામે છે પરમાર બચ્ચા વળી કયાં ઉજનનું રાજ્ય અને કયાં આપણે. તેના બળવતર સૈન્ય સામે આપણે મુઠી ભર પણ નથી.

કાળસિંહ—અમે શું મુર્ખ છીએ? અમે તેના પ્રાક્રમથી અજાણ્યા છીએ પણ જ્યારે અનુપમ વખત મળ્યો છે, ત્યારેજ તેમાં પગલું ભરયું છે પણ આશા સહુ રાખે છે અને સાથે વિજય ઇચ્છા પણ હોય છે વળી તે એને સાચવવું એ બહુ મુશ્કેલ છે પણ આ તો વિજય પ્રાપ્તનોજ રસ્તો શોધી કહાડેલો છે.

લશ્કર—ઠીક મહારાજા અમેતો તમારૂં નિમકખાધુંછેતો આવશુંજ નાપણ કામ ભારે ઉઠાવ્યું છે રામ રાખેતોશરમ રહે એવો વખત છે.

કુરસીંહ-કાળસીંહ-શાને પ્યારી તમે ધીક્કારો. એ રાહ. તલવાર પ્યારી, કર લ્યો ધારી, કર લ્યો ધારી નાંખો સંહારી તલવાર શુરવીર વારો રણના ધીરો, ઉજનમાં દયો ત્રાડી પોકારી. તલવાર. પરમારે પીડયા,દુઃખ તો દીધાં, દાઝ તેની અતી દીલ મોઝારી. તલવાર વૈર લો વાળો ભયને ટાળો, ઇનામ લ્યો પછી હીતે સ્વીકારી તલવાર.

લશ્કર—મહારાજા પણ આ ખડખડાટ શેનો સંભળાય છે વળી કોઇનુ લશ્કર ઉજનપર આવતું હશે કે શું?

કુરસિંહ-તેમજ હશે કારણ અત્યારે માળવા સુર્ય અસ્ત થયો છે એમ ખાત્રીથી સમજો નહી તો ઉપરા ઉપરી પરદેશી સૈન્ય શું ધસી આવે જો એમ હોય તો આપણે પણ તેની સાથે મળી જઇએ.

(વિક્રમ પ્રવેશ કરી)

વિક્રમ—અરે આ દુષ્ટ લોકોએ કેવી અનિષ્ટ ધારણા બાંધી છે અત્યાર સુધી મેં ક્ષત્રી રીતી ખાતર ખંડીઆ તરીકે નહિ ગણતાં મિત્રાઇની રીતમાં ગણ્યા હના વળી દરેક ચક્રવર્તિ રાજાનો ધર્મ છે કે ખંડીઆ પોતાને તાબેવાળા જો કોઇ પ્રકારનુ પ્રજાને દુઃખ આપતા હોય તો પદભ્રષ્ટ કરવા પણ મેં આ ચંડાળોની ખાતર જ્ઞાતિલાના

હાલમાં દયા ધારી કોઇ પણ પ્રકારની અડચણ નહિ કરતાં તેની પ્રજાનું હેરાનગતી મહાપાપ મેં સહ્યું હતું છતાં કાંઇ પણ વિચાર કર્યા વિના કેવો મનસુબો બાંધી ઉજન ઉપર આવ્યા છે તો તેનું ફળ તો પુરૂં ચખાડું મેં ઘણી વખત દયા આણી છોડયા પણ હવે છોડવાથી આપણને પુરતા સાલવાના માટે પારપત કરવા તેજ યોગ્ય

મારા શુરવીર વીરા મારવા તીરો. એ રાહ.

દુષ્ટો ઠાર તો મારૂ, નક્કી સંહારૂં, દયા તજીને આજ;
કૃત્ય જોઇને કાણું, ઉઠે છે ઝાણું, લેશ ધરી નવ લાજ. દુષ્ટો૦
મિત્ર તરીકે તમને તો જાણી, રાખી જુદી નવ રીત;
કર વેરા અતિમાફ તો કીધાં, દીલ જાણી બહુ હીત;
આપ્યું ફળ વીચારી, ગુણ ન ધારી, કેવું કીધું છે કાજ. દુષ્ટો.
હવે છોડું નહી જીવતાં હું, આપું અતીશે કષ્ટ,
પરમાર લાજ લેવા તો ધારી, કરૂં પદેથી ભ્રષ્ટ:
બનન કહુ આ વારી, ઠાર તો મારી, તામે કરૂં તમ રાજ. દુષ્ટો.

કૃરસિંહ—(સ્વગત) અચાનક આ તે શું કહેવાય ધારણ કેવા પ્રકારની હતી અને બન્યું છે શું? લસ્કર પણ નાસી ગયું કારણ ઘણી વખત તેના ગુન્હામાં આવી ગયેલ છું ને મને ઘણીવાર છોડયો છે પણ આ વખત છુટકારો થાય તેમ નથી.

કૃરસિંહ—કાળસિંહ—ગુરૂ ગોવિંદના મહિનાનો.

પરમાર પતિ મહારાજા, છો દયા ધારીરે;
અમે અવળુ કીધું કાજ, અતિ અવિચારીરે,
મગરૂરમાં ભુલ્યા ભાન, કૃત્ય કીધું કાણુંરે;
સદા માનશું તો અહેશાન, પરમકૃપાળુરે.
દયા ધારી કરોને માફ, ગુન્હા તો હમારારે;
આપ પાસે તો છીએ, રાંક તમારારે.
કદી છોરૂ કછોરૂં થાય, માવિત્ર ન થાશેરે;
કરો બાળકના રક્ષાય, સદા અતિ પાસેરે.
દયા ધારી ગુણના જહાજ, માળવ મહારાજારે;
કૃપાવંત અતિ છો મહારાજ, શરણ તમારે.
શર્ણ ગ્રહી આવ્યા તમ ચરણ, તારો કે ઉગારોરે;
ધર્મરાજ દુઃખના છો હર્ણ, વિનતી ધારોરે.

મહારાજ અમે અંધ અવિચારી ચંડાળ જેવા આપના પરોપકારનું કાંઇ પણ ચિતવન કર્યા વગર દુષ્ટ વિચારમાં મશહુર બની

માળવ તરફ ધશી આવ્યા, માળવ પ્રભુ અમારે પશ્ચાતાપનો પાર રહ્યો નથી પ્રતિજ્ઞા પુર્વક કહીએ છીએ કે આપ મહારાજા આ વચન જો માફ કરો તો તેવા અનિષ્ટ વિચારે માળવાની સરહદ ઉપર પણ આવશું નહી માળવ પ્રભુ હવે તમારા શર્ણમાં આવ્યા છીએ ખુશીમાં આવે તેમ કરો મારો તો મરવાને તઇયાર છીએ

વિક્રમ—નિમકહરામી દુષ્ટો મેં તમને કેટલી વખત છોડી મુકયા પરંતુ તમો તેવા નિર્લજ કૃત્યમાં પછાત પડયા નહી. આ વખત કદી જીવતા જવા દેવાનો નથી, સ્મરણ કરવું હોય તેનું કરી લ્યો.

ફ્રુરસીંહ-કાળસીંહ—ત્યારે પ્રભુ તમારી ખુશી મુજબ કરો અમે તો તમારા શરણમાં છીએ.

વિક્રમ—જ્ઞાતિલા સમજી આ વખત દેહાંત દંડની શિક્ષા કરતો નથી પણ અત્યારથી તમને પદભ્રષ્ટ કરી નજર કેદ તરીકે રાખવામાં આવશે સીપાઇ ઉસ્કુ બાંધી લ્યો.

સીપાઇ—જી મહારાજ જૈસા આપકા હુકમ.(બનેને બાંધી લઇ જાયછે)

પ્રવેશ બીજો.

(અરણ્યમાં માતાનું મંદિર.)

નરપતશરમા—માતુ મારા દુ:ખનો પાર કયારે આવશે તેની જરા પણ સમજ પડતી નથી અરે હું છેક નિરાધાર છું માતા પિતા બાલ્યાવસ્થામાં મુકી મરણ પામ્યા પર્યંત અત્યારસુધી દુ:ખ અને દુ:ખજ ભાળુછું જગઅંબીકા ત્રણ વરસથી એક નિષ્ટાથી અત્યંત દુ:ખ શહન કરી શુદ્ધ વૃત્તિથી તારૂ સેવન કરૂંછું પણ હજુ કાંઇ પ્રસન્ન થઇ નહિ તો હવે મરવું તેજ ઉચિત ધારૂછું નિરધારા રહી જગમાં દુખ ભોગવવું તેથી મરવું હજાર દરજે ઉતમ ધારૂં છું લે ત્યારે છેલ્લી વખતની પ્રાર્થના કરી લેઉ.

દોહી.

કરી લઉ છું હવે સ્તુતિ તારી, ભવનિધિ થકી લેજે તુ ઉગારી !
અલ્પ શેવામાં લેજે તું સ્વીકારી. કરી૦

નરધનતાનું તો દુખ અતિશે મારે, વીધિ લેખ તે તે ટળ્યાકે ટળે;
શીદ વૃથા રહેવું જગત માંહી મારે. કરી૦

પ્રાણ પ્યારા પ્રભુ મુકું તમારી પાસે, તુજ પાસ આવું પ્રભુ હું ઉલ્લાસે;
જેથી ભયકારી કર્મ સહુ નાસે. કરી૦

આ વૃથા જગતમાં રહી મારે શું કરવુ છે (ગળે ખડગ ધરતા)

અરે અંદરના ભાગેથી હોંકારો શેનો થાય છે. અરે મને મરવા માટે કોણ અટકાવે છે? પણ અહીં તે કોણ હોય? મન ભ્રમિત છે, સંસારે વૃથા શું બંધાઇ રહ્યો છે આત્માને પરમાત્માની હજુર કર્યાં વિના છુટકારો નથી લેજે અંબીકા તુ તારો ભોગ શીશ ઉપર ખડગ મુકતા અંબિકા પ્રગટ થઇ.

અંબિકા—અરે બ્રાહ્મણ તું શાને માટે મરે છે નકી સમજજે કે સ્વ પ્રાણઘાત કરવાથી આત્માનો છુટકારો નહિ થતાં કોટાનકોટીવરસ સુધી રઉરવ નર્કમાં રહેવું પડે છે માટે ધિરજ ધરી ઉદ્યમ કર તો પરમેશ્વર તને સુખ પ્રાપ્તી કરશે જેને દાંત આપ્યા છે તેને વીજુ ચાવણું આપે છે પણ કયારે કે ઉદ્યમસર હોય ત્યારે, ઉદ્યમ વિના પ્રભુ આપવા જતા નથી માટે સુખેથી તું ધરે જા.

નરપતશરમા—માતુશ્રી ધરે જઇ મારે શું કરવું? ઉદ્યમ કાંઇ સુજતો નથી, માબાપે બાલ્યાવસ્થામાં મુકયો છે તેથી દરિદ્રતાનું દુઃખ મારે શીર ચોટયું છે ગરીબ અવસ્થા હોવાથી વિદ્યાભ્યાસ કણ કંઇ થઇ શકયો નથી તેથી અભણ રહ્યો ભિક્ષાવૃત્તિ આખો દિવસ કરું છું તથાપી તેમાંથી ક્ષુધા તૃપ્તી થાય તેટલી પણ પ્રાપ્તી થતી નથી. ત્યારે વૃથા શું જીવવું વળી મરતી વખતે આપનાં દર્શન પામ્યો તો નર્ક ગતિને પામીશ એમ આશા રાખતો નથી.

અંબિકા—પણ લલાટે લક્ષ્મી મારાથી અપાય તેવો વિધિ અંક નથી તેમ મારા સ્થળે મરવા દઉ તો મને નામોશી લાગે માટે સુખેથી ઘેર જા ઇશ્વર તારું કલ્યાણ કરશે.

નરપતશરમા—માત જ્યારે આપના દર્શનથી પણ ભાગ્યોદય ન થાય ત્યારે પછી પરમેશ્વર શું કરવાના હતા. માટે હુતો કદી જવાનો નથી.

અંબીકા—ત્યારે એમતો ન થાય લે આ અમરફળ પણ તેનું પ્રાસન જાતે તું નહી કરીશ કારણકે તું અમર થા તેમાં શું થયું પેટ ભરવાની તારામાં શક્તિ નથી તો વળી લખુ હેરાન થવાનો વળી આ ઇશ્વરી બક્ષિસ મને માળવપતિ ભરતુહરી માટેજ મળી છે તો તું તેને સુપ્રત કરજે એટલે તારા દારીદ્ર શુદ્ર થશે એમ ખાત્રીથી સમજ.

નરપતશરમા—બહુ સારું માતુ જેવી આપની આજ્ઞા (માતુ અદ્રશ થતાં નરપતશરમા ફળ લેઇ રસ્તે પડે છે.

પ્રવેશ ૩ જો.

પીંગળાનો રંગ મહેલ.

પીંગળા—દાસી પિયરથી આવ્યાં લગભગ છ માસ થવા આવ્યા પરંતુ હજુ યારના દર્શન થયાંજ નહિ જમાનાનો એવો તો પાકો બંદોબસ્ત છે કે ક્યાંય પણ ઉપાય લાગુ પડે તેમ નથી. ત્યારે હવે શું કરવું વિરહાગ્નીની મારાથી વેઠી શકાતો નથી, તેમ માળવપતિથી મન શાન્તિ પામતુ નથી યાર વિના ક્ષણુ વખત પણ નહી ચાલતું તેને બદલે છ છ માસ વહી ગયા ત્યારે કરવું શું?

કપટકળા—બાઇ શું ઉપાય રચવો તેની મને પણ ખબર પડતી નથી. બીચારો અશ્વપાળ પણ અતિશે દુઃખ પામતો હશે તેને ઠીક ફસાવ્યો છે.

પીંગળા—દાસી તું અગ્નિરૂપી બળતરામાં વારી શીદ હોમે છે શું મે પડતો નથી મુકી દીધો ના તું જાણે છે તો ખરી કે યાર વિરહથી કેટલું દુઃખ પામું છું પણ લાચાર છીએ કે મેં તેવા કઠણ પ્રસંગથી તેનો સંજોગ બને તેમ નથી પણ એક બીજો ઉપાય છે તારા ધ્યાનમાં આવે તો :સાંભળ.

જોઇ હજો જવાબ આ પુછું છું તે—એ રાહ.

પીંગળા—સુણુ શાણી સખી કામ પીડે છે બહુ. (૨)
પીડે છે પીડે છે કામ પીડે. સુણુ૦
અશ્વપાળની યારી થકી તો, સુખ મળ્યું નહી જરા ખરે સુણુ૦
વિક્રમાદિત્યની ઉપર તો મારૂં, મન અતીશે મોહી રહે. સુણુ૦
ગમે તેવો તો પ્રયાસ રચી, સુખતો માણું તેથી ખરે, સુણુ૦
ઇંદ્ર થકી પણ અધીક રૂપાળો, મેળવ પ્યારો દાસી ખરે? સુણુ૦
તેમ થતાં દાસી દુખ તો મારૂ? કા તણું તો નક્કી ટળે સુણુ૦

અહા શું તેનું સુંદર સ્વરૂપ તેણે મારૂં ચિત તદન હરી લીધું છે ગમે તેવો પ્રસંગ મેળવી અહીં લાવ નહિતો નિશ્ચે આત્મઘાત કરીશ મારૂં મન અતિશે વીહવળ થયું છે તે તાકીદે બન.

કપટકળા—પણ બાઇ સાહેબ દુઃખનું-મુળ તે છે વિક્રમના ડરથી બીચારો થર થર કંપે છે તેથી મળી શકતો પણ નથી.

પિંગળા—દાસી હવે અશ્વપાળની આશા રાખવી તે તદન મિથ્યા છે માટે તેને લાવ્યા વગર છુટકો નથી.

કપટકળા—એકમાંથી બે કર્યા કરો છો? વળી પોગળ પકડાઇ જશે.

પિંગળા—તારે તે બાબતની કાંઇ પણ પંચાત કરવી નહી મળવાનો વખત પુરો મળ્યોછે રાજાજી શીકારે ગયાં છે તે સાંજે આવશે માટે તાકીદથી તેડી લાવ.

કપટકળા—પણ બાઇ પરમાર શુદ્ધ વિર્યના છે તેના હસ્તથી એવું અનીષ્ટ કર્મ ના બને ખાત્રીથી સમજજો કે એથી ઉલટું દુઃખ પ્રાપ્ત થવાનુ માટે મારૂં કહેવું જરા ધ્યાનમાં ઉતરે તો સારૂં તે કદી પીંગળે તેવા નથી.

પીંગળા—અરે શું ન પીંગળે. સ્ત્રીની પાસે પુરૂષ શા હીસાબમાં છે મોટા મુનિવરો પણ ચળે છે તો બીચારો વિક્રમ તો શી ગણતરીમાં વળી તે મારા સ્વરૂપ પાસે ગમે તેવો કઠીણ હોય તો પણ શું થયું.

કર્યો વેશ્યાએ ફેર—એ રાહ.

સુણ સખી શાણી તું પ્યારી, વાત અમારી, ઉર લેજે ધારી,
કરૂછું સાચી, નારી પાસે તો નર રહે છે રાચી,
સુર નર ડોલી તો જાય, ચળે મુનીરાય, ફેર જરાય; સુણ૰
નહીં તુ માને, ભુલે સઉ ભુપ, પડે છે કુપ,
મોહની માહે, કટાક્ષ કરતા ધાવ પીંગળા જાવે. સુણ૰
માટે સખી તેડી લાવ એહને આંય દુઃખ તો જાય;
મળ્યાથી જેને, હરી લીધું છે મુજ મન પ્રીતથી તેણે. સુણ૰

કપટકળા—બાઇ હું તો તમારો હુકમ શીરોચરમ કરૂંછું પણ આથી સારાં ફળ પ્રાપ્તીની આશા નથી.

પિંગળા—તારે તે વિષે વધારે ચોળ કરવાની જરૂર નથી. ગમે તે પ્રસંગ બતાવી તેડી લાવજે નહી તો હું આત્મહત્યા કરીશ

કપટકળા—એ બાબત કહેવાની જરૂર નથી સરવ ચરાત્રો હું જાણી ચુકી છું.

(ગયા બાદ)

પિંગળા— સિંહનો કનરો.

ચિત્તડું ચોંટી ગયું છે, મન તેનામાં મોહી રહ્યું છે;
કામ જ્વાળા તો પુરણ લાગી, તન મન તેણે હરી લીધુંછે ચિત.
ઇંદ્રથકી પણ અધિક રૂપાળા, કામનું રૂપ તો તેણે ધર્યુંછે, ચિત્ત.
અવસ્ય મળે નહિ જોડી તો જગમાં, ભ્રમિત મન મારૂ કર્યુંછે. ચિત્ત.
સંસારિક સુખ સઘળાનું રહસ્ય તેના વિશે રહ્યું છે. ચિત્ત.
પુરણ ભાગે મળે જો પ્યારો, જીવીત સફળ તેથી ગણુંછું. ચિત્ત.

(દાસી વિક્રમ સુહીત પ્રવેશ કરે છે)

વીક્રમ— માતુશ્રી મને અત્યારે બોલાવવાની શી જરૂર પડી છે જે કંઈ હુકમ હોય તે પુત્ર પ્રત્યે ફરમાવશો.

પિંગળા—રાજકુમાર વીશેષ વધુ પડતા શબ્દો બોલવાની જરૂર નથી ફક્ત આપના દર્શનની અભીલાશાથી અહીં બોલાવવા પડયા છે. દાસીને આશા છે કે મારી મનેવૃત્તી પુર્ણ કરી કામથી બેહાલ થએલ કીંકરીને સેવામાં લેવા કૃપા કરશો.

વીક્રમ—અરર માતુશ્રી એશું બોલ્યા આતો એક અજબની વાત કહેવાય શું આવો દુષ્ટ વીચાર તમારા દીલમાં, હરહર શંકર આ શું કહેવાય. શુદ્ધ ક્ષત્રાણી થઇ આવા કનીષ્ટ વીચાર કરતાં જરા શરમાતા પણ નથી.

પિંગળા— વધારે વીવેચનથી રાજકુમાર મને દુખી નહી કરો અને કામથી પીડીત થએલ દાસીને સેવામાં સ્વીકારો.

વીક્રમ—આ તે તમારૂં ચિત્ત ભ્રમિત થયું છે કે શું પુત્ર પ્રેમ વિસારી આવી દુષ્ટ વાંચ્છના મારી પ્રતિ કરો તે શું તમને લાજમ ગણાય કે કદીજ નહિ આતો તમે છો નહિતો સારા શીયળવૃત ભંગ કરનારને અત્યાર સુધી મારી નજર આગળ રહેવા દઉં નહી,

પિંગળા--પ્રિય કાન્ત જ્યારે આપ મારી આ શાન્ત નિવૃત્તિ નહિ કરો ત્યારે તમે જે પરદુઃખભંજનનો ઇલ્કાબ ધારણ કર્યો છે તો તેને નામોશી લાગવાની.

વીક્રમ—માતુ હજુ સુધી મનને થોભી રાખુછું છતાં તમે પ્રેમીના ઉપનામથી મને બોલાવો છો તો તેથી સારૂં ફળ પ્રાપ્ત થશે. નહી પરદુઃખભંજન નીતિને રસ્તે થાઉંછું પણ અનીતિના રસ્તામાં કદી પડતો નથી.

પીંગળા—હવે જોઈ નાતિ અનાતિ પ્યારા હું તમારા શરણે શીર મુકીને કહુંછું કે મારો અનાદાર નહિ કરો.

વીક્રમ — ગોપીચંદ લડકા.

હે મમ માત કૃપાળુ, વચન વદો વિચારથીરે,
આવી દુષ્ટ આશા દીલમાં, ધરો નહિ મુજ માત;
પુત્ર પ્રમાણે પ્રેમ આણીને, વદો બરાબર વાતરે. મમ૦
આમ કદી માતુ નવ થાયે પૃથ્વી જાય રસાતાળ;
શેશ કદી ભાર નવ ઝીલે, આકાશ તુટી જનારરે. મમ૦
કષ્ટ રેકી તોડી જગતમાં, છોને ફુખી તો જાય;
સુર્ય ચંદ્રનીજ ગતીથી, અવળાં કદાપી થાંયરે. મમ૦

સાગર સરખા માજા તો મુકે, સિંહ તૃણુ કદી ખાય;
પરમાર વંશ ચુકે કદી ના, સાચો માનો મુજ માયરે. મમ૦
માટે એવો દુષ્ટ સંકલ્પ તમારા દીલથી દુર કરો;

પીંગળા— **દીલખુશ પ્યારી.**

પ્રીતમ પ્યારા, નયન તારા, ચિત્ત પ્રિયાનું તમે હરયું છે.
સુંદર સ્વામી, નમું છું નામી, કામનું બાણુ તમે ધરયુછે. પ્રીતમ.
અધીક રૂપાળા, મોહન મારા, કામણુ મુજને તમે કરયુંછે. પ્રીતમ.
વીનતી મારી, ઉરતો ધારી, સેવા ગ્રહો એમ દીલ ઠરયુછે. પ્રીતમ.
વીરહ દુખ, કરો વીમુખ, તમ પ્રીતીમાં મુજ મન વસ્યુ છે. પ્રીતમ.

પ્યારા ગમે તેમ કરશો તો પણુ હું તમને છોડનારી નથી ખાત્રીથી સમજશો કે આવો અમુલ્ય વખત ફરી પ્રાપ્ત થવાનો નથી. જો તમો મને તરછોડશો છો આત્મહત્યા કરી સ્ત્રી હત્યાનું પાપ તમારે શીર સુપ્રત કરીશ. નહીતો જે ફટ્રાયાનો હક ભોગવો છો તેથી મુક્ત થઇ માળવ ગાદીનું છત્ર તમારે શીર ધરાય એમ શ્રય સમજજો ચતુર પુરૂષને વધારે સમજાવવાની જરૂર નથી ટુંકામાં તેનો બધો સાર ગ્રહણુ કરો.

વીક્રમ— **ઝુલણા છંદ બીલાવર**

કાંઇ વીચારને, શર્મતો ધારને, કાઢે શું નીચ આવી તું વાણી;
સહસ્ત્ર વારતો કોટી ધિક્કાર છે નીચ તુખમ તુંતો જણાવી.
ધીક છે માતને ધીક છે તાતને સહસ્ત્ર કોટી ધીક્કાર જાતી;
ધીક તુજ નામને ધીક છે કામને, ધીક છે તારી કઠોર છાતી.
મુજ ભ્રાતા તણી, ઘાત ર્ચ્છે ઘણી, જાન તારો નક્કી આજ કાઢું,
પણુ હત્યા તણી, બીક લાગે ઘણી, તેથી ખડક ન ચાલે મારૂં.
હાય વ્યભિચારણી, ધિક છે જારણી પરમારની લાજ લેવા ધારે;
રોમ રોમ લાય હા પ્રગટે કાર્યમાં, શું કરૂં ઇલાજ કઇ ન ચાલે.

તને તારી જાતને અને તારા કુળને સહસ્ત્ર કોટી ફિટકાર છે, અરે તે ઉભય કુળને લજાવ્યાં છે. પ્રથમથી ખબર હોત તો માળ; વ મહારાજા કદી તારૂં ગ્રહણુ કરત નહિ. પાપિષ્ટ તને જરા પણુ શરમ આવી નહિ હાય હાય મુજ ભ્રાતુની ઘાત કર્યાનું કહ્યું તે વખત તારી કઠોર જીભ જરા પણુ અચકાણી નહિ તને તે વખત કાળો નાગ કેમ ન ડસ્યો તારી ઉપર આકાશ તુટી કેમ ના પડયુ તારૂ કાળુ મુખ મારે જોવા યોગ્ય નથી, :માળવાનો સુર્ય ખરેખર અસ્ત થયો નહિ તો તું જેવી જારીણી સ્ત્રી પરમાર કુળમાં રાણી

પણુાને યોગ્ય હોયજ કેમ ? સ્ત્રી હત્યાના ડરથી ચાલ્યો જાઉં છું નહિ તો ક્ષણવારમાં તારા કોટાનકોટી કટકા કરી નાંખ્યા હોત હે વ્યભિચારણી તે માળવાની પવિત્ર ભુમિને અપવિત્ર કરી છે અરે પરમારમાં આવી કુલટા કયાંથી આવી તને જેટલો ધિક્કાર આપુ તેટલોજ થોડો છે, પરમકૃપાળુ આવી ભારકત ચંડાળણીઓને પૃથ્વી ઉપરથી ઓછી શા માટે નથી કરતો ? બસબસ અત્યારે તો ચાલ્યો જાઉં છું પણ માળવ મહારાજા પધારે ત્યારે તારી વાત છે.

પીંગળા--અવિચારી જરા પણ ડર રાખ્યા વગર મારો તિરસ્કાર કર્યો તેનાં ફળ હવે ચાખજે.

વીક્રમ--દુષ્ટા મને વારંમવાર નહિ બોલાવ, ફળ મળવું હવે શું બાકી રહ્યું છે તુ આ પવિત્ર ભુમીમાં આવી ત્યારથીજ મળી ચુક્યું છે આ દેશમાં રહેવું પણ હવે હું ઉચીત ગણતો નથી શું કરૂં સ્ત્રી હત્યાના ડરથી વહ્યો જાઉંછું પણ થોડી ઘણી ખબર પડશે ખરી.

(ગયા બાદ)

પીંગળા--દાસી આતો અવળી વાત થઇ.

કપટકળા--બાઇ હુંતો પ્રથમથીજ કહેતી હતી.

પીંગળા--થયું તે મીથ્યા થનાર છે પણ મહારાજાને આવવા દે કેવો પ્રપંચ રચી હદપાર કરાવું છું. આબરૂ લીધાનો ખોટો આરોપ મુકી દેહાંત દંડતની શીક્ષા કરાવું ત્યારેજ પીગળસેનના બુંદની સમજની મારા ચરીત્રો તો તુ જાણે છે પણ આ વાત માહારાજા પાસે પ્રથમ તું ઉચારજે એટલે પુરતો વીશ્વાસ બેસે.

કપટકળા--ખુશીથી હું કહીશ. જો દેશપાર જાય તો તો પછી જન્મનું સાલ મટી જાય.

પીંગળા--પણ એક ઉત્તમ વીચાર એ છે કે હું તે બીના વીશે અહીથી પત્ર લખી આપું છું એટલે તેમને વધારે ભરૂસો પડશે તું પણ પુરતી રીતે મીઠુ મરચુ ભભરાવ ને જે બાજુએ શીકારે ગયા હોય તે બાજુ રથ જોડાવી જા એવી રચના કરજે કે કોઇ પણ જાતની ખામી આવે નહી.

કપટકળા--ઠીક બાઇ જેવો હુકમ ચાલો ત્યારે પત્ર લખી તઇયાર કરો. (બંને નીકળી જાય છે.)

પ્રવેશ ચોથો અરણ્ય રસ્તો.

ભરતુહરી--અરે ઘણે દુર સુધી આવ્યો પણ હજુ શિકારની

પ્રાપ્તી થઇ નહી, ઉધમથી બની પ્રિયા બહુજ આનાકાની કરતી હતી છતાં ન માન્યું તો કામ સુધર્યુંજ નહી તેમ પરમ પ્યારીને, વિયાગ એક ક્ષણ માત્ર કલ્પ સમવિત સમજુ છું. ત્રણસેં સાઠ ને જેના પાસે તર્ણ માત્ર ગણું છું તેનો મે આજે આખો દિવસ વિયોગ વેઠ્યો તે મારી ઓછી બુદ્ધિ સારે ના દેવાનો પણ દુર્લભ એવું અમુલ્ય રંભા રત્ન પ્રાપ્ત થયું છે અહા શી તેની લાવણ્યતા શું ચાતુર્યતા કેવી મીઠી કોકીલ સમ મધુર વાણી કે કેવા હવ ભાવ જેના વીશે મારૂ તન મન ધન સર્વસ્વ સમાયેલું છે. સંસારમાં બીજું સર્વે સુખ સુંદરીના સહવાસ વિના વૃથા છે પુર્ણ ભાગ્યશાળી હોય તેજ સુખનો ભોક્તા થાય છે.

સીંહાનો કનરો.

કામ વીલાસી અભીલાષી, પુર્ણ પ્યારી વીના સર્વ વૃથા છે.
સ્વરૂપ ધા નહીં ત્યાં નારી, જીવીત અકારી તે જન તદા છે કામ.
સુંગાર ધરતી ચીતતો હરતી મન રીઝવતી તે પવિત્ર સદા છે. કામ.
મુગ્ધા કુમારી નથી ત્યાં નારી તે નર નીષ્ફળ ધરતો થાય છે કામ.

(અરે પણ પછવાડે કોણ દોડતુ આવે છે.)

નરપતશરમા—માળવપતી મહારાજાનો સદા જયથાઓ જય થાઓ મહારાજ એક વીનંતી છે તે શ્રવણ કરો (અમરફળ આપી) તે એજ કે મને આ ફળ અમરફળ જગતદંભા અંબીકાદેવી થી પ્રાપ્ત થયેલું છે. તે ફળ આપ રાજેન્દ્રને ભેટ મુકુછું તેનું આપ મહારાજા પ્રાસન કરી અમર થાઓ અને અહોનીશ સત કીર્તીને પામી પ્રજાનું અચ્છી રીતેથી પાલન કરો એવી મારી આશીષ છે.

ભર્તુહરી—નહી મહારાજ આપજ તે ફળ ખાઇ અમર થાઓતો કેમ ?

નરપતશરમા—રાજેંદ્ર હું તે ફળ ખાઇને શું કરૂં મુળ દરીદ્રતાતો ભોગવુંછું તેમાં વળી અમર થઇ ક્યાં ધરે ધરે ભટકું.

ભર્તુહરી—તમારૂં દરીદ્ર કાપું તો કેમ ?

નરપતશરમા—તોપણ મારે અમર થઇ શું કરવું છે ? હું આ દુનીઆમાં મીથ્યા અમર થઇ શું સુકૃત્ય કરવાનો હતો ? આપ મહારાજા અવીચળ થાઓ તો દેશ હીતકારી કામ તો સદા થયા કરે અને પ્રજા પણ આનંદમાં વરતે વળી દેવીનો પણ હુકમ આપનેજ ભેટ કરવાનો છે તો હું ગરીબ બ્રાહ્મણની ભેટ આપ ખુશાલીથી સ્વીકારી મને ઉપકારી કરશો,

ભર્તુહરી—મહારાજ કંઇ ના નથી તમારો અતીશે આગ્રહ હોય તો ખુશીથી તેનો સ્વીકાર કરીશું. તે ભેટની બક્ષીસ દાખલ અણુમાત્ર તરીકે હું અહીંથીજ મેં પહેરેલા હીરા મુકતાના અમુલ્ય દાગીના તમને શુપ્રત કરૂંછું તથા દશ સોના મહોરની ચીઠી લખી આપુંછું તે શીકાગની ખજાનચી પાસેથી નાણું લેઇ લેજો આની હલકી બક્ષીસને આપ પ્રહલથી સ્વીકારી કરી હું શેવકને સદા આશીર્વાદ આપશો એમ આશા છે.

નરપતશરમા—રાજેંદ્ર દસ લક્ષ સુના મહોરો બસ છે માટે સૃંગારો નહિ ઉતારો તેમ કરવું તે વ્યાજબી ગણાય નહિ.

ભર્તુહરી—કવીવર બ્રાહ્મણતો શું પણ હરકોઇને આપવાનો સ્વકલ્પ કર્યો તે કદી પાછુ ગ્રહણ કરતો નથી માટે ખુશીથી તેનો સ્વીકાર કરો.

નરપતશરમા—જેવી માલવપતિની ઇચ્છા.

વહાલો પ્રિતમ વરપો હો શાણી સખી એ રાહ.

પ્રભુ આપે સુખ ભારી હો માળવરાજા;
સંપતિ અતિશે ભુપતી પામો, વામો કષ્ટકારી. હો માળવ.
દિન દિન ચડતી કળાતો રાખે, દાખે સત્ય મોઝારી. હો માળવ.
અમર થઇને અવિચળ પામો, સિદ્ધિ પ્રીતિ ધારી. હો માળવ.
પુત્ર પુત્ર તમ આશિષ આપે, રામ રાજ્ય સુખકારી હો માળવ.
ચડતી કળા સદા રાય તુમારી, બાણુંલક્ષ અધીકારી. હો માળવ.
નવે ખંડમાં તો નામના તારી, પ્રભુજી દયો પ્રસરાવી. હો માળવ
મનસ્મૃતિ નીતિમાં પ્રીતિ, ગુણ ગાતાં થાય સારી. હો માળવ.

નૃપતિશ્વર તમારૂ રાજ્ય અમર તપો માળવ મહારાજાને મહાકાળેશ્વર સદા જય આપો. (બાદ ગયા છે)

ક્યારે કરશે મળી દીલ શાંત પ્રીયા હવે મારી—એ રાહ.

ભર્તુહરી—પ્રભુ ફળ આપ્યું મુને આજ અતી સુખકારી,
કરી કૃપા અતી ગુણુ આજ દાસ તો ધારી;
કીધા સુકૃત સરવે કાજ જન્મ સુધારી,
પ્રસન્ન કરવું કે ન કરવું ના વિચાર છે ભારી. પ્રભુ.
અમર થઇને જગતની માંહે એકીલું શું રહેવું,
સુખ દુ:ખતો કોની પાસ પ્યારી વિના કહેવું;
રતી વિલાસનું તો સુખ કોની સંગ લેવું,

જન્મ વૃથા માણ્યું સદાએ વિણુ પ્યારીરે;
પ્યારી સંગ વિના નિશદીન દુઃખ તો પામું,
તેની વિણુ રાજ્યનું સુખ સરવે નકામું;
મુગ્ધાનો જો થાય વિયોગ દુઃખમાં જામું. પ્રભુ.
સુપ્રત કરી પ્રિયાને ફળ અમરતો કરાવી,
અંગતણું ચાહીને સુખ પીડા તો હરવી;
નિશદીન સુખની માંહ મોજમજા કરવી. પ્રભુ.

હા ખરેખર તે મુગ્ધા વિણુ જીવવું તે તદન વૃથા છે ખરે તેજ વિચાર અમુલ્ય છે માટે તેમજ કરૂં. (રથ નજરે પડે છે)

અરે આવો અનુપમ રથ આવા અઘોર અરણ્યમાં કોનો હશે કોઈ રાજવંશી હોય એમ અનુમાન થાય છે. (કપટકળાને ભાળી)

કપટકળા તું અહીં ક્યાં, શું તારા બાઇ આટલીવાર પણ ધીરજ ના ખમી શકયા તેઓ સાથે છે કે કેમ?

કપટકળા—મહારાજા મારી બાઇ તો સાથે નથી પણ એક અતિશે વિપ્રીત કાર્ય બન્યું છે તેથી અહીં આવવાની જરૂર પડી છે ઇશ્વર કૃપાથી મારી બાઇનો ધર્મ રહ્યો છે કરતા હરતા તો આત્મા પણ મેં અતિશે ધિરજ તથા શિખામણ આપી ત્યારે સાહસિક કર્મ અટકયા હ્યો આ પત્ર મુને આપ્યો છે તે વાંચી આપ માહિતગાર થાઓ.

ભર્તુહરી—દાસી પણ એવું શું વિપ્રીત બન્યું છે કહેતો ખરી

કપટકળા વાંચીને પુછો.

પિંગળા—સર્વ કળા સંપન્ન ગુણનિધાન માળવપતિ મહારાજાની પવિત્ર સેવામાં લી. આપના ચરણકમળની દાસી પીંગળારાણીના પ્રણામ સ્વીકારશો બાદ પ્યારા પ્રભુ આપ જે વખત અરણ્ય તરફ પધારતા હતા તે વખત મેં ઘણી આનાકાની કરી પરંતુ તે વખત આપ પ્રિતમેશ્વર જરાપણ ધ્યાન આપ્યું નહિ આપ દિનદાસીનો અનાદર કરી ચાલ્યા ગયા તે તો ઠીક પુરતી રીતે તપાસમાં માલુમ પડે છે કે આપ તરછોડી ચાલ્યા ગયા તેથીજ આવા વિપ્રીત કાર્યનો બનવા વખત મળ્યો છે જેવી તેની વાત હોત તો જણાવત પણ નહી પણ આ સંસારમાં રહેવું તે ભારે થઇ પડયું છે હું તો આત્મહત્યાજ કરેત પણ દાસીએ બહુધા ધીરજ આપી તેથીજ અત્યાર સુધી મારો દુખી આત્મા ટકી રહ્યો છે સર્વ સંસાર શોક સ્થીતિમાં સ્મશાનવત ભાસે છે હાય હાય પ્રભુ તેં મારા પતિવ્રત ધર્મ તરફ

જરા પણ નજર કરી નહી અરે હું તે શું લખું. લખતાં ચિત ચિરાઇ જાય છે કાળજે કારી કટારીનો ગા વાગ્યો છે.

સૈયર દુઃખ શું દાખવું.

શું લખું વાત વિસ્તારીને, લખતાં દિલ અકળાય;
જીવવાથી મરવું ભલું, મન અતિશે મુઝાય. શું૦
પ્રભુ પધાર્યા જ્યારથી, રમવા કાજ શિકાર;
અપશુકન તો ભાસ્યા, થયો તો તેની વાર. શું૦
પ્રભુ પુજનમાં બેઠી હતી, જપતી આપનું નામ;
દિયર વિક્રમ ભ્રાતજી, આવ્યા તેહતો ઠાય. શું૦
હરનીશ તેઓ આવતા, જાણી બાળક સમ;
આવવા દીધા મેં પાસ તો, મતી થઇ તેની ગુમ. શું૦
ચકચુર બની તેણે કામમાં, કહ્યાં કડવાં વચન;
સમજાવ્યા સમજે નહી, થયા ક્રૂર તદન. શું૦
આખર મારી પાડવા, કર્યો તેને વિચાર;
તરત બુદ્ધિની ટેવથી, દઇ દીધાં મેં બાર, શું૦
સાર સઘળો સમજે પ્રભુ દુઃખ પડ્યું છે શીર;
માટે વહેલા તો પધારજો, હેતી નહી હવે ધીર. શું૦

ભર્તુહરી—શું દાસી સઘળી ખરી વાત છે?

કપટકળા-ત્યારે ખોટી હોય એમ આપને વિશ્વાસ આવેછે કે?

ભર્તુહરી—વિક્રમે પણ ભુલ ખાધી કે શું?

કપટકળા હા મહારાજ હોય હજુ તેઓ બાળક છે માટે વેહેલા પધારો તો સારૂં.

ભર્તુહરી—અરે એમ હોયતો બાળક શાનો, ખરેખર દુષ્ટે ભુલ ખાધીજ હશે કારણ પ્રિયાનું સ્વરૂપ ઓછું નથી, યોગ મુનિવરો પણ ભુલ ખાય અરે એ દુષ્ટને મે પાળી પોશી મોટો કરયો તેનું ફળ ઠીક મળ્યું છે એવા નીમકહરામી કામાંધને તો આ પૃથ્વીપરથી ઓછા કરવા એજ ઘટાર્થ છે.

કપટકળા—મહારાજા થનારકાળે થઇ રહેશે ભુલ છે તે માણસને માટે

ભર્તુહરી—ભુલ આવે પણ આવી કે? ત્યારે તો પછી સતીઓના સત્યફેગ સચવાશે.

નીકળ તું પાપી દુષ્ટ અહિંથી.

ગરદન મરદન કરવું મારે, તેનું આજ જરૂર;
કૃત જોઇને ઝાળ ઊઠે છે, શું તેનો મગદૂર.

કાપી કટકા કરવા તેના, દયા નહિ જરા ઉર,
મારૂં ઠાર, કાઢુ પાર, રહયો નથી તે મારો ભ્રાત;
ઝટપટ કરૂં તેને ચકચુર.

કપટકળા—મહારાજા એટલો બધો બાળક ઉપર રોષ હોય નહી.

ભર્તુહરી—અરે શું બાળક હોય તો તેવા નીચ પ્રસંગે પગલુ ભરે ખરો કે પરમાર કુળની લાજથી જીવતો છોડી મુકીશ પણ દેશપાર અવસ્ય કરવાનોજ.

કપટકળા—ઠીક છે મહારાજા પણ હવે રંગમેહેલમાં તાકીદથી પધારો તો સારૂ નહી તો મારી બાઇ નકી આત્મહત્યા કરશે.

ભર્તુહરી—ચાલ અત્યારે તાકીદથી પણ આ શું સંભળાય છે

આકાશવાણી—અરે ભર્તુહરી તું એકદમ વગર તપાસે સાહસ કર્મ નહી કર પ્રીયા બંધનમાંહિ પુરો બધાઈ ગયો છે ધર્મધ્યાન પણ ચુકી ગયો મહાકાળેશ્વરની પ્રતી માસે ત્રણ દિવસ સુધી એક સ્થાનકે બેસી પ્રાર્થના પુજા કરતો તે તદન ચુકી ગયો છે. ત્રીયા ફાંસામાં ખરેખર ફસાણો છે પણ મુઢમતી જે કાંઇ કાર્ય કરે તે વિચારીને કર કે જેથી પાછળથી પસ્તાવાપણું રહે નહી.

ભર્તુહરી—વધારે ભાવાર્થ નહી સમજતાં ચકોરપણે ખરેખર તે ભુલ મારામાં મોટી આવી છે દાસી હું તારી બાઇને પત્ર લખી આપુછું. તે વંચાવી ધીરજ આપજે, કારણ મારે ત્રણ દીવસ સુધી માહકાળેશ્વરની સેવામાં રહેવાનું છે. જે દીવસથી તું તથા તારી બાઇ આ આવ્યાં છો ત્યારથી સ્તુતિગૃહમાં તો મારાથી જવાણું પણ નથી. તે બાબતનો આજે સાક્ષાત ઇશ્વરીનો ઠપકો મળ્યો છે વિક્રમ વિશે પણ પુરતો બંદોબસ્ત કરીશ. લે આ એક અમુલ્ય વસ્તુ પાસ થઇ છે તે તુ તારી બાઇને પ્રાસન કરાવજે પત્રમાં જે બાબત લખુ છું અને તને મુખેથી પણ કહુંછું કે કદાપી મારા વીના ફળ પ્રાસન ન કરે તો આગ્રહ પુર્વક કરાવજે તથા જરા પણ મુઝાવા દઈશ નહી.

કપટકળા—મારી બાઈ એકલા નહી પ્રાસન કરે તો.

ભર્તૃહરી—તુ તારે લઇ જાને એમાં એવો ગુણ છે કે જે નર યા નારી ખાય તે અમર થઇ જાય માટે જરૂર ખતરાવજે

કપટકળા—ઠીક છે મહારાજા પણ વહેલા પધારજો.

ભરતુહરી—હું બરાબર ત્રણ દીવસે આવીશ તારી બાઇને જરા

પણ મુષાવા દઇશ માં લે અહીથી પરભારોજ મહાકાળેશ્વર જાઉછું

કપટકળા—પધારો મહારાજા.

(દ્વીતીય અંક સમાપ્ત.)

અંક ત્રીજો.

પાત્ર વર્ગ.

ભરતુહરી—માળવાદેશનો રાજા. **વિક્રમ**—ભરતુહરીનો નાનો ભાઇ.

ચંદ્રકળા - વિક્રમની રાણી. **પાવતી**—તેની દાસી.

કપટકળા—પિંગળાની દાસી. **પથીરામ**—એક પરદેશી બ્રાહ્મણ

સોમચંદ—, **દીપચંદ**—, **નંઠારચંદ**—, **ખુશાલચંદ**, **કરમચંદ**— } ઉજનનાવાણીયા

નર્મદા—તેની દીકરી

ઉસ્બેક—ઉજનનો પોલીસ જમાદાર

મદનપાળ-અશ્વરક્ષક પિંગળાનો યાર

પીંગળા—ભરતુહરીની રાણી.

ચંપકકળા—ઉજનની પ્રખ્યાત નાયકા

પુનો—, **કાવસો.** } પરદેશી જોગી

શેરસીંહ-જનાનાની દેખરેખ રાખનાર

જમાદારસિવાયસિપાઇ,ચોપદાર ઇત્યાદી

પ્રવેશ પહેલો-વિક્રમનો મેહેલ.

વીક્રમ—(સ્વગત) હા પ્રભુ તારી ગતી ન્યારી છે અરે પરમાર જેવી પવીત્ર કુળને એબ લગાડવા તે દુષ્ટ ભાર્યા કયાંથી આવી ? મહારાજા તો તદ્દન તેનામાં લીન બની ગયા છે. માળવા દેશનો સુર્ય અસ્ત દશાએ પહોંચ્યો હોય તેમ સંભવે છે નહિતો આવા પુન્યશાળી ને નામિચા વંશમાં તેવી કુલટા કયાંથી આવે ? બનવા કાળે બની રહેછે ભાવી કદી મિથ્યા થતુ નથી, નીચ દાસી મને કેવી રીતે ફાંસામાં ફસાવી તેડી ગઇ તેની હીલચાલ તો મેં આવી ત્યારથીજ પરીક્ષા કરી લીધી છે પણ આવી ખબર નહોતી કે આમજ થશે હવે માળવામાં રહેવું ઉચિત્ત લાગતુ નથી. ડાબુ અંગ એ દિવસથી ફરકે છે ફળો મળી રહ્યું છે પણ હજુ આવતુ નથી તો શું આવવાનું હશે તેતો માલુમ પડતી નથી ઠીક પરમેશ્વરની ખુશીમાં આવે તેમ કરનારી ગતી વાચીત્ર છે

અચાનક આ શો કોપ કર્યો રે કીરતાર, એ રાહ.

અતુલ્યતેઆજે કોપ માળવનીપર, પરમાર માંહે એવીકયાંથીરાણી‧નીચ‧

સર્વોપરીકુળ પરમારનું ગણાય, એનીમાંહે આવીનીચ રાણીઓતો થાય.
ત્યારેકેમ કરીરહેશે પ્રભુહવેધર્મ, ચુકાયો છે ખરો હવેક્ષત્રીમાંહે ધરમ,
કળિયુગે વાસ પૃથ્વી માંહે તો કર્યો પરમાર હજુ સુધી શુદ્ધતો રહ્યો
પણપ્રભુ હવેરહેવો અતીછે કઠણ, જ્યારેઆવીરાણીઆવીનીચબુદ્ધીહીન.
માળવાનોસુર્ય અસ્તથવાનોનક્કી, એવી આજથી લાગેછે મુજને નક્કી,
નહીતો અધર્મ આવો કયાં થકીરે, નભમેરૂપૃથ્વી નિશ્ચે રસાળ જાય;
ક્ષત્રતણી ટેકોજગ મધ્યે નારહી અકૃત્ય ધારણા પ્રભુ પ્રસરી તો ગયા;
ધર્મબિજ જગમાંહે રહેવું તોનથી, નિશ્ચેમુજ મન કહે છેકર્થીરે કથી,

ચંદ્રકળા પ્રવેશ કરી પ્રાણનાથ આજ એ દીવસ થયાં મોટા સોચનીય સાગરમાં ડુબ્યા હોય એમ આપની મુખમુદ્રા સુચવે છે કારણ ગમે તે હોય પણ નક્કી કોઇ પ્રકારનો શોચ છે એમાં તો જરાપણ સંદેહ નહિનહિતો કોઇ દિવસ આમ ઉદાસી હોતા નથી,

વિક્રમ—પ્રિયા કંઇ નહી તે બાબત તારે જાણવાનીજરૂરપણનથી.

ચંદ્રકળા—પ્રાણેશ્વર જરૂર કેમ નથી ? સ્ત્રી માત્રનો ધર્મ છે કે પતિના દુ:ખથી વિદિત થઇ દુ:ખમાં વિભાગી રહેવું તો આપ કૃપા નાથ દિન દાસીને તે બાબતથી વાકેફ કરશો તો હું મારાથી બનતી મદદ કરીશ. શું આપના વડીલ ભ્રાતાએ આપનો તિરસ્કાર કરયો છે એમ હોય તો કાંઇ મુઝાવું નહી મારા પિતાશ્રીનું રાજ્ય તમારૂંજ સમજી લ્યો.

વિક્રમ—પ્રિયા હજુ થયો નથી પણ થશે ખરો એમાં સંદેહનહિ કારણ ત્રિયા અંધિત નર સારૂં નરસું જરા પણ વિચારતો નથી.

ચંદ્રકળા—પણ બાબત શી છે તેતો કહો કદાપી તિરસ્કાર થાય તો પણ શું થઇ ગયું.

વિક્રમ—તિરસ્કાર થતા શું થઇ ગયુ તેની મને હરકત નથીહરકત ફક્ત એટલી કે હું તદન નિરઅપરાધી તેને માથે જુઠો આરોપ અને બીજું તો માળવી પ્રજાનું શું થશે તેનો વિચાર કરૂંછું. વડીલભ્રાત તદન કપટી પિંગળાના પાપી પંજામાં પુરેપુરા સપડાયા છે હવે મને ખાત્રી થઇ ચુકી છે કે માળવાની ગાદી ઝાઝા વર્ષ ટકશે નહી.

ચંદ્રકળા—મહારાજા તો તેમાં લીન બન્યા છે તે તો એકબાજુપર પણ મારે બોલવું વ્યાજબી ગણાય નહી કારણ આપના વડીલભ્રાતા તે મારા પિતા તુલ્ય તથા તેમના રાણી માતા તુલ્ય કહેવાય પણ જ્યારે સહન થતું નથી અને મગજ તેવી નિષ્ટ વાતો સાંભળી તદન

ફરી ગયો છે ત્યારે આપની પાસેજ કહું છું. પીંગળા રાણી એ ફક્ત કરવામાં બાકી રાખી નથી એવા ખરેખરા સમાચાર મળ્યાં છે તે સાથે કાણીઆને તેડતી આવી છે તેનું કારણ એ બેઉને બચપણથી અરસપરસ યારી બંધાએલી છે મહારાજા તો કાંઇ ઊંડી નજરથી તપાસતાજ નથી બિચારી ત્રણસો સાઠના નીસાસા તે દુષ્ટ રંડા લેછે તો પણ તે ચંડાળણીને શાન્તિ નહિ પામતા કુકૃત્યમાં બાકી રાખતી નથી.

વીક્રમ–પ્રિયા તમારૂં કહેવું વાસ્તવીક છે અને એમજહોવુંજોઇયે.

ચંદ્રકળા—પણ આપને એવો શું પ્રસંગ મળ્યો છે મારા સોગન સાચે સાચુ ના કહોતો શું મારો વિશ્વાસ આવતો નથી.

વીક્રમ—સ્ત્રીનો વિશ્વાસ ગે પણ તને તે બાબત લાગુ પડે તેમ નથી કારણ સર્વ સ્ત્રીઓ સરખી હોતી નથી.

ચંદ્રકળા—જો વિશ્વાસ ન આવે તો થયું મારામાં એવી સત્તા નથી કે આપની પાસે પરાણે કહેવરાવી સકુ.

વીક્રમ—પ્રિયા તમે શીદ રીસ ચડાવોછો તમે પિંગળા જેવી નથી કે તમને કહેવામાં બાધ આવે તમે તો સતીની પંક્તિમાં ખપો તેવા છો એમ ઘણા કાળથી સિદ્ધ કર્યું છે અને તેથીજ ન કહેવાની વાતો પણ તમારાથી ગુપ્ત રાખતો નથી ઠીક છે ત્યારે બનેલી બીના શ્રવણ કરો.

બનઝારો.

સુણ પ્રાણ પ્રિયા તું મારી, જે વાત બની દુખકારી;
હતો શિવ પુજનની માંહે, દાસી તેડવા આવી ત્યાંહે.
કપટકળાએ કપટ કરયું ભારી, જે વાત બની દુખકારી;
ચાલો મહારાજ તમને બોલાવે, કહ્યું છે કે અચુક હાં આવો.
મેં વાત સત્ય દીલધારી, જે વાત બની દુખકારી;
પુર્ણ થયું છે જ્યારે પૂજન, મહેલે ગયો દાશીની સંગ;
ભાત મળે નહી તે વારી, જે વાત બને દુખકારી.
રાણી પિંગળાને મેં પુછ્યું માતુ બોલાવાનું કારણ શું છે;
તવ બોલી તે દુષ્ટ નારી, જે વાત બની દુખકારી,
કામ ક્રીડા મુજ સંગ કરોને, કામ પરિતાપ તો હરોને;
ક્રોધ વ્યાપ્યો મને તવ ભારી, જે વાત બની દુખકારી.
પુત્ર ભાવે અતી સમજાવી, મુજ વાત દીલે ન ઉતારી;

ફક્ત કામ તણી તે યારી જે વાત બની દુખકારી.
પછી મેં કર્યો તિરસ્કાર, કહ્યા કટુ વચન અપાર;
ચાલી નિકળ્યો ત્યાંથી તે વારી, જે વાત બની દુખકારી.

ચંદ્રકળા—પ્યારા હવે બનનાર વાત તો બની ગઇ પણ તેથી શું થયું ઇશ્વરે તમારૂં સત્ય સાચવ્યું તો બસ બાવળના વૃક્ષે કેરીની આશા કયાંથી હોય ? તેવા વ્યભીચારિણીના વિચારો સારા હોયજ કયાંથી તેનો શોચ કરી શા માટે આત્માને બાળો છો ? થનાર હતું તે થઇ રહ્યું.

વીક્રમ—હજુ દુષ્ટાને તેટલેથી શાન્તિ વળશે નહી શું આમાથી પરિણામ આવશે તે કહી શકાતું નથી.

(સિપાઇ પ્રવેશ કરે છે)

સિપાઇ—મહારાજશ્રી મહાકાળેશ્વરથી ભરથરી મહારાજાએ આપને માટે દેશવટાનો પોશાક તથા આ પત્ર મોકલાવ્યો છે મોઢેથી કહ્યું છે કે ખરો પરમારવંશ હોય તો જરાવાર પણ ઉજ્જનમાં ઉભો રહે નહિ

(એટલું કહી ચાલ્યો જાય છે)

ચંદ્રકળા—હર હર શંકરા હાય પ્રભુ આ શું ગજબ ?

વીક્રમ—પ્રિયા ધિરજ ધર થવાનું હોય તે થઇ રહે છે ને માણસ માયા બંધની માંહે પુરો પડયો છે તેને સારા નરસાની જરા ખબર પડતી નથી ! નહી સમજ કે હવે માળવાનો સુર્ય અસ્ત પામ્યોઅને તે દુષ્ટાના પાપનો ઘડો ભરાઇ ચુકયો સાંભળ પત્રમાં શું લખે છે.

વિક્રમ ! આ પત્રથી વાકિફગાર થઇ ફરી તું તારૂં શ્યામ મુખ બતાવીશમાં તેં પરમારવંશને મોટી ખોટ બેસાડી છે મેં દુધ પાઇને સરપ ઉછેર્યો તે મનેજ ડસ્યો રાજ્ય સ્નેહ આવો હોતો નથી છતાં તારીપર વિશ્વાસ રાખ્યો તો તેનું ફળ તેં સારૂં આપ્યું છે. આવા અનિતી પ્રસંગે પગલું ભરતાં તેં જરા પણ આચકો ખાધો નહી તે જનુનીના નામને ખરેખરી ખોટ બેસાડી છે હવે તું માળવાને ભાર રૂપે છે તો સત્વર તારૂં શ્યામ મુખ અહિંથી અદ્રસ્ય કરજે વારંવાર લખતાં ક્રોધ વૃદ્ધી પામે છે તું જેવાને દુનિયા ઉપરથી પ્રાણજ કરવા જોઇએ પણ ભ્રાત સ્નેહને છોડી મુકું છું જો પ્રાણુની આશા રાખતો હોય તો હવે ઉજ્જનનું પાણી પીવા ક્ષણુવાર પણ ઉભો રહીશ નહી ધીક્કાર તે કેટલો આપું જેટલો આપું તેટલો થોડો છે.

ક્ષત્રી કલંક.

ધીક ધીક તુને છે ભ્રાત શરમ જરા ન આવીરે,
ધીક ધીક લજવી છે કુળ જાત. શરમ૦
આવું કરતાં તને કાળુ કૃત્ય. શરમ૦
છોડીદીધું દુષ્ટ તેં તો તારૂં સત્ય. શરમ૦
કામ અંધ માંહે થયો ચકચુર, શરમ૦
કામે કુર થયું દુષ્ટ તારૂં ઉર. શરમ૦
મુજ પ્યારી જે અતિશે પવિત્ર. શરમ૦
તેમાં ખેંચ્યું તેં તો તારૂ દુષ્ટ ચીત. શરમ૦
મુજ દેશમાં ઘડી ના રહીશ. શરમ૦
તારૂં મુખ ફરી ન બતાવીશ શરમ૦

જેટલુ લખું તેટલું થોડુંજ છે માટે સત્વર માળવ ભૂમીમાંથી ચાલ્યો જજે હું ત્રણ દિવસ મહાકાળેશ્વર મંદિરમાંછું તેમાંથી પરવારી રહેતાં તારૂ કાળુ મુખ મારી નજરે આવ્યું તો કોટાન કોટી કડકા કરી નાખીશ.

વીક્રમ—પ્રભુ હવે નકી થયું છે કે માળવ દેશની હિણ્યતા પુરેપુરી બેઠી છે પ્રિયા તે બાબત શોક કરવો વૃથા છે પરમ પ્રભુ જ્યારે પાપનો ઘડો ફોડે ત્યારે ખરા પણ અત્યારે તો તારો માળવ ભુમીનો ત્યાગ કરી ચાલ્યો જાઉછું.

ચંદ્રકળા—પ્યારા એશું બોલ્યા મારો ત્યાગ એમ તો કદી થવાનું નથી મારા પિતાશ્રીનું રાજ્ય આપનુંજ સમજો તો અરણ્યની શી જરૂર છે.

વીક્રમ—પ્રિયા સ્વસુર પક્ષમાં રહુ એમ કદી આશા રાખશો નહી તમારે ત્યાં જવું હોયતોખુશીથીજાઓ પણહું સાથેઆવનારનથી

ચંદ્રકળા—પ્રાણેશ્વર એ શું બોલ્યા હું ત્યાં ને આપ અરણ્યમાં એમ કદી નહી.

વીક્રમ—સુંદરી જેટલો હઠ કરો એટલો વૃથા છે એમ કદી મને ખુશીથી તમારા પિયર સિધાવો.

ચંદ્રકળા— ગીરધારીરે વાત કહું તે વિચારો.

પ્યારા મારારે તરછોડો નહી પ્યારી, કદી જુદી હું થનારી
પ્રભુ એકલી નવ રહે દાસીરે, છું દરશનની પુર્ણ પ્યાસીરે,
સ્તુતી ગાઉ તમારી ખાસીરેપુર્ણ પ્યારારેપ્રિતમલેજો સ્વીકારી. કદી.

વીક્રમ—સુંદરી સાચીરે વાત કાંઇ તો વિચારો, તેથી તોલ ઘટે અમારો.
મુગ્ધા નારીરે એમકદી ન થનારૂં, કોટી વાતે નથી બનનારૂ;
શોભે અરણ્યમાં નહીનારીરે, મમ વચનોરે કાંત દિલે ઉતારો. તેથી.
ચંદ્રકળા—એશું બોલ્યારે પ્યારાતમેતોરેસ્વામી, લળીલળીનમુછુ શીશનામી
પ્રિતમ મારારે દાસી દુખી કરોમાં, ચિંતા માંહિ પ્રભુ તો ધરોમાં
શોભે પ્રાણુ વિભુ પ્યારીરે નાથ વિનાની નાર અકારીરે;
દિલ લાગે છે બાણુ કટારીરે, વનમાહેરેસાથેરહુસુખપામી. લળીલળી.
વીક્રમ—કામકદળીરે વનદુખો નાસહેવાયે. નવવનમાં તમથી રહેવાગે;
ભયંકરરે વનની હોયે ઝાડી, ઘણા હોયે પશુ ત્યાં અનાડી,
નવ મંદિર મહેલ તો ત્યાંહિરે, સુવસ્ત્રો મળે નવ કયાંહિરે,
સઉ સાહિત્ય મળે નાલગારરે, ભયકારીરે પક્ષીનાનાદ સુણાયગે. નવ
ચંદ્રકળા—પ્રિતમજીરે વિયોગ દુખછે કારી, થઇ શકે ન દારા તુમારી
બીજુ થાયે નારે દુખ મનેતો પ્યારા, નિત્ય પામુ જે દર્શન તમારા
વન તે શહેરનીસમતો ગણુશુરે, વક્ષ ઓથે દાસ દિલ ધરશુંરે;
આશ્રમસ્થાનક મહેલમાં ફરશુંરે, વનઝાડીને બાગનીસમ ગણનારો.
સુંદર સ્વામીરે પ્યારા પ્રીતમછો મારા, તરછોડો ના નેન ॥ તારા
હું છું રે રંક દાસી તમારી, તરછોડો નહિ પ્રીય નારી;
સાથે સુખદુખ સ્વામી સહેશુરે, પડયુ દુખ તે અંગપર ધરશુરે;
એકલા જાઓરે તવ સોગન છે મારા. તરછોડો.

વીક્રમ—પ્રિયા ગમે તેમ કરસો તોપણુ હું કદી સાથે તેડી જવાનો નથી સમજુ છો છતાં આમ કરો તે અયોગ્ય.

ચંદ્રકળા—પ્રિતમેશ્વર ! ત્યારે શું પ્યારીને આમ તરછોડી તો હઅને વાજબીછે આપ દયાળુછો છતા શાને કઠોર થાઓછો (બાથભીડી) પ્રિતમ ગમે તેમ કહો તો પણ સાથે આવ્યાવગરરહેનારનથી

ગાયન.

વીક્રમ—ધિરજ પ્રિયા તુ ધારે, કદી ન તે થનાર;
શાને હામ તું હાર કામરે કદળી;
દુખ છે રે અપાર, રણુની તો માંહી. ધિરજ૦
સાથે પ્રિયા ન અવાય, તેથી દુખતો થાય;
સુકોમળ છે કાય, પ્રિયા તારી અતી;
રાન દુખ ના વેઠાય, માટે રે તું અહી. ધિરજ૦
મુજથી ના રેવાય, જનની તો લજાય;

ઘડી વિશ્રામ થાય, મુજહથી ના હવે;
પ્રિયા લાગે છે લાય, પણ ઉપાય નહી. ધિરજ•

પ્રિયા જેટલો હઠ કરો લટલો વ્રથા છે તુ નકી સમજકે તેમ બનવું બહુ કઠણુ છે વળી સીદ્ધીથી કહુ છું કે ૭ માસ પુરા વીયોગના વેઠવા નહી પડે તેટલા વખતમાં તો ત્રિયા બંધીત વડીલ ભ્રાતા તે પાપીણીના પાપથી મુક્ત થશે ખરા. પ્રિયા જો ખરો પતીવ્રતા ધર્મ તથા ખરીરીતે મારા સોગન પાળતીહો તો મારી આજ્ઞાનું ઉથાપન નહી કરતાં સાથે આવવાનું નામ લઇશ નહી.

ચંદ્રકળા—હરહર વિશ્વંભરા હાયરે વિભુ પિયુ આ શું વણા મને કોઇ પણ જાતની બારી રહેવા ન દીધી.

સીક્રમ—બસ પ્રિયા હવે રૂદન નહી કર.

તકદીર હુમારે ઈદના.

છોડું હું પ્યારી ભુમી મારી આજ ઉજ્જની,
ભ્રાત હુકમ શીર તો ધારી આજ ઉજ્જની. છોડું•
હિત તારૂ, મુજ થકી તો કાંઈ ના થયુ;
ધીટકાર મહી વિદેશ વાટ જાઉછું ઉજ્જની. છોડું•
અતુલ્ય કલંક પ્રભુ શીર મારે તો ધરયું,
ત્યાગ કરી દુખ થાકી જાઉછું ઉજ્જની. છોડું•
મમ પ્યારી શુદ્ધ જે નારી સોંપુછું તુને;
રક્ષણ સદા કરજે તેનું પ્યારી ઉજ્જની. છોડું•
કામી અંધ ભ્રાતના ચક્ષુ ઉઘાડજે;
જયકાર કરજે સદા તેનો તું ઉજ્જની. છોડું•

મારી પ્યારી :પ્રણામ છે પ્રિયા ધીરજ રાખજે ઇશ્વર કૃપાથી સૌ સારૂં થઇ રહેશે.

ચંદ્રકળા— સોરઠાની ગોડી.

શુરવીર પીયુ વેલેરા વળજોરે, મમ અરજી ઉરમાં ધરજોરે;
ભ્રાતા હુકમથી નાથ પધારો, પણ સત્વર દરશન દેજોરે;
નાથ વિયોગ બહુ દુખદાયક છે, સંયોગ ઇલાજ કરજોરે. મમ•
પ્રિયા તમારી બહુ દુખધારી, વહેલા તોપાછા સંચરજોરે. મમ•
રણુ માંહે તો પ્રભુ તમારૂં, રક્ષણ નિશદીન કરજોરે. મમ•
દુખણી થઇશ પ્રભુ તમ વિયોગે, દયા દિલમાં કાંઇ ધરજોરે.મમ•

નાથ આ દિનદાસીને તરછોડી જતા રહોછો પણ જેમ બને તેમ

વહેલા દરશન આપજો અને શરીરનું નિશદિન રક્ષણ કરશો એવી મારી અલ્પ સ્તુતિ છે વિશ્વંભર સદા તમારો જય કરે.

વીક્રમ–પ્રિયા પ્રણામ છે મહાકાળેશ્વર સૌ સારાવાના કરશે.

પ્રવેશ ૨ જો–સ્થળ રસ્તો.

કપટકળા–હા પ્રભુ યારીની રીતિતો ખરે જુદીજ છે અમરફળ જેવી વહાલી વસ્તુ યારથી વધારે ગણી નહી ધન્ય છે તેની પ્રીતી ને યારી બાંધવી તો તેના જેવીજ, અહા શું બાઇનું ચીત ચોંટી ગયું છે થોડો વખ્ત જ્યારે વિક્રમપર પ્રીતિ લાગી ત્યારે ત્રટાડયું હતુ ખરૂં પણ જ્યારે તેને દેશવટો મળ્યો ત્યારે તો હતી તેથી પણ વધારે થઈ પ્રતિદીન હવે તો વધવાનીજ કારણ જેની ખરી સખ્તી હતી તેતો ગયો મહારાજા તો બકરી માફક આપણે પણ ઠીક ફાવ્યા છીએ બાઇના રૂપની છે પણ અવધી મહારાજા પાસે માથુ માગે તો માથુ પણ આપે એવી લાગી ગઇ છે બાઇને યાર સાથે પણ એવી લાગી ઇશ્વરની ખુબીજ વિચીત્ર છે કોઇ અરસ પરસ મન જોડી દીધાં છે.

ગાયન––યાર યાર યારીતણી રીત છે વિચિત્ર.

અરસપરસ કેવી રીતી ચોંટી ગયા છે છીત. યાર.
રાજન વશ કીધા છે બાઇ, જરા તો નવ ગણે જુદાઇ;
બાઇનું તો ચોંટી ગયું છે અશ્વપાળે દીલ.
નૃપે ફળ અમર આ સોંપ્યું છે બાઇને તો હા,
બાઇએ તો સુપ્રીત કીધું ગણી અતિ અસીલ. યાર૦

પણ હવે તાર્કીકથી જાઉં છ માસથી તો ભેગાં થયા નથી તેનો મીજાજ પણ ફાટી ગયેલો છે તો આપણે માથે તો શું ગુજરશે નકી હાડકાં તો રંગવાના પણ શું કરવું મેજ હથે કરી કંઇ તેમાં કોઇનો શું દોષ હવે ઢીલ તો કરવી નહી કારણ ગયા વગર છુટકારો તો નથીજ વળી બે રોકડા ખાઇ લેશું.

પ્રવેશ ત્રીજો—ઉજ્જનનો ચોક.

સોમચંદ—ઓલા ગજબ થયોડે દીપચંડાઆ.

દીપચંદ—પણ વાત તો કડ શું કેરયું,

સોમચંદ—ખબડ નથી કે શું હાડી.

દીપચંદ—નાડે ભાઇ ખબડ હોય તો સીડ પુછું.

સોમચંદ—બીજું વડી શું હતું ધમડધુડંર મહારાજા વિક્રમને દેશવટો પડયો.

દીપચંદ—અડડ બાપડીઆ ઇતો ગજબ થયોડે.

નઠોરચંદ—શું હાડા એ માટે ગજબ થયો છ વાપ્રટો સાંભળી કે ગજબ ઠયો ગજબ ઠયોજ કડો છો.

ખુશાલચંદ—ઇટો વાટ હાંભડી એમાં સું હાંભડવીડી એવું ટે હોય હોય ખડું કે વીકડમજીમાં એવી ભુલ હોય ખડી કે ઇટો મહારાજાને રાંડે પુડા ભરમાડયા છે.

નઠોરચંદ—માડા બેટા ખુશાલચંડીઆ કેવી વાટ કડે છે એ ડાણીનું રૂપ જોયું રૂપ મોટા મોટા મુનિવડો પણ મોહીટ થઇ જાય તે વીયકમજી ટે સું હીસાબમાં.

દીપચંદ—પણ મને હમજાડો તો ખડા.

ખુશાલચંદ—સું ટાડા બાપનું કપાળ હજામડે હાભડતો નડી હાડા એમ ડાયજ ટેમ વીકડમજી ભુલ ખાય ખડા કે એમ કડી ના બને હાટે.

નઠોરચંદ—માડા હાડો આભાડે હુશીયાર ટેમ એમ ના બને ટાટે શું દેશવટો અમઠો હશે ટે માડાજ ઠાહેબ એવ ભુલ ખાય ખડા કે

કરમચંદ—માહાડાજ ઠાહેબની બુદ્ધી ઘણા ડીવસઠી ફાટી ગઇછે નવાં મહાડાની આવ્યા ટારનાં કોઇ દાવસ કચેડીમાં ટો આવટાજ નથી પણ વિકડમજીને દેશવટો ટેમ આપ્યો ટે ટો કહો

ખુશાલચંદ—હજી હાડા ખબડાના પડી એક ડાણુતો કીદું કે નવાં મહારાણીએ કહાવ્યું માડી હાડીએ એવું કડયુંછે કેમારીટો આબરૂ પાડી.

કરમચંદ—ના ના એમટો કડી હોય નહી.

સોમચંદ—હું પણ એમજ કાઉ છુના પણ માડા બેટા નઠોડીઓ કોઇ વાટે હાચુ માને નહી ટાડે શું કડવું કે.

નઠોરચંદ—માડો બેટા વાડીઆ કરમચંડીઓ વચમાં ડાયટીનો ડાવા આવ્યો તને બારે ખબર પડેના.

કરમચંદ—માડા બેટા કેવો બેટા કહીને ગાડ કાઢીલેછે હવે ફડી બોલ્યો ટો જોવા જેવી ડાસે.

નઠોરચંદ—જોયા જેવા સું ડાવી ઠી કરમચંડીઆ.

કરમચંદ—ટાડે એકટો ગાડ ડે છે અને બીજું વીકડમજી જેવા

ઘરમધુડંધું‌ંડ માહાડાજાને માડે એવો આડોપ કેમ મુકેછે હાડા ટા-રોટો નરકમાં પણ ટયાંઇ છુટકાડો હાવો નથી.

નઠોરચંદ-છુટકાડો ટાડો હાવાનો મહાડાજ ભુલે ખડાકે.

કરમચંદ-હુંટો ભાઇ ડાઇલીનો મહારાજા સુ મહાડાનો ભાગ્ય ભુલે પડમાડનું આવી ખુટયું નહીટો આમ હોય નહી.

દીપચંદ-પંચ બોલ્યા ટો પરમેશર મહાડાજાની બુઢી ગઇ ખડી મડવાનું આવી ખુટયું એમ ખાટડીથી માનજે.

નઠોરચંદ-તમાકુ આવ્યું લાગે છે અમઠા ઢણીની બોડણી કડો ખરાકે (બે કોળીઓ આવે છે)

પુનો-મારા હહરાના કીધું નોતુ તે ઉજણુ જાવું રત્તાદે પણ મારા બેટાને શીભડા ચ્યાંઇ વેસાતા નોતા તે આઇ આવીને એની મુંડ સોલાવી.

કાનો-રાંડના મોરથી આમ જાણ્યું હોતતો શ્યાહારુ આઇ ગુ-ડાત માળવામાં આવું ધબ અંધારૂં હશે એમ ખબર નોતી નકર મુંડાવા આવે.

પુનો-શીભડામાં તો હોળી ખડકાણી, પણ આ તો બે જયાં પસેડી પણ હહરા લેતા ગયા.

કાવલો-આ તો બહુ અનરથ, માળવામાં ગધાડીનું આવું અંધારૂં આજજ દીઠું ચમ પુનીઆ.

પુનો-મારો હાળો રાંડનો ચ્યારથી માથુ કુટતો મારે ઉજણુ જાવું મારે ઉજણુ જાવુ લે આ તારી કોટી ઉજણુ વેશ શીભડા મારા બેટાને બેઉ ડોડ ઠીક હખાગણુ મળી હતરમાં બામટા કેના નથી જે રાજા રાણીમાં બંધાણો ઇ ઠેકાણે પરજાને હરખ હોય નઇ હવે રાવ ચ્યાં ખાવી.

કાવલો-કોણુ તારો ડાહો હાભળતો ? હાભળનારો તો વગડામાં ગયો હવે અંધાર ધબજ મારા બેટા પોલીહની ફાટ બહુ વધી છે હો પુનીઆ.

પુનીઓ-ફાટ નોય તો શીભડા અચકાય ખરા કે ચેમ પણ જો ઇ રાજાને પુરી ખબર પાડુ તોજ હું પુનીઓ પેથીઆના મુ-તરનો હમજ ઇ રાંઇને રડવા બંનેને રડવા ભેગા કરૂં એવો સુએ-સો હમજીશમાં કાવલા.

કાવલો-તારો બાપ હાંભલે તો હુલીએ સડાવશે.

પુનીઓ—હુલીએ તો ચડવું તો સેજના કાતો નર ભેડીએ તે કાતો એટીએ. (બ્રાહ્મણ કળકળતો આવેછે)

ખુશાલચંદ—વડી તમાડે શું છે ભાઇ.

પંથીરામ—અરે પ્રભુ હવે શું કરં ક્યાંથી મારા નસીબ ફર્યા ને ઉજ્જનીમાં આવ્યો. ઉજ્જેનીમાં આવો જુલમ થતો હતો તેની આજેજ ખબર પડી. હર હર વીશ્વંભર હવે સું મોઢું બતાવું ? મારાં સાઠે વર્ષ હવે પાણીમાં ગયાં ઘોળામાં ધુળ પડીછે, આથી મરવું તે સર્વોત્તમ છે. માળવરાજા તારૂં સત્યાનાશ જજો. જ્યાં આવો જુલમ ગુજરાવે છે.

કરમચંદ—પણ વાટ તો કડ સું થયું ?

પંથીરામ—ભાઇ વાત સું કરવી, સંસાર તદન મારે વૃથા થઇ ગયો છે અરે મારી એકની એક બાળીકાનું તે દુષ્ટોએ હરણ કરયું મહાદેવજી આવા જુલમી રાજ ઉપર તુટી કેમ નથી પડતો ? રાજા તો તદન રાણીમાં અધીન બન્યો છે. યથારાજા યથાપ્રજા તેમ થઇ ગયું છે રહેવાનો ધર્મ નથી.

ખુશાલચંદ—સુંમલાડાજ તગારી ડીકરીનું હડણુકડ્યું હડણુકડ્યું ટાડેતો માડોબેટો બહુકડીઆવન ઠડયો. વાટ કાંઇ જેવીટેવી નગણાય

પંથીરામ—અરે ભાઇ તમે શીદ ખાલી માથું કુટાવોછો? હર્ણ કર્યું તે જનાવર નહી. પણ મારી બાળકીને બળાત્કારે ખુંચી લીધી.

ખુશાલચંદ—ટાડે મારા બેટા ચોખુ નામ પાડને હડણુ કડયું હડણુ કડયું સું કડે છે ?

પંથીરામ—ઠીક ભાઈ તું પણ ગાળ દઇ લે અત્યારે સઉને કહેવાનો અને મને સાંભળવાનો વખત છે.

સોમચંદ—ના મહાડાજ તમને ગાડ દેવાય કે ? એતો માડો બેટો ખુશાલચંડીઓ અવલચંડી ઠોકરો છે, પણ વાટટો કડો કેમ થયું ?

પંથીરામ—ભાઇ તમારી સાંભળવાની બહુ ઇચ્છા છે તો સાંભળો હું તથા મારી નર્મદા નામની પંદર વર્ષની બાળિકા જેના ગઇ સાલમાંજ લગ્ન થયેલા છે, તેને આણું તેડી પાછો વળ્યો હતો બારોબાર અમારા ગામ તરફ જઇએ તો કાંઇ હરકત નહી, પણ વિધિના લેખ તે કેમ મટે, વીનાશકાળે વીપરીત બુદ્ધી ટીમજ કર્યાં બાદ બાળીકાએ કહ્યું કે મારે તો ઉજ્જનનો દરબારગઢ જોવો છે ! મેં ઘણી ના પાડી પણ બાળ અદુકડા તે કેમ ફરે ? બાળા હઠ લઇને બેઠી હુ તેને નીરઉપાયે પુત્રી સાથે નગરમાં આવ્યો કર્મ ફરયું

એટલે સહુ ફરયું ઉજજનનો રસ્તો ભુલ્યા, દરબારગઢને ઠેકાણે મુસલમાનવાડે ચડયા તેવામાં પોલીસ ચકલામાં પંદરેક તુરકોનું ટોળું બેઠું હતું, તેનો નાયક ઉંચા આસને હતો તેણે મારી બાળીકા ઉપર મોહીત થઇ તેના નોકરને પુત્રી પકડવાનો હુકમ કર્યો તેને શું દયા, જેવો હુકમ થયો કે તરત ખુંચી લીધી કાલાવાલા કરવામાં મેં બાકી રાખી નહીં પણ તે નીરદયને શી દયા, મારી ઉપર કોરડાનો વરસાદ વરસાવી કાઢી મુકયો અરે મારી પાર્વતી વારસુશીત પુત્રીને તે દુષ્ટો કોણ જાણે સુંય કરશે.

નઠોરચંદ–મહારાજ તમારી દીકરી રૂપાળી બહુ હશે નહીં ટો કડી લેના એટા તમાડી ભુલ ખડી કે.

પંથીરામ–ભાઇ એમાં ભુલ શાની રૂપાળી કાંઇ મારી નંખાયછે

ખુશાલચંદ–માડી કાંઇ નંખાય ખડી એટા માડા નઠોરચંડીઓ સમજે નહી કાંઇ પણ જાણે હુટા મોટા પંડીત હોઉં એવા ડોડ ડાખે પછી શું થયું મહાનાજ.

પંથીરામ–મશાણ ગયાં લાકડા પાછાં આવે ? તેમજ મુસલમાન તુરકોના હાથમાંથી તે કન્યા પાછી મળે એવો શાદ ભરસો રાખવો પડે. ફરીયાદી કરવા કચેરીમાં ગયો પણ ત્યાં કોણ સાંભળે ભગવત ? પૈસાના વહે લાલચુ તેના તાકડા તળે નહી,

ખુશાલચંદ–માડુ બેટુ રુપીઆ અજબ ચીજ છે કેમ મહારાજ રુપીઆ હોય ટો મોટા રાજા પણ આપણને સલામુ ભરે કેમ ખડું કે મહાડાજ ?

પંથીરામ–હાજ તો ભાઇ કળીયુંગમાં ડોઢ ડાહયો પરમેશ્વરથી પણ પૈસો છે ત્યાંથી હું પાછો ફર્યો ને દરબારગઢમાં ગયો પણ ત્યાં કોણ ખબર સાંભળે ! મને ભાળ્યો કે કાંઈ પુછયા ત્રણસેક ફાટી ગયેલી ખવાસણો ધોકલો લઇ ઉતરી પડી અને મારી મારી અધમુવો કરી નાખ્યો ત્યારે માંડ છોડયો. હવે મારે જીવવાનું સાર્થક રહ્યું નથી ભીક્ષાવૃતી કરી જે થોડા ઘણા પૈસાની પ્રાપ્તી થશે તેનું અફીણ લઇ આત્માને પરમાત્માની હજુર મોકલીશ.

દીપચંદ–મહાડાજ આટમ હટયા કડીએ નહી, ટમેટા ચતુર છો! ને વડી કેમ ભુલો છો ? હોય માણસને માઠે એ ડરું આવે છે દુખ વખતે ધીડજ રાખવી એ માણસ માટનો ધરમ છે પણ ભાઇ પેલો કોણ છોરીને માડતો માડતો આવે છે એને જડા દયા નહીં આવતી હોય.

પંથીરામ—અરે ભાઇ એજ નીરદય મારી દીકરીને પકડી લે-નાર હાય પ્રભુ મારી તરૂણુ બાળીકા ઉપર તે ચંડાળો કેવો જુલમ ગુજારે છે.

ખુશાલચંદ—અડે ભાગો ભાઇ ભાગો ઇટો ઉરએકાઓ, માડો દીકડો બહુ ફાટી ગયો છે ટાકાંડે વીખાઇ જાય નહી ટો અમકા ડાહ્યા હાંકે કદી હાડકાં ઠગાશે.

નઠોરચંદ—માડા બેટા હજી તો ઉંભા છે તમાડો બાપ ટાલજ પાડી નાંખશે સોમચંદને કડમચંડીઓ તો હાડા ભાડા ભાગતા નથી.

ઉરકેબ—ક્યું બમન કાયકું બારતે ઇદર ખડાહે તેરી લડકીકા તેરે કુચ્છ કામ હે હમ ઉસકી સંગ સાદી કરકે બહોત મોઝમઝા કરગા તેરી પરી જેસી બેટીકું જેસા તેસા બમનકી સંગ સ્યાદી કર લીથી ઇસ તરેહસેં મેં અચ્છા હું. મેરા બદન તો દેખ કેસા અચ્છા હું જેસી તેરી ગુલબદન બેટી એસા મેરા (નર્મદાના ગળામાં હાથ નાંખી) ક્યું પ્યારી મેં અચ્છા હુના તેરી નજરમેં આતા-હું કે ક્યું.

નર્મદા—(તરછોડી) મુક મારા રોયા તારા બદનમાં પુળી, મારે તારા બદનનો શું ખપ છે? ભલો થઇ છોડી દે નહી તો આત્મહ ત્યા કરીશ પણુ તારી મુરાદ હાસલ નહી થાય એમ ખાત્રીથી માન.

પંથીરામ—અરે ચંડાળ તુકં નિરદય નહી થા, આ ગરીબ બ્રાહ્મણપર મહેરબાની કરી છોડે તો સારૂં.

ઉરકેબ—સાલા બમન તેરી લડકી તેરે કયા કામકી હે. ઉસકી સંગ એક દફેસે મોજમજા કરલી ફીર તેરી નજર આંગુસે દેખ લે.

(તેને બાઝી પડે છે.)

પંથીરામ—અરે ભગવાન હાયરે આવું અનિષ્ટ કૃત્ય જેવા કરતાં મરવુંજ ભલું છે લેજે અંબિકા તું ભોગ (જીભ કરડી મરી જાયછે)

નર્મદા— લલિત વૃત.

અરર ઓ પિતા, આ શુંરે કર્યું, ધિરજ હું હવે શી રીતે ધરૂં;
રંક પુત્રીને, શું તજી ગયા, નવ લીધી જરા દિલમાં દયા.
નિચ તર્કને હાથ હું પડી, નહિ મળે હવે સુખની ઘડી.
ક્યમ કરૂં પ્રભુ, હાય શું હશે, તુરક દિલને તો અની દમે.
ધરમ મારગે શી રીતે રહે, શરમ તોડે છે દુષ્ટ આખરે;
જુલમ તો બહુ થાય છે અહીં, ખબર નવ લહે રાજ્યનો ધણી.

રઇયત માળવી, દુઃખ થાયરે, નવ મળે જરા રે દવાયરે;
ઉજ્જનમાં પ્રભુ આ શો કોપરે, ઇશ્વરી દયા થઇ અલોપરે.
ગદદ માહરી કોણરે કરે, મૃતિ ફરી ગઇ રાયની ખરે;
વિભુ વરા હવે સહાય તો કરો, બંધન માંહેથી શર્ણમાં ધરો;

ઉસ્બેક--સાલી હાલ હાય કયું પોકારતી હે! તેરે બાપ મરગયા ઉસ્મે હમારે કયા મોજમજા કરનેકા બખત ચલ જાતાહે બિલાપ છોડદે મેરી સંગ ઇશ્ક કરનેકે બાસ્તે, ઇદર કયું નહીં આતીહે, નાજનીયહ ફાની જગતમેં દુસરા કયા લેજાનાહે, ખાના પીના ઔર મોજમજા કરના દુસરા સંગ આનેવાલા નહિ કેસા ઇશ્કકા બહાર હે દેખતો લે સભી હથીયાર છોડકર સેં તઇયારહો જાતાહું તુમભી હોજાઓ. (સર્વ હથીયાર છોડી નાંખે છે)

નરમદા—હળવેથી હથીયાર પકડી ઉસ્બેકને નીચો પાડી ચડી બેસેછે દુષ્ટ તરકડા કરી લે તારા ઇશ્વરનું સ્મરણ, પાપીષ્ટ તારા પાપનું ફળ ચખાડવાજ ઇશ્વરે મને ઉસ્કેરીછે એમ ખચિત માનજે.

ઉસ્બેક-અરે મેરી, માવડી ખુદાકી રહેમનજરસે એકદંફસે છોડદે, મેં તો તેરા બેટાહું ગૌકી માફક ગીની મહેરબાની કરકે છોડદે ફીર તેરા નામ લઉંગા તબ ખુદાકી કસમ છોડ દે, માવડી છોડ દે, મેં તેરા લડકા ઔર તુ મેરી અમા બસ રહેમ કરકે છોડદે.

નરમદા-તું જેવા દુષ્ટને છોડી પાછો પસ્તાવો કરવા ચાહતી નથી લે તારી દુષ્ટતાનું ફળ (તરવાર ગળે ફેરવ્યા બાદ) પ્રભુ મારે પણ હવે જીવવું તે તદન વ્રથા છે એક તો પિતાજી ગયાને બીજું મારી પવિત્રતા ગઇ તો મરવું એજ હજાર દરજે ઉચિત છે લેજે પરમાત્મા તારા શરણમાં. (તરવાર ફેરવી વાળે છે)

પ્રવેશ ૪ થો.

મદનપાળ—અરે મને દુષ્ટ પીંગલાએ કેવો ફાંસામાં ફસાવ્યોછે, મને ત્યાં તે દુષ્ટ રંડા કેવીરીતે કહેતીહતી કે ક્ષણવાર પણ વિસારીશ નહિં તેને બદલે તો માસના માસ વહી ગયા તો પણ જરાબી પતો મળ્યો નહિ. તે સ્ત્રી એકલ વચની નહિં, એમ મેં ખાત્રીથી સિદ્ધ કર્યું છે, શુદ્ધ માબાપનું ફરજન હોય તો આમ કદી ફસાવે ખરી કે? કોઈ બીજાને મળી રહયો હશે એમાં તો સંદેહ નથી, નહિ તો કોઇ દીવસ પણ બોલાવત ખરી, કપટકળા પણ જેવી તેવી લુચ્ચી નહિ, ફરીને તો તેણે મોઢુંજ ના બતાવ્યું, સારૂ થયું કે અહી

આપણે ચંપકકળા સાથે પ્રેમ બંધાણો તે ગુણકાથી આનંદમાં રહીએ છીએ નહિ ઘોડારમાં ને ઘોડારમા ગોંધાઇ રહેવું પડત, વળી ત્યાં જવા આવવાની હવે હરકત આવવાની નથી, કારણ મહારા જાએ વિક્રમને દેશવટો આપ્યો, એ તે શું બન્યુ હશે, વિક્રમમાં તો કસુર આવે એમ મને લાગતુ નથી, નક્કી એમાં પીંગળાનો પ્રપંચ હોવો જોઇએ. આપણે તેની શી પંચાત છે? આપણે તો આપણુ કરવું. ચંપકકળા પીંગળાથી સ્વરૂપમાં ઓછી નથી જેવી પીગળા પાસે મોજમજા પડતી તેવીજ તેની પાસે પડે છે ઇશ્વર સઉનો બેલી છે, એમ ના હોય તો કેમ ચાલે પીંગલા સાથે યારી રાખવાથી ફાયદો પણ શું હતો? એક તો નફ્ટ નારી, બીજું ખાવું તેનું ખોદવું અને ત્રીજું તો જીંદગાની જોખમમાં નાખવી. પરમાર જેવા તેવા કરડા નથી તો સારૂં થયું કે બચ્યા. એવી નફ્ટ નારીનો વિશ્વાસ કરવો છેજ ખોટુ છે.

હવે નહિ હું અંતપુરમાં અવર.

નફ્ટ નારીની પ્રીતિરે, જગમાં કદી નહી તો કરવીરે;
શિક્ષા નિશદિન તેવી રીતે દીલની માંહે ધરવીરે,
પ્રાણઘાત તો તેથી થવાની, દેહી જોખમમાં પડવીરે;
ધણી તણું તો નિમક ખાઇને, નિમકહરામી બનવુરે,
દેહી ક્ષય પણ થાય છે તેથી, માટે તે ન આચરવુંરે, નફ્ટ.
બસ બસ તેનાપર હવે જરાબી પ્રીતિ રાખવી નહિ.

(કપટકળા આવે છે.)

કપટકળા–કેમ અશ્વપાળજી ખુશીમાં તો ખરા કે બહુ દહાડે તમારા દરશન થયાં છે માફ કરજો અત્યાર સુધી તમારી પાસે અવાણુ નથી પણ નિરૂપાયે, હવે તો ખુબ બંદોબસ્ત થઇ ગયો છે વિક્રમને દેશવટો આપ્યો એટલે કોઇ પ્રકારની હરકત રહી નથી, આવવા જવાને બહુ સુગમતા પડશે, અત્યાર સુધી મારી બાઇએ કેવી રીતે વખત ગુમાવ્યો છે તેતો ફક્ત ઇશ્વરજ જાણે છે શરીરને તમામ ગાળી નાંખ્યુ છે ઇશ્વર કૃપાથી સૌ સારાવાના થયાં, લ્યો અમરફળ તમારા માટેજ મોકલાવ્યું છે તેનો ગુણ એવો છે કે જે નર યા નારી ખાય તેને માથે જન્મ મરણનો ભય રહે નહીં.

મદનપાળ–(ફળ લેઇ) એવો ગુણ છે, ત્યારે તારી બાઇએ કેમ ના પ્રાસન કર્યું? અને મારા માટે કેમ મોકલ્યું?

કપટકળા—મારા બાઇ અમર થઇને શું કરે ? સંસારી જે સુખ મેળવવું તે તમારાથીજ છે,

મદન-ઠીક લે ત્યારે (સ્વગત) પીંગલાને તો મારીપર અતીશે પ્યાર લાગેલો છે પણ આપણો રાખવો તે વૃથા છે હમણાં તો જરાતરા પ્રેમ બતાવું. (ચાસન) કપટકળા ત્યારે તારી બાઇ વિના મને પણ ઠીક પડે ખરૂ કે ?

કપટ—તમને તો મારી બાઈ જેવી હજારો મળે પણ મારી બાઇને તો જરાવાર પણ ન ચાલે માટે તમેજ પ્રાસન કરો એ યોગ્ય છે.

મદન—ઠીક ત્યારે હું પ્રાસન કરીશ.

કપટ—ત્યારે અત્યારે પધારશો ના.

મદન—નાના અત્યારે તો નહી આવું કારણ મારા શરીરને ઠીક નથી.

કપટ—ત્યારે તો અત્યારે તો જાઉં છું આવતીકાલે અવશ્ય આવવું પડશે સમજ્યા ખરા કે ?

મદન—ખુશીથી તેની હરકત નહી.

મેરા ગમકા તરાના સુનીએ ફીસાના એ રાહ.

ફળ મળ્યું આવારી, છે સુખકારી, કરવુ શું તેનું હા;
દીસે કિંમત ભારી, ચમતકારી, છે સુખકારી. કરવુ૦
ચંપકસેના ચંપકવરણી, રૂપ છે શશી સમાન.
અધરામ્રત આપે તે પ્રીતે, પાય છે પ્રિતીનું પાનરે,
કરે મૃગ્ધાકુમારી, ઉરવશી નારી છે સુખકારી, કરવું૦
પ્રેમમીલીને પ્રેમદા વીના, સુનો છે સંસાર;
અમરફળ તેને તો આપું, જે છે પ્રાણ આધાર. કરવું૦
દીલમાં વસનારી, ખરે તે પ્યારી છે સુખકારી.

બસ તેના વિના જીવિત વૃથા છે માટે તેનેજ સુપ્રત કરવું યોગ્ય છે, ચાલ ત્યારે જાઉં.

પ્રવેશ ૫ મો. સ્થળ રસ્તો.

ભર્તુહરી—અરે આજે મને અપશુકન થયા કરે છે. વિક્રમ અત્યારે વારંવાર યાદ આવ્યા કરે છે. મેં તેને દેશવટો આપ્યો. પણ વગર વિચારથીજ તે બાબતુ જરાપણ લાંબો વિચાર કર્યો નહી ત્યારે તપાસ કરવા જેવું પણ શું હતું ? પ્રીયા કદી જૂઠું તો ના બોલે બોલ્યાનું પ્રયોજન પણ શું હોય તો ગમેતેમ પણ વિક્રમ જ્યારથી

ગયો ત્યારથી મારૂ ચિત્ત તદન ચળિત થયેલું છે, ગુપ્ત રીતે અત્યારે સર્વ સ્થળે નગર ચર્ચા જોતો આવુ છું પણ સર્વ ઠેકાણે શોક પ્રગટાઇ રહ્યો છે ઉજ્જન સમશાનવત ભાસે છે. નગર પ્રજાના મનો તદ્દન ઉદાસી થએલાં છે સરવ ઠેકાણે મારો ફીટકાર સાંભળવામાં આવે છે જોર જુલમ પણ અત્યંત વરતી રહ્યો છે નક્કી કાંઇ માળવદેશ ઉપર આફત આવવાની હોય એવું મને અનુમાન થાય છે ખરે હું તદન રાણીનો લુબ્દ બની પ્રજાની જરા પણ ખબર લેતો નથી. આતો મારી કેવી મુર્ખાઇ પરમાર વંશમાં મારા જેવો થઇ ત્રિયાઅંધિત પુરૂષ થયો નથી. છતાં હું આમ, તેતો જગત નિયંતાનો કોપ ગણાય. **આશાગોડી.**

ઉદાસી અતી થાયે, પ્્રભુ દિલ ઉદાસી અતી થાયે,
ભયકારી સહુ ભસે છે મુજને, ચેન પડે ન જરાયે, પ્ર૦
વિક્રમ વિના સર્વ ઠેકાણે, શોક ગયો પ્રસરાયે, પ્ર૦
રાણીની મહિ લુબ્દ બન્યો હું, જુલ્મ મોટી તે ગણાયે, પ્ર૦
ખબર લીધી નવ પ્રજાતણી તો, થાય છે અતી અન્યાયે, પ્ર૦
માળવ દેશ ઉપર ખરે તો, આફત આવી જણાયે, પ્ર૦

ખરેખર કાંઇ આફત આવવાની છે એમાં તો સંદેહ નહીં, વિભુવર કરે તે ખરૂં, ચાલ ચર્ચા તો બધે જોઇ વળું.

પ્રવેશ ૬ ઠો.

ચંપકકળા ગણીકાનું ગ્રહ.

ચંપકકળા—આ પણ ખરે એક નવાઇની વાત છે! નવારાણીની ઉપર અગર બીજે કાંઇ પણ વિક્રમાદીત્યની બુદ્ધિ આવી નઠોર થાય તો એતો ગજબની વાત છે. આમ થાય એ કદી પણ સંભવીત નથી, ગમેતેમ હોય પણ આમાં તો કાંઇ જુદીજ વાત છે. સાંભળવામાં આવ્યુ છે કે નવાં રાણી અશ્વપાળને તેડતા આવ્યા છે, તેના ઉપર વિક્રમ મહારાજાની બહુ ધાક હતી, અને તેથી અશ્વપાળથી કાંઇ પણ આડુઅવળુ જવાતુ નહી. તેમ રાણી અતીશે કામાંધિ છે જ્યારે અશ્વપાળ યાર સાથે મળવાનો રસ્તો ના રહ્યો ત્યારે વિક્રમને પોતાની અપેક્ષા જણાવી. પણ પરમારવંશી એવું નીચ કૃત્ય કદી કરે નહી, એવી મને સંપુર્ણ ખાત્રી છે, તેમાં વળી વિક્રમ દેવાંશી નર! જ્યારે રાણીએ એવી નીચ અપેક્ષા જણાવી હશે ત્યારે સિદ્ધાંતથી વિક્રમે તિરસ્કાર કર્યોજ હશે, એમાં તો સંદેહ નહી.

એક તો તિરસ્કાર અને બીજું યાર ઉપર સપ્પો એ બન્નેથી કંટાળી ખોટા આરોપે દેશનિકાલ કરાવ્યા હશે? મહારાજા પણ તદ્દન ક્ષીન બન્યા છે. ઉજ્જન નગરીમાં શોક પ્રગટાઇ રહ્યો છે નોકરો બધા લાંચીઆ થઇ ગયા છે વિક્રમ ગયા હજુ ઝાઝો વખત થયો નથી, ટુંક ત્રણ ચાર દિવસના વખતમાં એકદમ સ્થીતી ફરી ગઇ છે, આ મારા મનના તરંકો છે પણ ખરી ખાત્રીના ખબર મળ્યા નથી.

ભલે લાલ તમાચો મારી મુખડું લાલ રાખો એ રાહ.

આતે અફવાતો કેમ કહી માન સાચીરે,
માનુ સાચીરે, કેમ માનુ સાચીરે, આતો૦
મહારાજા વિક્રમ તણું તો, કાર્ય નવ હોય,
પવમાવંશમાં હજુ એવો, પ્રગટયો નથી કોય. આતો૦
પિંગળા રાણી નીચી નારી, એમાં નહી સંદેહ,
કપટ રચ્યું છે તેણે ભારી, જરા નહિ તે ફેર, આતો૦
ધર્મ ધુરંધર તે મહારાજા. કરે ન એવું કામ,
નીચાં કૃત્યની ઉપર તેતો, કદી ન બીડે હામ. આતો૦
ભુપ ભરથરી ફાંસો નાંખી, વશ કીધાં છે સાર;
સાચું જુઠું નવ તપાસ્યું, તેણે તો લગાર. આતો
માળવામાં દીલગીરીતો, વરતાણી બહુ પેરે;
વિક્રમ જાતાં વિદેશ માંહી, થયો છે કાળો કેર. આતો૦

ખરેખાત વિક્રમ ઉપર ખોટો આરોપ મુકાણો છે હવે માળવ ગાદી વધુ ટકવાનો વખત નથી, થાય તે ખરૂં બેઠા બેઠા જોઇએછીએ આપણે પણ તે અશ્વપાળને ઠીક હેળવ્યો છે, રાણીની બક્ષીશો મારી પાસે તુરત હાજર કરી આપે છે તેની પાસે તો જેટલું હતું તેટલું આવી ગયું છે હવે થોડા ઘણા દીવસ યારી રાખવી, કાંતો તેનો પાપનો ઘડો ફુટી જાય છે નહી તો આપણે ધક્કો મારશું. શું કાંઇ એમાં શરમ છે? કુળાચાર પ્રમાણે વર્તવામાં શો બાધ.

(અશ્વપાળ આવે છે)

ચંપક—પધારીએ અશ્વપાળજી હમણાં તો થોડા વખત આવરો જાવરો રાખો છો? શું તમને આ ઘટીત ગણાય કે? આપ જાણો છો કે તમારા દર્શન વિના મને જરાપણ ચેન પડતું નથી ક્ષણ વિયોગ તે યુગ સમાન સમજુ છું અપ કૃપાનાથ જ્યારે મારી ઉપર કૃપા દ્રષ્ટી ઓછી કરશો ત્યારે તો મારૂ જીવતર વૃથા થાય ના.

મદનપાળ—એમ હોય ખરૂં કે જેવોજે તમારો પ્રેમ તેવોજ મારો છે જરા પણ ઓછો સમજશો માં. અત્યાર સુધી તો આવવા જવાને જરા પણ હરકત હતી, પણ હવે તો કોઈ પુછનારૂંજ નથી.

ચંપક—અત્યાર સુધી પુછનાર હતા ને હવે કેમ નથી ?

મદન—વિક્રમે જેવો તેવો બંદોબસ્ત રાખ્યો નહોતો તમારી પાસે આવતો જતો, પણ ડર બહુ હતો તો હવે જ્યારે તેને દેશવટો મળ્યો ત્યારે કોણ પુછનાર રહ્યું ?

ચંપક—ભલા મેં વાત સાંભળી છે કે વિક્રમાદિત્યને દેશવટો આપ્યો તે શા માટે ? તમારાથી તો તે બાબત અજાણ નહી હોય. ભલે રહો તેમ ઘોડારમાં પણ તેથી શું થયું ? ક્ષણ ક્ષણની ખબર તમારી પાસે આવ્યાજ કરે.

મદન—અમને ભોળી સમજો છો ? કદીજ નહીં અમારૂં ખોળીઉં ઘોડારમાં પણ ચીત તો સદા ભ્રમીતજ રહેવાનું.

ચંપક—ત્યારેજ કહું છુ ના કે તમારામાંથી તે બાબત અજાણી ન હોય.

મદન—પણ તમને કહેવાય તેવી નથી તો.

ચંપક—તો મારે સાંભળવાની જરૂર પણ નથી. તમને વળી મારાથી વાત વહાલી હશે ? અમારે એમ રાખ્યું પાલવે નહી કારણ ક્ષણ સમય વિયોગ તે અતિ દુર્લભ અમારા વિભુશ્વર તો ખરા તમેજ છો જ્યારે આપ પધારો છો ત્યારેજ મને શાન્તી વળે છે તમારે તો મોટી મોટી રાણીઓ સાથે પીછાન એમાં અમારી શી ગણત્રી ?

મદન—વાહ પ્રીયા તે વાત તમારા જાણવામાં આવી ?

ચંપક—કેમ ના આવે? અમે જરાતરા સમજીએ છીએ ખરા અને ત્યારેજ અમારી ઉપર કૃપા દ્રષ્ટિ રાખોછો, નહિતો વળી એવી વાત અમારાથી વહાલી હોય ખરી કે ?

મદન—પ્યારી રીસ નહી ચઢાવો, હું તે સર્વ બાબતથી તમને માહીત કરીશ પણ હમણાં તો ગાયન ચલાવો જેથી બગડી ગએલા મગજને જરાતરા શાંતી આવે,

ચંપક—   **ગાયન.**

થયો છેરે મમ સફળ જન્મ તમ દર્શનથી આજે,
સ્વામી મારા નેનનાં તારા, પ્યારા છો પ્રિયનાથ,

ચિત પ્રોયું, મન મોહ્યું, દુખ ખોયું, સુખ જોયું.
પ્યારી સ્વીકારો પ્યારની માંહે જેમ દીલ છાજે. થયો૦
સંયોગ થયોને વિભુ કૃપાથી પ્યારા મારા યાર,
તમ પ્યારી હીતકારી, સેવા સારી, પ્રીય ધારી,
ઉરમાંહે વસીયા પ્રીતમજી પ્રેમ તણા કાજે. થયો૦
નીરખુ તમને વહાલા જ્યારે દીલ થાયે છે શાંત,
દીન હારા, ધારો પ્યારા, પ્રાણ મારા, સુખકારા,
પ્રીતી માંહે પ્રીય નીભાવો કરગરી કહું આજે; થયો૦

મદન—વાહ પ્રીયા આજના ગાયનની ખુબી તો ન્યારીજ છે, આજની પ્રીતી પણ વિચીત્ર છે, પ્રીયા આમ હરહંમેશ મહેશ્વર પ્રીતિ નીભાવે તો કેવું સારૂં.

કપટ—અવિચળ તો શું પણ મહેશ્વર કૃપાથી જ્યાં સુધી હયાત છીએ ત્યાં સુધી તો પીતા કૃષ્ણ જરા પણ મોળુ ના પડે એમ ખાતરીથી સમજજો.

મદન—ત્યારે પ્રિયા મરણનું દુઃખ ટાળુ તો કેમ ?

કપટ—એ શું બોલ્યા ! કાળ કોઇને પણ મુકનાર નથી, રામચંદ્ર, કૃશ્ન, ભીસ્મપીતા, યુધિષ્ટિર, અરજુન, વિગેરે મહા પ્રતાપી પુરૂષો થઇ ગયા તેઓ પણ એક વખત મણાધીન થયા, તો આપણે શી વીશાતમાં ગણાઇએ.

મદન— લાવણી.

ફળ એક ઉત્તમ તો આજ મળ્યું છે ભારી,
પ્રાસનથી અમર થાય નરને નારી;
એ ઉત્તમ ફળને આજ પ્રીયા લ્યો સ્વીકારી,
જન્મ મરણ ટળે દુઃખ ઉર લ્યો ધારી,
આ ઉત્તમ વસ્તુ મળી મુને બક્ષુ પ્યાસે,
તે સુપ્રત કરૂછુ આજ તુને ઉલ્લાસે.
અમર થઇને પછી પ્રીયા સુખ દ્યો ભારી,
સદા જોબન વેશે રહો તમે તો નારી,
મમ પ્રાણથી વ્હાલી આજ તુને તે ધારી,
અમરફળ છેરે અમુલ્ય સોંપુ આવારી,
પ્રોતી અવિચળ રહે સદાએ માગુ,
પ્રીયા રીસ કરે કદીય તને ના ત્યાગું.

ચંપક—પ્રાણેશ્વર આવી અમુલ્ય વસ્તુ આપના કોમળ હસ્તમાં ક્યાંથી આવી? તે કહેશો ખરાકે!

મદન—પ્રીયા વાત કહેવાય તેવી તો નથી પણ હું તમને મારૂ તન મન ધન સમજી કહુ છું, પણ સરત રાખજો કે પાછી આડી અવળી ફેલાય નહી કારણ મોટાના ઘરમાં પગ મુક્યો છે તો પુરતી સંભાળ રાખવાની જરૂર છે.

ચંપક—શું તમે મુરખ સમજો છો? વળી કોઇ દીવસ બીજે ગઇ છે ખરી કે, પણ પ્રથમ પડતી મુકી આ સરવ બાબતથી દીન દારી વાકેફ થવા ઇચ્છા ધરાવે છે.

મદન—સરવે કહું છું તે સાંભળો લ્યો.

માડી તું મને વઢે છે પણ કેડે પાછી હસે છે-એ રાહ.

તું તો સાંભળ પ્રીયા મારી, આજે વાત કહું વિસ્તારી;
બચપણથી મારે યારી, પીંગળા સાથે લાગી પ્યારી,
નાની વયમાં કપટકળાએ જોડી દીધી પ્રીતી,
ચંદ્ર ચકોરનો પ્યાર તો લાગ્યો, જુદી ના રહી રીતી;
યારી અતિશે બંધાણી પ્રીતી અતિશે બંધાણી, તુંતો સાંભળ,
જીવ જુદો તો જરા ન રહ્યો, લાગ્યો છે બહુ પ્યાર,
ક્ષણ વખત યુગની સમ તો, લાગે દુઃખ અપાર,
જરા જુદ ના રહેવાયે, ઘડી જુદ ના રહેવાયે, તુંતો૦
જનાને હું જાતો આતો, પ્રેમનુ કરવા પાન;
મંડપમાં મહારાજ પરણ્યા, તોડીને નીશાન;
મુને સાથે તેડી લાવી, પ્યારી સાથે તેડી લાવી; તુંતો૦
મારી ઉપર વિક્રમતણી, હતી બહુ સખ્તાઇ;
જરા જુદો નવ પડવા દેતો, થાય ન સંયોગ કયાંઇ;
મુઝવણ આવી તેથી ભારી દુઃખ લાગ્યું તેથી કારી, તુંતો૦
મહારાજા શિકાર પધાર્યા, પાછળથી પ્રપંચ;
ખોટો આરોપ મુકયો તેણે, રાય થયો છે અંધ;
જરા ઢિલ ન લગાડી, કાઢયો વિક્રમ તે વારી, તુંતો૦
અમરફળ રાજાએ હેને, આપ્યું રાણીને સાર;
તુરત તેણે મુને મોકલાવ્યું, આણી અતિ પ્યાર;
તેતો લાવ્યો છું આવારી, પ્રાસન કરને તુંતો પ્યારી; તુંતો૦

(ભરથરી અત્યાર સુધી ગુપ્તથી ઉપરની બીના શ્રવણ કરતાં ક્રોધથી સમગ્ર બની આશ્ચર્ય સાથે સ્વગત)

ભર્તુહરી—હા પ્રભુ શું આવી કનીષ્ટ વાત સ્વપ્નામાંતો નથી સાંભળતો (હાથની આંગળી કરડી) નહી ખરેખર જાગૃતપણામાંજ છું. અરે આ શું કહેવાય? અરે પીંગળાની આ કુબુદ્ધિ, આતો એક ગજબની વાત છે. શું વિક્રમ ઉપર આવો પ્રપંચ? શું પીંગળા આવી દુષ્ટભાર્યા? આમ હોય તો મહા અનાર્યની વાત ગણાય? ખરેખર તેમજ હોવું જોઇએ, નહિ તો અમરફળ આના હાથમાં આવેજ કયાંથી? તે દુષ્ટ રંડાએ ખરેખર મને છેતર્યો છે. પીયેરથી સાથે તેડી તેનું કારણ પણ તેજ હોવું જોઇએ. વિક્રમની એવી ખરાબ નિષ્ટા કદી પણ હોયજ નહિ, તે દુષ્ટાનો પાકોજ પ્રપંચ હવે શું જોઉં છું? એ નિમકહરામી અશ્વપાળે નીમકહરામીપણું પુરેપુરૂં બતાવી આપ્યું છે તેને તો પરાપતજ કરવો જોઇએ. પરમારના જનાનખાનામાં પગ મુકયો, એ શું ઓછી નામોશીની વાત છે? એ ચંડાળની પછે વાત પણ આને તો ઓછોજ કરૂં. (ચાસન) અરે ચંડાળ નીમકહરામી તને જરાપણ શરમ આવી નહી? તેં જરાપણ હીત અહીત વિચાર્યું નહીં? તને જરા પણ ડર લાગ્યો નહિ? પરમાર જેવા પવીત્ર કુળમાં પગ મુકતાં તને જરા અચકામણ થઇ નહી? ધીક્કાર છે તને તારી જાતને, અને તારા માત પીતાને, ખાધુ તેનુંજ ખોદયું? હું હવે કદી તને છોડનાર નથી, ચંડાળ તો તને ખબર તો હતી કે એવાં દુષ્ટ કૃત્યે પગલું ભરતાં મારા શરીરના કોટાનકોટી કટકા કરવા પરમાર તરવાર સાબીત છે અરે મારા પ્રવીત્ર ભ્રાતને ચંડાળ તેં દેશનિકાલ કરાવ્યો, હાય હવે હું કેટલું સહન કરૂં? ગુણીકા પ્રત્યે કહેલી વાત ખરી છે કે ખોટી? નકી માનજે કે સાચેસચું કહતાં તું થોડી શીક્ષાને પાત્ર થઇશ.

મદન—(અતી ગાભરા બની સ્વગત) વિભુ મારી ઉપર અચાનક આ શો કોપ? મહારાજા અત્યારે કયાંથી આવી ચડયા હશે? અરે મારા મુખેથી આવી વાત કયાંથી નીકળી ગઇ હવે તે મને છોડે તેમ નથી, નકી માર આવી બન્યું, હતી તેટલી બાબત તો કહેવાઇ ગઇ છે, હવે એકે પ્રપંચ ચાલે તેમ નથી, ત્યારે ખોટું બોલવું તે તદન નિરર્થક છે. આ પરમાર કદી છોડે તેમ નથી.

મદન—(ચાસન)

હું જાઉં સ્વભુમિ છોડીને ફરી નહિ આવું આ ઠામ—એ રાહ.

મહારાજા તો માફ કરોને ગુન્હો મારો આ વાર,

હું અંધમાંત (૨) પાપીષ્ટ થયો છું અપાર, મહારાજા

ચંડાળ બન્યો (૨) મેં ધર્યો નહીં લેશ ધર્મ;
અવિચારે અતિ આદર્યું મેં અહિતકારી કર્મ,
શર્મ તો જરા (૨) નવ આણી મેં દીલ મોઝાર. મહારાજા.
નિમકહરામ (૨) હું થયો અતી મહારાજા,
પરમાર કુળમાં પ્રભુ તમારી લોપી છે મેં માઝા,
કામાંધ અતી (૨) મેં કર્યા બહુ દુરાચાર, મહારાજા.
છું શ્યામ મુખ (૨) મારો અગર ઉગારો,
શર્ણું માંહે આવ્યો રાયજી ગુન્હેગાર તમારો,
દિલ આણી દયા (૨) છોડી દોયો નૃપ કૃપાળ, મહારાજા.

મહારાજા હવે તે બાબત વીશે વધારે શીદ પુછોછો ? આપે સાંભળ્યું તે તદન ખરૂં છે. મા-રો-અ-ગ-ર-ઉ-ગા-રો.

ભર્તુહરી—ચંડાળ નીમકહરામ તને સતકોટી ધિકાર છે, આવુ કુકર્મ કરતાં તને જરા પણ શરમ આવી નહિ ! અરે કોઇરે હાજર ? (ચકરના સીપાઇનું ટોળું આવી ચડે છે, તેની પ્રતિ તુમ જલદી જાકર શેરસિંહજીકી મારફત પીંગલા ઔર ઉસ્કી દાસી કપટકળાકુ મુસ્કેટાટ બાંધકર ઇધર લાઓ.

સીપાઇ—અચ્છા મહારાજ મગર એસા કરના સાહેબ.

ભર્થહરી—તુમારે પુછનેકા કયા જરૂર હે ? મુસ્કેટાટ કરેકે તાકીદે લાઓ જરાબી ડેર નહી રાખો.

સીપાઇ—અચ્છા જીનાબ હમ જાતાહે. (ગયા બાદ)

ભર્થહરી—અરે પ્રભુ આતે માળવભુમી ઉપર આ શો કોપ ? અરે મારા પરમારકુળે આવી અપવીત્ર ભાર્યા કયાંથી આવી ? અરે મને અત્યારે બીજું કોઇ પણ સાંભળતું નથી પણ મારો પવિત્ર લઘુ ભ્રાતાને દેશનિકાલ કર્યો, તેજ મોટું દુ:ખ સાલે છે, અરે હવે હું શું કરૂં ? પૃથ્વિમાતા તું રસાતલ કેમ નથી જાતી, શેષનાગ પૃથ્વિને ફેરતા કેમ નથી નાખતો ? આકાશ મારી ઉપર તુટી કેમ નથી પડતું ? સાગર છલકાઇ તેના મોજામાં મને ખેંચી કેમ નથી લેતો ? અરે તમે સર્વ તમારા મર્યાદા આ કામી ભર્તુહરીને માટે છોડી મારૂં ભક્ષણ કરો, અરે વિક્રમ ઉપર મેં તીરસ્કાર પત્ર લખ્યો ત્યારે મારો હાથ કપાઇ કેમ ના ગયો ? અણુચિંતુ ખંજર કેમ ના પડયું ? મારા દિલના વિચારો બળી કેમ ના ગયા ? એવા કઠોર વચન તેની તરફ ફેંકના મારી નિરદય છાતીમાં કારી ઘા કેમ ન લાગ્યો ? અરે પાપી પીંગળા મને તેં પુરતો ફસાવ્યો, અરે દુષ્ટ

નિમકહરામી કાંણીયા તેં પણ લવલેશ વિચાર ના કર્યો, હાય તુજ મારા દુઃખનું કારણ થઇ પડયો છે. અરે હાય હવે તને શું કરૂં? તને ગમે એટલી શિક્ષા કરૂં તેટલી ઓછીજ છે.

ગાયન— (જુસ્સા ભેર લેવાનું)

મારૂ મારૂ તુને ઠાર, હવે કરૂ શું રે હાય,
કરૂ શુંરે હાય હવે કરૂ શુંરે હાય, મારૂ મારૂં,
જરા વિચાર ના કીધો દુષ્ટ પ્રગટે છે લાય,
ઠાર ઠાર કરવી ઘટે દુષ્ટ તારી કાય (૨) મારૂ૦
પાર પાર કરતાથી પણ દાઝ ન ઓલાય,
કાળુ કાળુ મુખ તારૂ હવે નહી તું બતાવ,
નહી તું બતાવ હવે નહિ તું બતાવ. મારૂ૦

શેરસીંહજી--સલામ ભરી મહારાજા આપના હુકમ મુજબ કપટકળાને તો બાંધી લાવ્યો. પણ મહારાણી બહુ કકળાટ કરવા લાગ્યાં તેથી મને દયા ઉપજી અને બાંધી ના લાવ્યો.

ભર્થહરી--તમારે દયા લાવવાનું કામ છે કે હુકમ ઉઠાવવાનું?

શેરસીંહ--મહારાજ હુકમ ઉઠાવવાનું, પણ મહારાણીને શામાટે?

ભર્થહરી--તમારે વધારે પડપુછની શી વધારે જરૂર છે તાકીદે લાવો. (શેરસિંહ ગયા બાદ)

કપટકળા આ અમરફળ કાંણીઆને શા માટે આપ્યું? જરા પણ જુઠું બોલી તો નકી સમજજે કે આ તરવારથી તારા કોગનકોટી કટકા કરી નાંખીશ. અત્યારે સ્ત્રી હત્યાનો જરા પણ ડર ખાવાનો નથી, બોલ સાચું કહે?

કપટ—મ—હા—રા—જા—યા—રી—રા—ખ—સ.

ભર્થહરી--તારી કે તારી બાઇની સત્વર બોલ?

કપટ—મ—મ—મ—મા—મા—રી—બ—બ—બ—બા—ઇ—ની.

ભર્થહરી—શી રીતે થઇ બોલ? તને વચન આપું છું કે સાચેસાચું કહીશ તો ઠાર નહી કરૂ, જ્યારથી યારી બંધાણી ત્યારથી અત્યાર સુધી અથ ઇતી કહી બતાવ.

કપટ--(અભયવચનથી હીંમત ધારી) મહારાજ હવે હું શરમ છોડી જે કહું છું તે પ્રતિજ્ઞાપુર્વક સાચેસાચું કહું છું.

રાગ દેશની ખમાચ.

મહારાજ આ વાર, સુણો દીન દયાળ, જુઠું બોલું ન લગાર,
માળવાના પતિ, સત્ય ભાખે આ વાર, દીનહારી પ્રભુ. મહા

મારી બાઇને પ્રીત, કાણીઆથી ખચીત, મોહ્યું તેનામાં ચિત,
બાળપણ થકી જનાને આવે જાય, હમેશાં તે વિભુ મહા૦
થયાં લગ્ન જે વાર, કર્યો તેને તઈયાર, સાથે લાવ્યા આ ઠાર;
તમ રજા લહી પણ અહીં ના પળાય, બંદોબસ્ત બહુ. મહા૦
ત્યારે બનીને અંધ, રાણી બોલ્યા નીશંક, લાવ દાસી વીક્રમ,
તું આ વાર ખરે, કરી દિલને શાંત, સુખ તેથી લહું. મહા૦
વીક્રમભાને તે વાર, લાવી હું તેણે ઠાર, કર્યો તિરસ્કાર;
મહારાજે તીહાં, તન તેમને શીર મુકયો દોષ બહુ, મહા૦
આપે ફળ મુને રાય, આપ્યું રાતની માંહિ, મેં સોંપ્યું મમબાઇ,
તેહવાર ખરે ફરમાવ્યો હુકમ, મમ બાએ મુને, મહા૦
કર સુપ્રત યાર, જેથી સુખ અપાર, પામુ હું નિરધાર;
તેની પ્રીતીથકી મેં કર્યું એહ કાજ, સાચે સાચુ કહુ, મહા૦

માળવ પ્રભુ આપની પાસે ખરેખરી બીના કહી દેખાડી છે હવે આપની ખુશીમાં આવે તેમ કરો.

ભર્થહરી—કમજાત દાસી તને તારી બાઇને સત્તકોટી ધિક્કાર છે. મને બીજું કાંઇ પણ દુઃખ થતું નથી પણ મારા નિરદોશી ભ્રાતને દેશનિકાલ કરાવ્યો, તેતો કારી ઘા અતિશે મારા દિલમાં સાલે છે અરે જેણે કોઇ દિવસ પૃથ્વિ ઉપર પગ મુકયો નહોતો તે અત્યારે અરણ્યમાં ભટકતો હશે? બત્રીશ પ્રકારના ભોજન સુવર્ણ પાત્રમાં જમતો તે અત્યારે ફલફુલાદીથી ક્ષુધા મટાડતો હશે। કંચન મહેલમાં જરીથી બીછાવેલ રત્નમય પલંગપર સુતો તે કંઇ પણ વસ્ત્ર વિના અટકી ભુમી ઉપર નિરાધાર પડયો હશે? અરે જેની સેવામાં હજારો દાસ દાસીઓ હાજર હતા, તે અત્યારે ફક્ત એકલોજ? હાય હાય વીધી તેં મારી આવી દુષ્ટ બુદ્ધિ કયાંથી કરી? વિક્રમ હું તારો ભાઇ નહી પણ ખરે વૈરી ઠર્યો. અરે આ દાહમિ શી રીતે ઓલવું? મારા જીવતને ધિક્કાર છે, આથી મરવું તે હજાર દરજજે ઉચીત છે, ભ્રાતા જેવી પ્રીતી લક્ષમણની રામચંદ્રજી પ્રત્યે, બીમ અરજુનની ધર્મ પ્રત્યે. સમગ્ર પાંડવોની કૃષ્ણ પ્રત્યે હતી, તેથી તારી જરા પણ ન્યુન નહોતી! અરે હવે હું શું કરૂ? (પીંગલા બંધન સ્થાતીમાં રોતી કકળતી હાજર થાય છે.)

પીંગળા—પ્રાણનાથ મારી આશી દશા? મારી પ્રત્યે આપનો આવો નીરદય હુકમ? અરે કાંઇ પણ વહાલ કેમ સંભારતા નથી? તમારૂં ચિત્ત કેમ ભ્રમીત થયુ છે? હું બંધનથી અતીશે પીડાઉ છું

માટે મુક્ત કરવા કૃપાવંત થાઓ, મારી નહીં તો જગતની પ્રતિષ્ટાથીજ છોડી મુકો !

ભર્થહરી--તારી બધી લવરી જવા દે, એટલી વિભુની કૃપા સમજ કે હજુ જીવતી મુઇ છે, બોલ અમરફળ ક્યાં મુકયું ?

પીંગળા--(આશ્ચર્ય થઇ)વળી અમરફળ શું ? મેં ભાળ્યું પણ નથી તો ખાધુતે ક્યાંથીજ હશે, તમે આતે શી વાત કરો છો વિક્રમે જુલમ ગુજારવામાં બાકી રાખી નથી, વળી તમો પીડો. વિભુ અરે જરા મ્હેમ તો કર, મારા પતિવ્રત તરફ કેમ જરા પણ જોતા નથી.

ભર્તુહરી--તારૂ પતિવ્રત આથી કેવું, બોલ અમરફળ ક્યાં છે.

પીંગળા—ક્યાં છે એમ હું ક્યાંથી કહું ? પ્રાણેશ્વર આપે મને ક્યારે ને ક્યાં આપ્યું ? તેની સ્મૃતિ કરો. ચાર દિવસથી મહેલે પણ પધાર્યા નથી, શું આમજ મારીપર અવિશ્વાસ આવે છે.

ભર્તુહરી—શું તેં અમરફળ ભાળ્યુંજ નથી કેમ ? કમજાત કપટકળાને રથમાં મુકી સામે મોકલી હતી તે દિવસે તે દુષ્ટ રંડાને તે ફળ આપી પરભારો મહાકાળેશ્વર ગયો હતો, તે તને નથી મળ્યુ ?

પીંગળા— નહિ પ્રાણનાથ એ તો અધરથી કપટકળાએ પચાવ્યું, બોલ કપટકળા તેં મને ક્યારે આપ્યું હતું ? રાંડ જુઠું બોલતાં શરમાતી તથી !

કપટ—બાઇ હવે વધારે ખોટું બોલો પાપમાં ભરાતા જાઓ છો ! મે તમને તુરત આપ્યું હતું આપે અશ્વપાળને આપવાનો હુકમ ફરમાવ્યો. ત્યારે મેં તેને આપ્યું

પીંગળા—રાંડ નીચ તુખમની મારે અને અશ્વપાળને શું ? જરા વીચાર કરી બોલ ? જરા શરમાતી પણ નથી.

કપટ--બાઇ હવે જેટલો પ્રપંચ કરો તે વૃથા છે. મારે હવે ફરીને એવા નીચા કૃત્યમાં હાથ ઘાલવાની જરૂર નથી કે ખોટું બોલવા જરૂર પડે.

પીંગળા—અરે પ્રિયતમ આ નીચ દાસી મારી પ્રત્યે કેવાં કઠોર વચન કહે છે ? પ્રાણનાથ તેવાં કઠોર વચનો મારાથી સહન થતાં નથી. અશ્વપાળ મારે ભ્રાતા તુલ્ય છે તેમાં આવો જુઠો આરોપ એક નીચ ગુલામડી મુકે છે. તે આપ કેમ સહી શકો છો ?

ભરતુહરી—ચંડાળણી બધો પ્રપંચ જવા દે, તારે કાંણીઆ સાથે યારી નથીજ નથી કેમ ? અલ્યા અશ્વપાળ સાચી વાત જ-

બ્તાવી દે! તારી કોની સાથે યારી હતી. જરા પણ જુઠું બોલ્યો તો તારા કોટાન કોટી કટકા કરી નાંખીશ.

મદન— મહારાજા હ–તી તો પીં–ગ–લા બા–ઈ–સા–થે.

ભરતુહરી—સાંભળ દુષ્ટા આ બંને ખોટા ને તું સાચી કેમ?

પીંગળા—મહારાજ સહુ સ્વાર્થ માટે ગમે તેમ બોલે. પણ એવો અવિશ્વાસ મારી ઉપર કેમ આવે છે.

ભરતુહરી—તારા ચરીત્રો હું બધા સમજી ચુકયો છું બોલ વિક્રમે તારી ઉપર કુદ્રષ્ટી કરી હતી કે તેં તેની ઉપર કરી હતી?

પીંગળા—મારે એવો વખત શા માટે આવે? આમ બોલતાં શરમ પામું છું, માટે પ્રીતમેસ્વર ઉંડી રીતે આપજ તપાસ કરી લ્યો.

ભરતુહરી—હવે મારો તપાસ કરવાપણું છેજ નહિ. એ ધર્મની મુરતીમાં કદી ચુક આવેજ નહી, જયારે તારો પ્રપંચી પત્ર વાંચતાં સાહસીકપણે તેના ઉપર ક્રોધાયમાન થયો ત્યારેજ આકાશ વાણી થઇ હતી કે સાહસીક નહિ થાઃ પણ દુષ્ટ તારા ભરમીતપણામાં ભુલાવો ખાઇ તે ધાર્મિક વાણીનો ઉંડો અર્થ સમજ્યો નહી તારો બધો પ્રપંચ પુરેપુરો જણાઈ આવ્યો છે. માટે વધારે વખત ચંડાળણી તારૂં શ્યામ મુખ બતાવી મને અપવીત્ર નહિ કર?

પીંગળા— **ભેરવી ગજલ.**

દયા લાવીને ભૂપતી, ઉંડુ વિચારો નાથરે;
કુદ્રષ્ટિ જુઓ નહી, પ્યારીનું તે ન પાપરે.
એ ફળ મુજ નજરથી, હજુ દીઠુ નથી પતી;
વગર વિચારે પ્રભુજી, ક્રોધ કરો શાને અતિ.
કપટકળાનું પાપ તો, નાથ છે તેની મહી;
કેમ ક્રૂર થયા સ્વામિજી, દયા ધરો દિલ કહી.
નીચ કૃત્ય મુજ હસ્તથી, સ્વામીજી તો થયું નથીઃ
પીડો નહી દાસી પ્રભુ કહુછું હું કથી કથી.

પ્રિયનાથ તમારા સોગન ખાઇને કહુછું કે આવું કુકૃત્ય, હજુ સુધી મેં કર્યું નથી. આપ વિચારો તો ખરા, મારામાં એવી ભુલ આવે ખરી કે? શું આતો એક ગજબની વાત છે ના.

ભરતુહરી–દુષ્ટા તારા સોગન બધા સાચાછે તે હું નથી જાણતો?

ક્ષત્રી કલંક.

હાય હાય લાય ઉઠી છે દિલ, વ્યભીચારી તું પાકી ઠરીરે.
કેવું કીધું છે કામ તે તો નીચ, વ્યભીચારી.

તું દુષ્ટાએ ભરમીત કરયું મન. વ્યભીચારી.
મારો લઘુ ભરાત હાય કાઢયો વન. વ્યભીચારી.
રોમ રોમ જ્વાળા ઉઠે છે હાય, વ્યભીચારી.
મુજ દિલ માંહિ લ્હાય પ્રગટાય, વ્યભીચારી.
તારૂ કરવાને માટે તો ખંડન. વ્યભીચારી.
સદી સલામત મારૂ છે તન, વ્યભીચારી.
કોટી કટકા કરૂ છે તંન, વ્યભીચારી.
પણ સ્ત્રી હત્યા ડર છે અપાર. વ્યભીચારી.
મારા પવિત્ર ભ્રાતાની લીધી લાજ. વ્યભીચારી.
હવે રહ્યો નથી કાંઇ તો ઇલાજ, વ્યભીચારી.

હાય હાય સ્ત્રી હત્યાના ડરથી તને અત્યારે જીવતી મુકુ છું. નહિ તો ક્ષણ વખતમાં તારો અપવિત્ર આત્મા પરમાત્માની હજુરમાં પહોંચાડયો હોત.

પીંગળા— ચંદ્ર વખત શો આવીએ એ રાહ.

પ્રભુ ચિતમાં કાંઇ વિચારો, દયા લાવીને પ્યારી સ્વાકારો
શાન્ત કરો તિરસ્કાર, પ્રભુ પ્યારા છો દયાળ,
વિનતી તો દિલે ઉતારો, પ્રભૂ મારા વિનતી તો દિલે ઉતારો.
કદી કરૂ એવુ કામ, જાણો છો બધુ તો શ્યામ;
આવો તે વિચાર નકારો, પતિ કેમ આવો તે વિચાર નકારો. પ્રભુ
શાને છોડી દીધો પ્યાર, થયા કઠોર આચાર;
સારૂ નરતુ નવ ધારો, કેમ પ્યારા સારૂ નરતુ નવ ધારો, પ્રભુ.

શેરસીંહજી—મહારાજા પ્રથમ બધો તપાસ સંપુર્ણ રીતે કરી પછી ખુશીમાં આવે તેમ કરો પણ એકદમ સાહસિક નહિ થાઓ.

ભર્તુહરી—શેરસીંહજી મને તો સિદ્ધ થઇ ચુકી છે. વળી તમારા મનમાં સીદ્ધતા નહી થઇ હોય કારણ તે કમજાતના કાલાવાલા ઉપર તમારૂ ધ્યાન જતું હશે? પણ હજુ તેના પ્રપચો પુરા તમે સમજ્યા નથી.

સેરસીંહ—મહારાજ એક ઉપાય તો છે પણ આવી રીતે મારા બાસાહેબને જાહેર રાખવા ન જોઇએ, તેમ બંધનથી પણ તેના કાળા કૃત્ય વીચારતા હજુ શી શીક્ષા થઇ છે, હજુ તો આગળ છે બોલો સત્વર ઉપાય કહી દો.

શેરસિંહ—માહારાજા એક બાબતની સીદ્ધિ થાય તેવુ છે તે એજ કે વિક્રમ મહારાજાનો દોષ કે મારાં બા સાહેબનો.

ભરતુહરી—મારે પણ તેજ તપાસની જરૂર છે બીજાનું ગમે તેમ થાય પણ પરમાર પુત્ર તેમાં વિક્રમને માથે આવુ અઘટીત કલંક મુકાયું છે. તે તો એક ગજબની વાત કહેવાણી છે, તો એ ધર્મ મુર્તિને પ્રત્યક્ષ રીતે તેવા પાપીષ્ટ કલંકથી મુક્ત કરવાની જરૂર છે.

શેરસિંહ—એમ હોય તો વીક્રમ મહારાજાનો રાણી ચંદ્રકળા જે સીતા દ્રૌપદીની પંકતીમાં સોભે તેવા છે જેના દર્શનથી પણ ભવો ભવમાં પાપ ભળી જાય. જ્યારે વિક્રમાદીત્ય દેશવટે પધાર્યા હશે ત્યારે અરણ્ય જવા શા માટે હજુર હુકમ થયો તે બાબત ચંદ્રકળાએ અવશ્ય પુછ્યુંજ હશે. તેમ વીક્રમાદીત્ય મહારાજાએ બનેલી ખરી બીના જણાવી આપી હશે તો તેને પુછવાથી ખરી ખાત્રી થશે. તે કદી જુઠું પ્રાણ જાય ત્યાં સુધી બોલે તેવા નથી માટે ખરી ખબર ત્યાંથી મળી હશે પણ તેઓ કદી ગણીકા ગ્રહમાં પધારવાનાં નહી તેમ ઓઝલ પડદો મુકી આગણે પગ પણ નહી મુકવાનાં.

ભરતુહરી—તે સતીને તસ્દી દેવાની જરૂર નથી. ચાલો આપણે ત્યાં જઇએ. આ બંને ચંડાળ રાક્ષણીઓએ તેની શરમ ખાતર નહી તેમ મારી પણ શરમ ખાતર નહી. કારણ હું તો માળવાનો રાજા મટી યોગી થઇ ચુકયો છું. પણ આ પરમાર કુળની પ્રતીષ્ટાએ બંધનથી મુક્ત કરી રથમાં બેસાડી ત્યાં લઇ જાઓ. પણ તેને ત્યાં લઇ જવાની જરૂ નથી, કારણ તે સતીનો પવીત્ર મહેલ આ દુષ્ટાઓથી અપવીત્ર થશે, માટે તેને પરભારી રંગમહેલે મોકલાવી આપો કારણ તપાસ કરવાની તો આપણે જરૂર છે. નીમકહરામી કાણીઆને બેડીઓ જડાવી જેલખાને મોકલાવી આપો હું ફરીને બોલાવું ત્યારે હાજર થાય તેવો બંદોબસ્ત કરજો હું તો ત્યાં જાઉ છું. તમે સર્વ કામ પાર પાડી સત્વર આવજો તમારા આવતાં સુધી મહેલના દરવાજે ખોટી થઇશ,

શેરસિંહ—જેવી મહારાજાની આજ્ઞા.

(સર્વ નીકળી જાય છે)

પ્રવેશ ૭ મો.

(સ્થળ) વિક્રમનો મહેલ.

ચંદ્રકળા—દાસી મેં પુર્વે શું પાપ કર્યાં હશે કે આવો કનીષ્ટ

રીતે પ્રાણવીભુનો વીયોગ થયો. પ્રીતમેશ્વર જુદા આરોપને શીરાચરમ કરી અરણ્ય વીશે પધાર્યા. અરે તેમની ત્યાં શી હાલત હશે અરે મારી હવે શી ગતી થવાની. દાસી મને આ શણગારો જરા પણ ગોઠતા નથી.

સીતાજીના મહીના.

દાસી આરે શણગારો હાય જરા નથી ગોઠતા;
લાગી દીલડા માહે લાય, જરા નવ શોભતા;
જરીઅન સાડી લાગે છે અંગ, બંધન સમ મુજને;
દીલ ઉઠે છે અગ્નિ દાહ, કહુ શું હું તુજને.
સ્મસાનવત ભાસે છે મહેલ, મુજને ખાવા ધાયરે;
પડે નહી જરા મુને ચેન, દીલ અકળાયે,
ઝાંઝર જાણે છે બેડી સમાન, મુકતા મણીધર છે,
કચન ચુડી કરે કડી જાણ, કંચુકી દુખકર છે,
આંખે આંજેલી છે આ મેશ, મરચાસમ મુજને,
શીર તણા તો સુંદર કેશ, બાળે છે બહુજરે.
કસ્તુરી કંકુને કેશર, રસીયા વીણ રાખરે;
શીતળ લહેરો છે અગ્નિ ઝાળ, કરે દીલ ખાખરે.
વીરહાગ્નીતું દુખ અપાર, પ્રીતમજી તણું મન;
શ્વેત વસ્ત્રો લાવી તુ આપ, ધરૂં તેને હુ અંગે.

દાસી આ સરવ આભુષણો હવે મને અગ્નિની પેઠે બાળે છે માટે તેનો ત્યાગ કરૂં છું મને જલદીથી શ્વેત વસ્ત્રો લાગી આપ અરે હાય હવે મારે શું કરવું મારૂં મન અતિશે અકળાયા કરે છે, આ શમસાનવત મહેલ મને ખાવા ધાય છે આ સર્વ આભુષણો હવે અંગારા સમાન સમજાછું અને પતિના વિયોગથી મરવું તે હજાર દરજજે ઉચિત છે.

પાર્વતી— **દક્ષીણી રાહની લાવણી.**

ચીત્તા પરહરો, બાઇ પ્રીય મારારે;
આપ ઉચાટ, પતીની માટ, કરોમાં માત, જગનો તાત.
ટાળશે દુખ તમારારે. ચીત્તા૦
અસહ્ય દુખ તો શીર પડયું આ વારીરે,
તમ સ્વામીન ગયા છે વન, ધરી કલંક વીધીના અંક;
મટે નહી લગારીરે. ચીંતા૦
તમ ધર્મથી સાહય કરશે વિભુરે,

ધર્મનો જય, પાપનો ક્ષય, શુદ્ધ રૂદય, નવ શંશય,
જોઇને રીજે શંભુરે. ચીંતા૦
દેહને દમી નવ પ્રજાળો બાઇરે,
અંગ સુકાઇ દુઃખ તો થાય, મન મુઝાય, ચીત્ત ચીરાય;
શોકથી સહુ પ્રગટાયરે. ચીંતા૦

બાઈ આમ રૂદન કયાં સુધી કરશો ? એથી ઉલટું દુઃખ પ્રાપ્ત થઈ શરીરનો ક્ષય થશે, ઈશ્વર જે દુઃખ નાંખે તે સહન કરવું એ દરેક મનુષ્યનો ધર્મ છે. અગાઉના દ્રષ્ટાંત યાદ કરો ? સીતાજી દમયતી વીગેરેને માથે કેવાં દુખ પડયાં હતાં ? વીભુશ્વર સહુની કસોટી કરે છે. માટે ધીરજ રાખો. દુખના દહાડા વધુ દીવસ ટળશે નહી શું ઇશ્વર આપના પતીવૃતા ધર્મ તરફ નજર નહી કરે એમ કદી ના બને.

ચંદ્રકળા—પણ દાસી પ્રાણનાથને માથે કેવી અંણધારી ઉતરી પડી પાપીષ્ટનો આ વખત છે. એ દુષ્ટ કેવાં અકૃત્ય કાર્યો કરે છે છતાં પ્રભુ તેને કાંઇ પણ કેમ નથી કરતો, કસાઇને ઘેર કુશળ અને ધરમીને ઘેર ધાડ એવો આં વખત છે.

પાર્વતી—બાઇ સાહેબ એમ કદી ના હોય ? ધર્મના મુળ ઉંડાં છે પાપીષ્ટ પ્રથમ ફાવે પણ પાછળથી જડમુળ પણ રહેતા નથી એમ હોય તો પૃથ્વી રસાતાળ જાય ના. (સીપાઇ પ્રવેશ કરી)

સિપાઇ—પાર્વતી બા સાહેબને જણાવ કે શ્રી ભરતુહરી મહારાજા સાહેબ તથા મોટા જનાનાની દેખરેખ રાખનાર શેરસિંહજી અત્રે પધારે છે. તે ખબર કહેવા આંવ્યોછું. (સીપાઇ ગયા બાદ)

ચંદ્રકળા—પાર્વતી શા માટે પધારતા હશે શું જેવી રીતે પ્રાણનાથને માથે ખોટો આરોપ ઉતર્યો તેવીજ રીતે મારે શીર ગુજારવાનો હશે કે શું દાસી તેમજ હશે માટે હવે હું ધીટકાર સાંભળવા નહી રહેતાં પરમ કૃપાળુંની હજુરમાં મારો નિસ્કલંકી આત્મા રજુ કરૂં છું પ્રિયનાથ પધારે ત્યારે. પ્રણામ કહેજે.

પાર્વતી—બા ધિરજ તો રાખો આમ સાહસીક શું થાઓ છો? વૃતાંત પુરેપુરૂ શ્રવણ કરયા વગર ગાભરા બનો તે તો ઠીક નહી.

ચંદ્રકળા—ઠીક ત્યારે સુવરણ સિંહાસન ગોઠવી આડો ચક નાંખ પિતા તુલ્ય જેષ્ટના મુખમાથી કાંઇ પણ કટુ વચન નીકળસે તો આ કટાર ગ્રહણ કરી રાખું છું તેથી પ્રાંણ ત્યાગ કરીશ.

(ભરથરી સેરસિંહ આવી બેસે છે)

ભરતુહરી--પારવતી ચંદ્રકળા બેનને કહે કે આડા ચક શું કામને છે? હું તો પિતા તુલ્ય છું પીતાની માર્યાદા દીકરીને રાખવાની જરૂર નથી તેમ આપણામાં ઓઝલ પડદો છે તે યોગીને માટે નથી તેમ હું પણ અત્યારે માળવપતિ નથી પણ યોગીજ સમજી લ્યો ફક્ત એક બાબત પુછવાની છે.

સેરસિંહ--મહારાજ આવા કઠોર વાકય! શા માટે કાઢો છો? પારવતી બાને કહે ઓજલ પડદો કાઢી નાખશે.

પાર્વતી--મહારાજા અંદરથી મારાં બા સાહેબ કહે છે કે, પિતા તુલ્ય જેષ્ટની આજ્ઞા ઉથાપી શકતી નથી પણ અઘટીત થશે.

ભરતુહરી--નહી એમ શા માટે રાખોછો? પીતા પાસે પડદો છોડવા હરકત નથી. (ચંદ્રકળા બારણે આવી)

ચંદ્રકળા--પવીત્ર પિતા તુલ્ય જેષ્ટ હું આપને વંદન કરૂં છું

ભરતુહરી--અખંડ સૌભાગ્ય રક્ષણ રહો બેન ચંદ્રકળા મારે પુછવાનું છે કે વિક્રમે તમારી પાસે અરણ્ય જવા રજા માગી તો પિંગળા સાથે તેને કેવો પ્રસંગ પડયો હતો તે બાબત તમને કદી પણ દેખાડી હશે તો તે બાઇ યથાસ્થિત કહી બતાવો.

ચંદ્રકળા--જેષ્ટજી સાચુ અગર ખોટું ઇશ્વરાધીન પણ મને ખાત્રી છે કે મારા પ્રાણુનાથ મારી પાસે તો શું પણ ગમે તે ઠેકાણે જુઠું બોલવા કદી પણ ધારણા રાખે નહી.

રાજકુવરને કયાં લઇ જાઉં એ રાહ.

જેષ્ટ પીતા હકીકત તેહ, જરા ન ધારો સંદેહ!
ખરેખરી કહું છું આજે તમને, પ્રિતમે જે કહી છેરે મુને;
વાગશે છરી દીલમાં છેહરે, જેષ્ટ૦
મમ માતુ તુલ્ય જે છે રાણી,પિંગળા આપ તણી પટરાણી;
બોલાવ્યા તેણે લાવીને નેહરે, જેષ્ટ૦
કામ વિલાસી માગ્યું છે સુખ પ્રિતમજી બહુ લાગ્યું છે દુખ;
કટુ વચન તમ પ્રિતમ કહેરે, જેષ્ટ૦

ભરતુહરી—બસ બસ થઇ ચુકયું છે શેરસિંહજી અરે તે દુષ્ટણીએ મારા નિરદોશી લઘુ ભ્રાતને દેશવટો અપાવ્યો તે કારી ઘા મને વારંવાર યાદ આવી મારા દિલનું દમન કરે છે, હાય હાય મે કેવું નીચું અપકૃત્ય કીધું છે? મારા જીવીતને સતકોટી ધીટકાર છે, અરે હાય તે વ્યભીચારણીએ મને પુરેપુરો ફસાવ્યો ? તે ચંડાળણીને જેટલો ધીટકાર આપુ તેટલો થોડો છે.

અરરં કુંવર સુંદર એણુ કીધો હાર એ રાહુ.

હાય હાય હવે કરૂં શું રે હાય, લાય થાય દીલમાંય;
કરયો નહી મેં વિચાર, કાઢયો ભાઇ દેશથી પાર;
છેતરી ફસાવીઓ કઢાવીઓ છે રાંડે ભ્રાત. હાય૦
મારૂં મારૂં મન થાય, પાપી પીંગળાને કાય;
કરશું રે કાંઇ પણ ઉપાય,નવ મટેરે બગડી ભ્રાત હાય૦
નીચ નારી માર જુતી, અંગ ચોળી લે વીભુતી.
સમર સમર નિરંજન જેહ છે જગનો તાત. હાય૦

અરે ખરેખર હું સ્ત્રી હત્યાના ડરથી તે પાપીણીને અત્યારે જીવતી મુકું છું. સેરસિંહજી દુષ્ટ કાળા કૃત્ય કરનારી કપટકળા તથા કમજાત કાણીઆને ફજેતી પુર્વક ગામમાં ફેરવી નિમકહરામ અધમ નરને દેહાંતદંડની શિક્ષા અને દુષ્ટ કપટકળાએ દેશપાર જવાની રજા આપો, વીક્રમની ખોળ માટે સત્વર માણસો મોકલાવો હું હવે આ દેશનો અધિપતી નથી, પણ એક યોગી છું. તમારે તે બાબત વિશે જરા પણ આગ્રહ કરવો નહિ, વિક્રમને ગાદીએ બેસાડી સહુ તમે તેની આજ્ઞામાં રહી રાજયને સારી પાયરીએ ચઢાવવા નીશદીન તત્પર રહેશો. પ્રધાન સેનાપતીને પણ ખાનગીમાં ભલામણ આપીશ અને મમ માળવ ભુમી આ રાજનરૂપેન ને છેલ્લા પ્રણામ છે મેં તારૂં કાંઇ પણ હિત કાર્ય કર્યું નથી પણ પીંગળા જેવી દુષ્ટ ભાર્યાને લાવી મારી પવિત્ર ભુમી અપવિત્ર કરી છે. અરે તે ચંડાળણીનું નામ યાદ આવતાં રોમ રોમ જ્વાળા પ્રગટે છે. એ દુષ્ટનું મુખ હવે ફરીને જોવા જરા પણ ખુશી નથી. શેરસિંહજીને છેલ્લા પ્રણામ છેલ્લા રામ રામ છેવટ શિખામણ આપું છું કે નફટ નારી જાતીનો કોઇ પણ ભરૂંસો કરશો નહી તેને સાપણી સમજી છુટી નહી મુકતાં સખત બંધનમાં રાખજો નહીતો તમનેજ ડંસ કરશે.

શેરસિંહજી મહારાજા આમ સાહસિકપણે યોગ ધારણ કરવાની જરૂર નથી વિક્રમાદીત્ય મહારાજા ઉપર તો ખોટો આરોપ એતો નિશ્ચય છે પણ અશ્વપાળની વાતમાં અત્યંત સંદેહ રહે છે કદાપી કપટકળાને યારી હશે તે.

આકાશવાણી— અધમી ચમહોબત.

હે ભરથરી (૨) ડગ નહી તુ દિલે લગાદ;
રાણી તારી જારી રમી સંદેહ જરા નવ ધાર;

વિક્રમ મતી (૨) કદી નીચ એવી નવ થાએ,
અમર ફળ રાણી હુકમથી અશ્વપાળને જાય,
જોગી થઇ જા (૨) દેહીનું કર સાધન,
રાજ હવે શ્રમ લેલાટમાં એવા લખ્યા છે વિધી અક,
અમરફળ (૨) તું પ્રાસન પ્રીતે કર તું,
પરમકૃપાળુની સ્તુતી માંહે સદા ધ્યાનતો ધર તું,
વિક્રમગાદી (૨)ની ચડતી નીશદીન થાશે,
ચકવે રાજ કરે ખરે તે વેરી તો બળશે ત્રાસે,

ભર્તુહરી—સાંભળો સાક્ષાત પ્રભુનોજ હુકમ થાય છે, માટે આ અસાર સાગરમાં કદી પણ રહેવાનો નથી. યોગ લઇશ તો પણ વિક્રમને ખોટું કલંક ચડાવ્યું છે તે દાઘ ત્યાં પણ ઓલાશે નહિ. (પોતાના રંગ મહેલ તરફ નજર કરી) અય મમ પ્યારી જન્મ ભૂમીકા હવે હું તારો ત્યાગ કરી ચાલ્યો જાઉં છું તું તે દુષ્ટ ભાર્યાને તારામાં સમાવી દે એટલે માળવ ઉપર ભાર કરતા અપવિત્રતાનો નાશ થાય, મમ પ્યારા આભુષણો અત્યાર સુધી તમોને આ દેહથી જરા પણ અલગ કર્યા નથી. તે અત્યારે સરવસ્ત છોડી ચાલ્યો જાઉં છું અત્યાર સુધી તમારા સંયોગનો મારે લેખ નથી,

શેરસિંહ—મહારાજા આવા કઠોર વચનો સાદ વરસાવો છો! આપ જયારે આમ કરશો ત્યારે માળવાની શી દશા સંસાર છે તેમાં ઘણી જાતના તોફાનો થયાં કરે છે, તો એવી બાબતમાં સંસાર ત્યાગ કરવો એ આપ દયા સાગરને ઉચીત નથી

ચંદ્રકળા—જેઠઆ શું કહો છો?આમ તમારા બાળકોનેતરછોડવા એ લાયક ના ગણાય પિતા જાણો છો કે સંસારરૂપી સમુદ્રમાં અનેક બાડા ખરાબા આવે છે પણ તેમાંથી ક્ષેમ કુળ રહેવુ એ દરેક મનુષ્યનો ધર્મ છે.

ભરતુહરી—બેટા તમારૂં જોડું મહાદેવજી અવિચળ રાખે તમારા જોડાની અરસપરસ હંમેશાં પ્રીતિ વૃદ્ધિ થતી જાય એવી મારી આશિષ છે સંસાર ત્યાગ કરતાં મને જરા શાંતી રહેછે તે તમ તથા વિક્રમથીજ, પ્રભુ તમારૂં કલ્યાણ કરે શેરસિંહજી હવે જાઉં છું મારાથી દરેક પ્રસંગે તમને કટુ વચનો કહેવાયાં હશે તેની ક્ષમા માગુ છુ. છેવટ કહું છું કે હમેશાં વિક્રમને સદ્‌વિચારમાં પ્રવર્તક કરજો અને સંસારાદીક વ્યવહારે જોઇ વીચારી ડગલું ભરજો અરે વિકરમા હવે ફરીને તારાં દર્શન મને દુર્લભ છે અરે હું કામાંધ અવિચારી

જેટલો પશ્ચાતાપ કરૂં તેટલો થોડો છે.

તું સમજ અગર હે દાના. એ રાહ.

મેં કાંઇ વિચાર ન કીધો, દેશવટો તને તો દીધો;
સદ્ગુણ તારો નવ લીધો તનમાં મનમાં.
એહ થકી થાય છે લાય, કરૂં શું હાય,
નીતિનો રસ્તો વિંધ્યો, મેં કાંઇ.
ધિક ધિક છે મુજ કામને, ધિક ધિક છે અવિચાર;
ધિક્કાર મારા નામને, કોટી છે ફિટકાર.
ફિટકાર, અતિ ધિક્કાર, મુને આવાર, મનમાં તનમાં;
ધિક્કાર પિંગલા પાપીને, ધીક ધીક નારી જાત.
બંધુ પ્યારા વિકરમા, ભુલ્યો છે તુજ ભ્રાત;
તુજ ભ્રાત તણી સાક્ષાત, ઉડી ગઇ વાત, મનમાં તનમાં;
વિક્રમ કરજે માફ તું, મારો સહુ ધીકાર;
નિરદય તારા ભ્રાતની, લાવી દયા લગાર.
લગાર દીલ મોઝાર, થઇ કૃપાળ મનમાં તનમાં;
વૃથા સરવે લાગે છે, સુનો આ સંસાર;
પંપાળતો પડતા મુકી ભજવા છે કીરતાર;
કિરતાર સમર આ વાર, અતી સુખકાર મનમાં તનમાં

બસ બસ સંસાર સરવ વૃથા છે અરે સ્ત્રીની જાતીજ નીચ છે મારાથી પણ નીચ કાંણીઓ વધુ પ્રસંદ આવ્યો અરે તે વિષની પુતળી છે તેમાં મુગ્ધ રહેવાથી નરકની ખાણમાંજ પડવાનું છે બસ ચાલ જીવ હવે વૃથા શાને ખોટી થાય છે નિરંજન ધ્યાનમાં સમાધી લગાવી દે.

સેરસિંહ—પણ મહારાજા ઉજનની તો કાંઇ દયા આણો.

ભર્થહરી—બસ કાંઇ પણ આગ્રહ નહિ કરો મારે ઉજ્જનને હવે શું રહ્યું ઉજ્જનનું ઇશ્વર કલ્યાણ કરે ચાલો હવે ચાલો(જાયછે)

ચંદ્રકળા—દાસી આતો મહા અનર્થ થયો.

પાર્વતિ—બા એવો અપવિત્રભાર પૃથ્વી ક્યાં સુધી ખમી શકે.

ચંદ્રકળા—બીજું કાંઇ નહી પણ પવિત્ર નેષ્ટને પણ તે દુષ્ટાએ યોગ લેવરાવ્યો ઠીક, થયું તે ખરૂં લેલાટમાં લેખ ફરતા નથી ચાલ રતુતીનો વખત થઇ ગયો છે માટે સરવ સામગ્રી લઇ ચાલ શિવ મહાલયમાં.

પાર્વતી—ચાલો બાઇ

(ત્રીજો અંક સમાપ્ત)

અંક ૪ થો.

પાત્ર.

ભર્થહરી--માળવદેશનો રાજા.
વિક્રમ—તેનો નાનો ભાઇ
મદનપાળ– પિંગળાનો યાર.
સુર્યસિંહ-ઉજ્જનનો પ્રધાન
સબળસિંહ-ઉજ્જનનો સેન્યાધીપતિ
ગોરખનાથ–એક મહાન યોગી
વ્યંકટનાથ--તેનો શિષ્ય
પિંગળા—ભર્થહરીની રાણી.
ચંદ્રકળા--વિક્રમની રાણી
પાર્વતી—તેની દાસી
કાળસેન—ચંડાળ ફાંસીનો દેનાર.

પ્રવેશ ૧ લો

શેઠ સગાળશા સાધુને સેવે એ રાહ.

પ્રજામંડળ—

ઉંજ્જન માથે આફત આવી, થયો છે અત્યંત કોપ
પ્રભુ તારી જે દયા હતી તે થઇ ગઇ છે લોપ,
રાજા જોગી થઇ ચાલ્યોરે, ઉંજ્જનમાં કેર થયો કાળો;
વિકરમભા ખોટું કલંક ધારી, ગયા છે વન મોઝાર,
ત્યારથી નગ્ર સુનું થયું છે, વરત્યો હાહાકાર;
સારો દીન નવ તો ભાગ્યો. ઉંજ્જનમાં•
રાણી તણું તો કપટ જોઇને, ચડી છે રાયને રીસ,
દયા માળવની તજીને, ચાલ્યા ક્રોધ થકી અધીશ,
ભેખ લેવા વિચાર ધરાયોરે. ઉંજ્જનમાં•
પ્રજા બિચારી રડવડે છે, કેમ કરી લેવા છે દીન,
તારા ઇશ્વર ઉગ્ર કોપે કરયાં છે શોકમાં લીન;
વિલાપ તો બહુ છવાયોરે, ઉંજ્જનમાં•
ધણી વગરના નગરની માંહે, જાણે પડી હોય ધાડ,
સ્મશાનવત સરવ લાગે છે, મોટી થઇ હોય હાણ;
માલવપતી વનમાં મહાલ્યોરે. ઉંજ્જનમાં•
મહેલની માંહે રાણીઓ સરવે કરે અતી રૂદન,
અશરૂપાતોથી વસ્ત્રો ભીંજાય, રૂવે બહુ ભેન ભીન;
સરવ સ્થળ બાયો ને ભાયોરે. ઉંજ્જનમાં•
હાટે રૂએ છે હાટ વાણીઆ, પાડી બેઠા હડતાળ

હય હાથી ઉદાસીમાં પેઠા, દાસો ઝુરે દરબાર,
માળવપતિ દયા ન લાવ્યા. ઉજ્જનમાં•
માળવ તણી આવી દશા, અચાનક શો ફેર;
પ્રભુ આતે કીયા જન્મનાં, પ્રગટયા પુરણ વેર.
દયા કાંઇ અંતર ધારોરે, ઉજ્જનમાં કેર થયો કાળો.

પ્રવેશ ૨ જો.

(સ્થળ) વન ગુફા.

ગોરખનાથ—વ્યંકટ પરમાત્માકી ગતિ બહોત વિચિત્ર હે, પલમેં ચાયસો કરે એસા મહેશ્વર હે રાજાકુ રંક ઓર રંકકુ ક્ષણ બાતમે રાજા કરદે એસી ઉનકી સત્તા હે.

વ્યંકટનાથ—હા મહારાજા પરમાત્માકી ગતી એસીજ હે ઉસકી ગતીકા જરાબી પાર નહી આતા હે, જીસ્કા કીસ્મત ઊદય હો ઓ પ્રાણીજ સંસાર સમુદ્રમે લંપટ નહી જાતાહે.

ગોરખનાથ—એકાગ્રવૃતી રહેની બહોત મુસ્કીલ હે જીસ્કી એકાગ્રવૃતીથી સમાધી હોતી હે ઉનકુ ફેર એ સંસાર સમુદ્રમેં જન્મ મર્ણકા વૃથા બોજા ઉઠાનેકા સબબ નહી રહેતાહે, મગર યહ કલીયુગકા પ્રમાણમે મેરી નજર આગુ એસા પ્રાણી નહી દીખાતાહે.

વ્યંકટનાથ—હા મહારાજ એસાતો કોઇબી ના મીલે.

ગોરખનાથ—પણ કહાસે મીલે? સચ્ચીવૃતિ રખના બહોત કઠીન હે, યહ સંસાર સમુદ્ર જેસા હે ઇસમે ખાડા ખસભા બહોત આતા હે બહાણબી બહોત ચલ જાતા હે મગર હય ખાડા ખરાબાસે બચના બહોત મુસ્કીલ હે જીસકા પુન્યકા બહોત પ્રભાવ હય અહ પ્રાણીજ ખાડા ખરાબા ઓળંગી બહાણમે બેઠકર સામે તીર જાતા હે, સામે જાતાહે તોભી ધુંચકી ખા કર પીછે લપટ જાતા હે. એસી સંસાર સમુદ્રકી માયા હે પરમાત્માકી જીસ્કી પર બહોત કૃપા હે ઉસ્કા આત્માજ યહ વૃથા સંસારમે લંપટ નહી જાતા હે વ્યંકટ આજ દીનકી સમાધીમે એસા દેખા હય કે માળવ દેશકા રાજન ભરતુહરીએ અપની પાસ યોગકી આ બાત સચ યા જુઠો પડના ચઇએ ? ઉનકા તુમ કયા નીરમાણ કરતા હે ?

વ્યંકટ—મહારાજ મેરેસે કયા નિમાંણ હો જાય મેં તો અપની પાસ અલ્પ પ્રાણી હું.

વ્યંકટ—મહારાજા મેરેમે એસા વિઓગ હોતા હે કે ઉનકુ ત્યાગ લેના કયા

ગોરખ—તો કયું તેરી સમાધી તુમ જુઠી ગીનતા હે ?

વ્યંકટ--યુંભી કીસ તરેહસે હોવે ઉસ્મે તો બહોત અંદેશા હોતા હે એક બાત હે જીસ્કુ યહ સંસાર સમુદ્રમે બહોત ઠોકર લગ જાય ઉસ કારણસે સંસાર વૃથા લગ જાય નબ એસા હોવે ખરા

ગોરખ—ચાય તેમ મગર હય ભેખ તો અવશ્ય લેયગા ઉસમે તો કુચ્છભી અદેશા નહી રખના. દેખો દો ચાર ઘડીમે.

(ભરતુહરી દેખવામા આવે)

વ્યંકટ—મહારાજા કોઇભી રાજા તો ચલ આતા હે યહીજ ભરથરી (ભરથરી આવે છે)

ભર્થહરી--નમી-મહારાજ આપની ચરણકમળમા સાષ્ટાંગ દંડવત કરૂં છું

ગોરખ—અચ્ચા ભરથરીતેરા કલ્યાણહોજાવો, કાયકુ ઇશ્વરઆયા

ભરથહરી--

રાગ માઢ.

આવ્યો પ્રભુ તારે શરણરે, સંસાર છે વૃથા
ટાળો દુઃખ જન્મ મર્ણરે, અસાર આપદા
ભવ નીધીમાં અથડારો ભારી. ડુબી થયો એક તાર
સ્મરણ અંતર કદી ના કીધુ, ભાવ થકી કીરતારરે સં૦
વિષય વાંચ્છને લપટાયો હું તો ભુલ્યો નથી ભાન
સંસાર તણા ખાડા ખરાબે, અડવાણો નીરધારરે સંસાર૦
ઉત્તમ વસ્તુ નવ ઓળખી રીઝયો ખોટી રાત
વિતુવરનુ સ્મરણ મુકી મોહયો માયામાં ખચીતરે; સ૦
ઠોકર મુજને સંસારીતો લાગી છે ગુરૂ અપાર
દયા થકી હવે મુને ઉતારો ગુરૂજી ભવ પારરે, સં૦

ગુરૂજી હવે મને આ સંસાર સ્નશાનનત ભાસેછે તેમાં મારૂ જરા પણ ચીત ચોટતું નથી માટે આપ દયાળુ સેવકને શરણમાં લઇ પાર ઊતારો

ગોરખ—અચ્ચા ભરથરી યહ ભાત બહોત કઠીણ હે તુમારી કેસી કોમળ કાયા તુમારેસે નહી બનેગા.

ભર્થહરી—મહારાજ તમારી કૃપાથી શું નહી બને? આપ જો શરણ આપશો તો ગમે તેવા કઠણ પ્રસંગે પગલુ ભરીશ,

ગોરખ—તેં રાજ સુખ લીયાહે મગર ઇહાં તે સુખ મીલનેવાલા નહી હે તુમકુ તીહાં બત્રીશ પ્રકારકા ભોજન મીલતાહે.ઓર ઇદર તો ટુકડા મીલનેકા બી કઠીન હે તીહાં ૠતુ દુતુકા કેસા વૈભવ સુખકા ભોગતા હે મગર ઇહાસે તો શીત ૠતુમે થંડ ઉસ્ન ૠતુમે જવાળા ઓર વર્ષા ૠતુમે બરસાદ એ સબ દુખ તુમારેસે સહન નહી હોગા માટે યેહ બીચાર છોડદે.

ભર્થહરી—ગુરૂજી વધારે બોલવાને મારામાં શકતી નથી ફકત એટલુંજ કહું કે આપ મને શર્ણમાં નહી રાખો તો સંસારનો ત્યાગ કરી મારો દુખી આત્મા પરમાત્માની હજુર મોકલીશ.

ગોરખ—અચ્છા ભરથરી હઠ છોડ દે.

ભરથરી— નમું પ્રભુ દુઃખ ધરીને આ વાર.
કહું છું ગુરૂ પાય નમીને આ વાર (૨)
સંસાર સાગર બહુ અટવાણો, લેશ ધરી નવ મેતો લાજ;
અંધતો થયો, માર્ગ ના રહ્યો, ત્રીયા બંધમાં અતીશે ડુબાયો. કહું
માટે તમારા શરણુ માંહે, આવ્યો છું મહારાજ.
સાહય તો કરો દુખતો હરો વીનંતી મારી ઉરમાં ધરો. કહું

ગોરખનાથ—ભરથરીકા બહોત આગ્રહ હય મગરે તુમ ઉસકી સંગ જાકર ઉનકી સબ ત્રીયાકી પાંસ ભીક્ષા લેકર પીછા આવ તબ ગુરૂ મંત્ર દેઉગા.

વ્યંકટનાથ—અચ્છા મહારાજ અબી જાતે હે.

પ્રવેશ ત્રીજો.

(સ્થળ) ઉજ્જનની ફાંસી.

મદનપાળ—પરમ પ્રભુ આ શિક્ષાને હું યોગ્ય છુ અરે મેં જેનુ લુણ ખાધુ તેનાજ ઘરમાં પ્રવેશ કર્યો; અરે! ભરતુહરી મહારાજાના રાણી અને પીંગળસેનની પુત્રી મારે મા બેન તુલ્ય ગણાય તેની સાથેજ જારી રમ્યો અરે હવે મારો નર્કમાં પણ છુટકારો થવો નથી અરે મુજેવો ચંડાળ કોણ હશે? આવા અનીતિ કૃત્યે પગલું ભરત પ્રભુ તેં મને કેમ અટકાવ્યો નહી? તે વખત મને સુવીચાર કેમ નહી આવ્યો? તેના મહેલમાં પગલુ ભરતાં મને કાળોત્રો કેમ ના ડરયો? અચાનક આકાશ કેમ તુટી ના પડયું? વજ્જરનો કારી ઘા મને કેમ ના લાગ્યો? અરે હવે તે હું કેટલો પ્રશ્ચાતાપ કરૂં? મારો કોઇ પણ છુટકારો થવો

નથી મારે પરસ્ત્રીઓ માતુ બેન પ્રમાણે ગણવી જોઇએ તેને બદલે હું દુષ્ટે ધણીનાજ ઘરમાં પ્રવેશ કર્યો અરે કામદેવ તને સતકોટી ધીક્કાર છે નરનારીના ચીતો ફેરવવા તું જરાંપણ પાછો પગ કેમ નથી કરતો અરે મે મારૂ કુળ લજાવ્યું જનુનીને પેટ ભાર કરતા રૂપે થયો એટલુજ નહી પણ આ પૃથ્વીપર અવતાર ધરી કાંઇ પણ હીતકારી કાર્યો નહી કર્યાં છતાં તદન વીષય વાંછનામાં લપટાઇ મહા પાપીષ્ટ બન્યોછું અરે મને નરક પણ સંઘરશે નહી.

કાળસેન—હ્હરા હવે ચ્યાં લગી પંચાત ડોળવી છે તને અહીં બધું હાંભરે છે પણ ઇ વખત તારી ડોહી પાહે જાતા નોતી ખબર કે મોટા ભાના ઘરમાં જાવુ સે પરમેહર હંમારવો હોય તો હંભારી લે છોકરાં હજી ભુસ્યા સે મારી વાટ જોઇને બેઠા સે માટે ઝટ લઇને સડી જાઓ બેટમજી.

મદનપાળ—ઠીક પરમેશ્વર આવી ચંડાળોના મરતીવખત પણ કેવાં કૃર વચનો સાંભળવા પડે છે. તેથી પણ છુટકારો થાય તેમ નથી અરે મેં કુકૃત્ય કરવામાં બાકી રાખીજ નહી. મહારાજાએ યોગ લીધો તે મારાજ માટે. અરે માળવી પ્રજાના થોડા નીસાસા નહી લાગવાના વિકરમ જેવા ધર્મશીલને દેશવટો મળવાનું મુળ કારણ પણ હું તે કેટલું સંભારી વિભુવરા આ એક ચંડાળ સેવક તારા કોમળ ચરણા-વિંદના દરશને આવે તે મારાસરવ ગુન્હા માફકરી શરણમાંલેજે.

કાળસેન—હવે ઝટકરે હારા તારોબાપ ભુરયો મુઓ લી ચ્યાંય લગી હવે ખોટી થાવું.

મદનપાળ - શ્રીતાળ ચોપાઇ

આવા કુળને હું છું પાત્ર, કેવું કૃત્ય મેં કુજાત;
લુણ હરામી હું છું ચડાળ, ફસાણો લુબ્ધ બની ઝાળ;
માતુ તુલ્ય ગણાયે તે નારી, તેની સાથેરે હું રમ્યો જારી;
મારો થવા નથી છુટકારો, નરક માંહે છુ પડનારો,
કર્યું નિશિધ અતિશે કામ, બુદ્ધિ બગડી ગઇથી તમામ:
પરનારી તણી બાંધી પ્રીત, પામ્યો ફળ આવું હું બચીત
સારૂનરસું જરા ન વિચાર્યું, ગોત્યુ અત્યંત પાપનું બારૂ;
નવ કરો આવું કો કૃત્ય દિલ માની લેજો સહુ સત્ય,
કુમો નત જરા પડનાર, જે છે પાપ તણી પક્ષકાર;

પ્રભુ માફ કરી અપરાધ, લેજે તારા શરણુ મોઝાર.
ઠીક પરમાત્મા લેજે તારા શરણુમાં નાખ ચંડાળ ગળામાં રસી
કાળસેન—લેને હહરા આય તે ચ્યાં વાર હતી. (ફાંસી નાખેછે)

પ્રવેશ ૪ થો.

(પીંગળાનો) મહેલ.

પીંગળા—અરે પરમેશ્વર મને આતે શું મતી સુજી ? અરે મેં એવું નીચ કૃત્ય કરતાં જરા ગણુ આંચકો ખાધો નહીં અરે મેં ઉભય કુળને લજાવ્યાં એટલુંજ નહી પણુ પ્રાણુનાથ અત્યંત શુદ્ધ પ્રીતીનો પ્યાર રાખતા તેનેજ મેં ફસાવ્યા હવે મારૂ કાળુ મુખ શાને બતાવું છું ? આ શણુગારો હવે મને શા કામના છે ? તે તો ઉલટા દાહ ઉપજાવનાર માટે તેનો તો ત્યાગ કરૂ આટલો બધો પરીતાપ પણુ તેણેજ ઉપજાવ્યો છે. અરે એમાં શણુગારોને શું દોષ દઉ ? મારૂ જ્યારે એવું અનિશ્ચિત મન ત્યારેજ એવું થયું ના. દિયર વિક્રમાદિત્ય જે મહાશુધ તેના ઉપરજ હું દુષ્ટાએ ખોટું કલંક મુકી દેશ નિકાલ કરાવ્યા અરે હવે જેટલો પરિતાપ કરૂં તેટલો થોડોજ છે.

જફાવો સીતમકુ સજાવર હું એ રાહ.

કાળુ કૃત્ય પ્રભુ મેં કેવું કર્યું, ધીરજ હવે શી રીતથી ધરૂં
પ્રપંચ માંહે તો ફસાવી પતી, કર્યાં કૃત્ય નીચામાં નીચાં અતી
ઉભય કુળ લજાવ્યા ખરે, સંસાર હવે વૃથા થયો છે અરે,
શુદ્ધ પવિત્ર દીયર મારા, ઉજેણી થકી કર્યાં મેં ન્યારા,
અરે ચંચળ પ્રભુ હું અતી, વનમાંહે કાઢયા ઉજેણી પતી,
ગણી મુજને પ્યારી સખી અતી પ્રકૃત તેને દગો મેંતોરે ખચીત
કેવાં પ્રપંચો પતીથી હું રમી હવે ઉગરવાનો કદીતો નથી;
વિશેષમાં નિશેષ જેહ છે કર્મ શરમ અને મુકી દીધો મેં ધરમ
પતિવૃતપણું જરા નવ ધર્યું, દિલ કરી દોષ થકી ના ડર્યું
જારી પાપ દિલે જરા નવ ગણ્યું પતિ તણું સુખ હા મેંતો હણ્યું
ત્રાહ ત્રાહ થયો છે નગ્ર માંહી સુખ શાન્તી બધી વહી તો ગઇ
માલવ ઉદય હરત પામી ગયો મારે પાપે પ્રભુનો કોપ થયો
મારા સ્વરૂપે ઉડી કેમ ના ઝાળ કેમ નવ થયો બાળપણે કાળ
માત તાતને લજાવી મારી જાત કેમ પ્રભુ નવ કરી મારી ઘાત

સરવ શણગારો દુઃખમય ખરાં જેના થકી દુષ્ટ પાપો તો થયા
અરે પ્રભુ ઝટ લઈ લેને શરણુ તાકીદે આથ પ્રભુ મારૂં મરણુ.

નેપથ્યમાં—અહાલેક જાગેરે, ગુરૂજી અહાલેક જાગે,
કોણુ કીસીકા બેટા, ગુરૂજી અહાલેક જાગે)

(યોગીઓ આવે છે.)

ભરથરી—અહાલેક, અહાલેક, માતા પીંગળા જલદીસે ભીક્ષા દે દે મૈયા હમકુ ખોટી મત કર,

પીંગળા— ઓધવજીના સંદેશાનો

નાથ નમેરા પ્યારા મારા કેમ થયા, તજી દીધી છે સ્વામીજી કેમ કપાયજો
હું રે ચંડાળઃ પાપીની દુષ્ટા અતી, જોગ જોઇને છાતી ફાટી જાયજો નાથ
હું દુષ્ટાના ગુનાનો પાર રહ્યો નથી પણુ પ્રભુજી કરો સરવે માફજો
સ્રીબુદ્ધી સ્વામીજી સમજો પાનીએ દાસીનીપરે કૃપા કરેને કૃપાળજો,ના
સ્વામ મુખચ્છું ઉભયકુળ લજામણી, સતકોટીછે સ્વામી મને ફીટકારજો
પ્યારીને તરછોડામાં પ્રભુજી તમે માળવ પ્રભુ દીલમાં આની પ્યારજોના
કાળાકૃત્તો પ્રભુ પ્યારા મેં બહુ કર્યાં તે નવ ધારો જરાતોદિલનીમાંહજો
રંકગણીને પવિત્ર પ્યારા નાથજી, લાવી હેત સંગમાં રાખો સદાયજો ના

ભરથરી—મૈયા હવે બીજું કાંઇ પણુ નહી બોલતાં સત્વર ભીક્ષાદેદે દુષ્ટણી તારૂ કાળુ મુખ વધારે જોતાં પરીતાપ પામું છું, ગુરૂ હુકમનો અનાદર નહી કરી શકયો તેથી તારી પાસે આવ્યો છું પણુ વધારે વાર ખોટી નહી કર.

રાજા તારૂં આવી ખુટયું કિસ્મત ખરેખરૂં તો ફાટયું એ રાગ.

તારૂ કાળુ મુખ કર દુર, ભિક્ષા જલદી દેદે ક્રુર
નીચ અધમ નારીની જાતી અતીશે ચંડાળ,
સ્રી હત્યાના ડરથી તારો કર્યો નહી મેં કાળ. તારૂ૦
રોમ રોમ જવાળા દીલમાં લાગે, પણુ ન મરે ઉપાય
કાપી કટકા કરવા સારૂ દિલ અતી લલચાય. તારૂ૦
પરમાર તલવાર સાબીત છે પણુ લાગે છે હલાય,
વધારે વખુત મુખ જોવાથી લાગે છે દીલ લાય, તારૂ૦
ભિક્ષા મૈયા જલદી દે દે, કર ના વાર લગાર,
ક્રોધાગ્નિ દીલમાં મારે, ઉપજે છે આ વાર.

પીંગળા— રાગ મલાવરાવના રાસડાનો

ક્રોધ છોડો મારા વાલમારે; લળી લળી લાગુ પાય;
પ્રભુજી આવું કૃત્ય હવે નહી કરૂંરે,

કાપી કરો કટકાય પ્રભુજી આવું કૃત્ય હવે નહી કરંરે
કૃપાળુ સ્વામી દયા ધરીતે વિનંતી સ્વીકારો ઉર;
પ્રભુજી આવું કૃત્ય હવે નહો કરંરે
રીસ છોડને જરૂર પ્રભુજી આવું કૃત્ય હવે નહી કરંરે;
પવિત્ર પ્રભુ.છો અતીરે માળવપતી મહારાજ ?
પ્રભુજી આવું કૃત્ય હવે નહી કરંરે
છો મારા શીરતાજ. પ્રભુજી આવું કૃત્ય હવે નહિ કરંરે
ભુલ અતી ખાધી નાથજીરે, બની છે દેહ ચંડાળ. પ્રભુજી
માટે આણો પ્રીતે કાળ પ્રભુજી આવું કૃત્ય હવે નહી કરંરે

ભરથરી—હું તારો બધો પ્રપંચ સમજું છું તારે રહેવાની જરૂર પણ પડે નહી. પરમારોમાં સમશેર પકડવા શક્તિ છે પણ વિભુનો ડર લાગે છે નહિતો તારી દયા લેશ માત્ર પણ નથી.

જાજા દુરાચારી નારી—એ રાહ.

રાંડ દુષ્ટ દુરાચારી નારી, સતફોડી છે ધિક્કારી
કામ નીચ કર્યું ભારી જરા શરમ ના ધારી
બની અતી દુરાચારી, કાણીઆથી રમી જારી રાંડ૦
તાનો કારી ઘાવ મને અતી દીલમાં સાલે છે
ઠાર મારૂં રાંડ તુને ઉપાય ન ચાલે છે
પરમાર તલવાર હજુ ધરતા તઇયાર
વીભુ ડર છે અપાર તેથી અટકું છું નાર. રાંડ૦
તારૂં કાળુ કૃત્ય જોતા થકી દીલ લાય થાય છે.
સહાર વાતને નકી મન લલચાય છે.
દુષ્ટ કૃત્ય કીધું કાળું, તેથી ઉલટે મન ઝાળુ
કાંઇ ઉપાય ન ભાળુ દીલ દમીને તો બાળુ રાંડ૦
તુને જોઈ મુને હાય દિલ થાય અતી લાય
કરૂં હાય શુંરે હાય મુખ તારૂં ન જોવાય
ભીક્ષા જલદી દેદે નારી હવે માત તું તો મારી રાંડ૦

વ્યંકટનાથ—ભરથરી તુમ તકરાર કરનેકુ ઇદર આયાહે કયું ધીરજ રાખી ઉસકુ શાંત પાડ કર જલદી ભીક્ષા લેલે યોગીકા કેસી ધરમહે ઇસકા બીચાર કરકે જરાભી ક્રોધ નહી રખના.

ભરથરી—જેવી મહારાજશ્રીની આજ્ઞા

પીંગળા—પ્રાણેશ્વર કાંતો મારો સ્વીકાર કરો નહિતો ઠાર કરી ચાલ્યા જાઓ.

અબ ચલે ન મોહન મેરા—એ રાહ.

ધિક્કાર (૨) મુને છે પ્યારા સ્વીકારો વાહાલી દારા,
નહિ કરો અનાદર મારો પ્રિતમજીનો સ્વીકારો;
વિનંતી ઉરમાતો ધારો મુજ જન્મારો નવ બાળો,
વિષયનાથ, જોડું છું હાથ દાસી સંઘાત પ્રાણેશ્વર મારા ધિક્:
ભરથરી—કપટી (૨) અતીશે નારી ભિક્ષા દે જોગી ધારી;
નીચ કૃત્ય કર્યું તેં ભારી દીલ લાય થાય આ વારી
વૃથા ખોટી નહિ કર તું શિક્ષા મારી ઉર ધર તું
કિરતાર સ્મર આ વાર રાખી શુદ્ધ પ્યાર માતું હો મારી ક૦
પિંગળા—આશું (૨) બોલો છો પ્યારા મન કહોમાંપ્રિતમમારા
વિધીએ મુને ભુલાવી કૃત્ય કાળા દીધા કરાવી
જોગી વેશ ઉતારો પિતમજી દયા ધારો
નમુછું પાય માળવના રાય સંગ સદાય થાઓ નવ ન્યારાધી૦
ભરથરી—માતુ તાકીદે ભીક્ષા આપ તો સાર
પિંગળા— **સૈયર દુખ શું દાખવું.**
પ્રભુ મારા દયા દીલ ધરો રાખો દાસી સંગાથ
પાપીણી અતી પ્રેમદા તરછોડો નવ નાથ પ્રભુ૦
ભરથરી—ભીક્ષા દેને મને માવડી શાને ખોટી તો કર
ભેખ ધર્યો ના ઉતારવા મીથ્યા કરમાં જીકર ભીક્ષા૦
પીંગળા—અંધ બની અતી કામમાં ખોટા કીધા વિચાર
ધર્મ શર્મ નવ ધારી મેં બની કુર અપાર પ્રભુ૦
ભરથરી—ધિકધિક નારી જાતીને ધીક ધીક છેરે સંસાર
ધિક ધિક દુષ્ટા છે તુજને રમી અતીશે જાર. ભીક્ષા૦
પીંગળા—માત તાત મેં લજાવીયા લજવીછે મારી જાત
અપરાધ સ્વામી છે માહરો તરછેડો નવ થાય પ્રભુ૦
ભરથરી—મુજ છે ભ્રાતુ વીક્રમા અતિ પવિત્ર શુદ્ધ
માળવ થકી પાસ કર્યો બની હતી આબુદ્ધ ભીક્ષા૦
પીંગળા—સરવ પાપ કરનારી હું મહા દુષ્ટા ચંડાળ
પ્રિતિથી સ્વામી માહરો આણો તમે કાળ પ્રભુ૦
ભરથરિ—આણુ કાળ ક્ષણવારમાં પણ લાગે છે ડર
તઈઆર સમશેર મારી છે નવ શાંખે શંકર ભીક્ષા૦

પીંગળા--સ્વામી તેડો મુને સાથમાં લઉં જોગણ વેશ
તરછોડી જતાં હું ખરે ફાંસો ખાઉં નરેશ પ્રભુ૦

ભરથરિ--મરતી હોય તે મરને ભલે શાને કરે છે વાર
એવી ધમકીથી હું કદી દુષ્ટા નહી ડરનાર ભીક્ષા૦

પીંગળા--ગુપ્ત રાખું રંગ મહેલમાં પ્યારા હે સ્વામીનાથ
ભોગ વિલાસતો ભોગવો જમો રૂડા ભોજન પ્રભુ૦

ભરથરી--પૂળી મુક વિલાસમાં ભોજન અગ્નની જાળ
બલ્યો તારો રંગ મહેલ તો મુખ તારૂ કાળ ભીક્ષા૦

પીંગળા--નીરાધાર છું નાથજી નવ કોનો આધાર
દયાળુ અતી દીલમાં કૃપાળુ તો કૃપાળ પ્રભુ૦

ભરથરી--મોહ છોડી દેને નારી તું ઇશ્વર સહુને સાથ
સ્મરણ કર પ્રીતી થકી, વિભુવર મહા કાય ભિક્ષા૦
સંસાર સર્વ અસાર છે મોટા માતને તાત·
ખોટા કુટુંબ કબીલો છે ખોટી સર્વ વાત, ભીક્ષા૦

પીંગળા—ઉપદેશ આવો અથાગ તો કોણે આપ્યો છે નાથ
પ્રેમ વિસાર્યો ક્ષણ એકમાં માળવપતી મહારાજ પ્રભુ૦
જોગ તજીને સ્વામીજી કરો ભોગ ગ્રહણ;
દાસી રાખો સંગમાં એથી સુખ ન અન્ય પ્રભુ૦

ભરથરી—નીચ બોલો નવ કાઢ તું છોડ આળપંપાળ
સંસાર વૃતીથી ત્યાગીને ભજ તું જગદાધાર ભીક્ષા
ભીક્ષા ઝટ દેને માવડી મત કર મુજને વાર;
ગુરૂજી રીસે ભરાય છે ખોટા જાણ સંસાર ભીક્ષા૦

હવે શા માટે વાર લગાડે છે, આ સંસારમાં કોઇ કોઇનું નથી ઇશ્વર સ્મરણ વિના અન્ય કાંઈ પણ સાથે આવતું નથી. હવે તું મને માળવપતી નહી સમજતાં જંગલનો જોગી જાણ અને તારે પણ જો તારાં અઘોર પાપથી મુકત થવું હોય તો આ નીર્થક સંસારનો ત્યાગ કરી શુદ્ધીથી ઇશ્વર સ્મરણમાં દીલ લગાડી દે મૈયા હવે તો ભિક્ષા તાકીદે લાવ.

પીંગળા—(ભિક્ષામા પકવાનો હાજર કરી હ્યો ભીક્ષા શું આમજ તરછોડશો ?)

ભરથરી—(નજર કરી) આ મીષ્ટાનનો મારે જરા પણ ખપ નથી પીસેલો જુવાર બાજરીનો આટો હોય તો હાજર કર નહીં તો આ ચાલ્યો ?

(જવા લાગે છે)

પીંગળા—(રાડ પાડી) અરે પ્રભુેશ્વર છેલી વખત જોગી રૂપે અનાદાર નહી કરતાં આ ભીખા સુપ્રત કરૂં છું તેનું આ કૃપાનાથ કૃપા કરી ગ્રહણ કરો આપની આજ્ઞા મુજબ ભીક્ષા લાવી છું

ભરથરી—(પાછો વળી) મૈયા તે તમને કેટલી વખત કહ્યું કે પતીના ઉપનામથી નહી બોલાવ, દે દે ધર્મ ભીક્ષા.

(ભિક્ષા લીધા બાદ)

સુકૃત કરના હોય સો કર લે

વૃથા છે સંસાર અસાર આ વૃથા છે સંસાર;
નાગણી રૂપી છે નાર, અસાર આ વૃથા છે સંસાર.
માત પીતાને સુત દારા તું, તારા નહી જરા ધાર;
અંતકાળે જવું છે એકલા મુકી સહુ પરિવાર વૃથા૦
પાપ તણી તો પાળ જ બાંધી પુન્ય તો નવ લગાર;
કામ વિષયમાં લુબ્ધ બન્યો મન નર્કની ખાણુ છે નાર
નર્કની ખાણુ છે નાર સમજ મન નર્કની ખાણછે નાર વૃથા૦
પ્રપંચ સઘળાં દૂર કરીને ભજ સુખે કીરતાર
જન્મ મરણનો ભય ટાળીને મોક્ષ ગતીનો લે પાર. વૃથા૦

(ભરથુહરી વીગેરે ગયા બાદ)

પીંગળા— **જોગી બાર માસીનો.**

હાય હવે શું કરવું વિજોગ દુઃખ ધરવું
પ્રિતમ ગયા તરછોડી આથી ભલું છે મરવું
કાળાં કામો મેં કીધાં દગો પતિને દીધો
હવે શું મુખ બતાવું નીતિનો રસ્તો વિંધ્યો.
દીયરને પરદેશે પતિને જોગી વેશે
મેં દુષ્ટાએ તો કીધાં ધર્મને વિસારી
નીચ બની હું નારી રમી તેનાથી જારી
હવે શું મુખ બતાવું કુળને લજાવ્યુ
પ્યારા પતીને મેં તો રાજ્ય અરે તજાવ્યુ
આત્મ હત્યા જો કરૂં પાતીક માંહે પડું

પાપ મારાને હવે કેવી રીતે ના હણું
કર વિભુ ભજન રાખીને શુધ મન
નક્કી લેશે તે શરણું ટળીને વિઘન

અરે હવે હું શું મોઢું બતાવું ? આત્મ હત્યા કરતાં પણ કોટાનકોટી વર્ષ સુધી ગેરવ નર્કમાં રહુ અરે આવો વિશ્વાસઘાત તથા શીયળ ભંગ એ બંનેની હું કેવી રીતે મુક્તી પામીશ અવર કાંઇ પણ ઉપાય નથી શુદ્ધ વૃત્તિ રાખી મહેશ્વરનું સ્મરણ કરૂં જેથી અત્યંત પાપ કર્યું છે તેમાંથી સહસ્ત્ર ભાગનું તો નિરવાણ થાય શીવાય બીજો રસ્તો નથી.

પ્રવેશ ૫ મો.

(સ્થળ) અરણ્ય

વિક્રમ હા પ્રભુ અચાનક મારે માથે કેવો જુલમ ગુજર્યો છે તારી ગતી ન્યારી છે અને પરમાર રાણી કુલટા થઇ ત્યારથીજ માળવાનો અસ્ત થઇ ગયો મહા વિવેકી ચતુર શિરોમણી ભ્રાતા ભરથરીએ પણ લવલેશ વિચાર નહી કરતાં મને દેશવટાનો સખત હુકમ ફરમાવ્યો. રાજાને રંક અને રંકને રાજા કરવા તું સમર્થ છે અરે ! હું બાણુંલક્ષ માળવાનો રાજા તે અત્યારે નિરાધાર સ્થિતીમાં કેવી રીતે ભટકું છુ ? બીજું મને તો કાંઇ દુખ થતું નથી પણ એક તો માળવામાં જુલમ વરતાશે અને બીજું મારી પરમપ્યારી શુદ્ધ ચંદ્રકળા મારા વીરહના દુ:ખથી અતી પીડાતી હશે, તે જ્યારે સંભરી આવે છે ત્યારે મારા દુ:ખની સીમા રહેતી નથી.

ગાયન

પ્રભુ તારી ગતી ન્યારી વિવિધ રચના છે ભારી;
ક્ષણમાં રંક રાજા બને વળી રાજા બનાવે રંક
ક્ષણ માંહે સુખપાલ ને ક્ષણમાં શુળી નીશંક
અતુલ્ય કૃતિ વીભુ તારી મતી પહોંચે નહી મારી. પ્રભુ૦
માળવપતી મહારાજાની બુદ્ધિ થઈ છે અંધ;
ચતુરામાં ચુકી ગયા, કામે બની કામંધ;
અરે આ શું ગજબકારી, પરમાર રાણી રમે જારી પ્રભુ૦
નીચા કુળની નારીએ વાળ્યો છે બહુ દાટ
પરમાર પવિત્ર વંશમાં લુબ્ધ બન્યા મમ ભ્રાત
ખોટા ગુનોરે દીલધારી મને કાઢયો છે ફીટકારી પ્રભુ૦

હા મારી આ શી દશા, કયાં રહ્યું મુજ ગામ;
કયાં પવિત્ર પ્રેમદા કયાં માળેશ્વર ધામ;
ભટકી ભટકી થાકયો ભારી ધિરજ શીરીતે રહું મારી પ્રભુ૦

(નેપથ્યમાં) પ્રધાનજી આમ પધારો આ ચમત્કારીક ચીન્હના પગલાં પડયાં લાગે છે તે વિક્રમ મહારાજાના જેવા લાગે છે. અરે હાય હાય એવા ધર્મદુરંધર ધર્મની મુરતી મહારાજાને પગમાં ઉપાન નહી વિભુ તારી કૃતિ વિચીત્ર છે

વિક્રમ—અરે કોઇ મારી તપાસે આવ્યું હોય એમ જણાય છે શું પાછળ મારો તો નહી મોકલ્યો હોય તેમ હોય તો પણ શું! દરેક મનુશ્યોનો ધર્મ છે કે વડીલ ભ્રાતા અવળા રસ્તે હોય તો સારા રસ્તે ચડાવવા લઘુ ભ્રાતાનો શીક્ષા કરવાનો હક છે અને આ તો ત્રિયામાં અંધ બની કેવળ જુઠોજ મારી પર જુલમ ગુજારે છે ત્યારે તેને કેમ હાથ ના બતાવવા? તો પણ એક વખત તો પરમાળ કુળની આબરૂથી દેશવટાનો હુકમ શીરોચ્ચરમ કર્યો? (પ્રધાન સૈન્યાધીપતીને દેખી) અહો તમો અહીં કયાંથી! મારી પાછળ કેમ આવ્યા છો? મહારાજાએ શું હુકમ ફરમાવ્યો છે? શું ફસાવાતા તો ના?

સુર્યસિંહ—મહારાજા આવો ઉદગાર આપના પવિત્ર મુખમાં શોભે ખરો? મહારાજા અત્યારે તદન માળવાનો સુર્ય અસ્ત પામ્યો છે ઇશ્વરી અથાગ આફ્ત ઉતરી પડી છે માટે આપ સત્વર નગરી તરફ પધારો.

વિક્રમ—પણ વાત તો કરો શું થયું શું કોઇ ચડી તો નથી આવ્યું ના? શું વડીલ ભ્રાતા હારી શર્ણ તો ગયા નથી? ના ના પરમાર પુત્ર જાય તો નહી?

સબળસિંહ— } મહારાજ કોઇ ચડી તો નથી આવ્યું તે બાબત
સુર્યસિંહ— } કહેતાં કમકમાટ ઉપજે છે પણ કહ્યા વગર છુટકો નથી

આ શું આંસુ કે ચોમાસુ આવ્યું આંખમાં.
દીલ લાય થાય હાય હાય ભુપતીરે
છાતી ફાટીને ચીરાઇ જાય નૃપતીરે દીલ.
પિંગળા પાપીના પાપે તો, નડયા છે નીરધાર;
ભુપતીએ તો ભેખજ લીધો ધીક ગણી સંસાર. દીલ.
અશ્વપાળથી યારી રમી તે નાચા કુળની નાર;
પોગળ તેનું પ્રકાશ પડતાં ચાલ્યા નૃપ તે વાર. દીલ.

પ્રજા સર્વ રૂદન કરે છે મહારાજા વીના ત્યાંય;
પ્રિતે પધારો નગરમાંહી માળવાના મહારાય દીલ.

મહારાજ ઉજનમાં હાહાકાર વરતાઇ રહ્યો છે સર્વ શુન્યકાર થઇ ગયું છે તો આપ કૃપા કરી દુખમાં ડુબી ગયલા અબળ પ્રજાને દીલાસાંપુર્વક સતકાર આપી શાંન્તી પમાડશો એમ જીજ્ઞાસા છે મહારાજાએ આપને માટે અત્યંત પરિતાપ કર્યો હતો અને યોગ પણ તે પાપણીને માટે નહી પણ આપ નિસ્કલંકીને માથે જુઠો આરોપ મુકી ધીકાર આપ્યો તેના પશ્ચાતાપથી ધરયો છે હવે આપ સત્વર પધારી નીરાધારા ઉજજેનીમાં સહાયતાં કરશો.

વિક્રમ—અરે વડીલ ભ્રાતાએ યોગ ધારણ કર્યો ત્યારે મારે સંસારમા રહેવાનું શું પ્રયોજન છે ?

સુર્યસિંહ—મહારાજા આવા કડું વચનો નહી કહો બકવા કાળમના રહે છે મહારાજાશ્રી યોગ ધારણ કર્યો પણ આપ છો ત્યારે નહી તો કળકળતી પ્રજાને નીરાધાર મુકી કદી જાય નહી.

વિક્રમ—પ્રધાનજી હું તો કદી આવવાનો નથી જેવી રીતે તમોયે અત્યાર સુધી પ્રજાને પાળી છે તેવીજ રીતે પાળી સદા સુખી કરશો.

સભ્યસિંહ—માળવપતિ એમ કદી ના બને ધણી વગરના ઢોર સુ-ના મહારાજા યોગ્યનું ફળ પ્રજાના કલ્પાંતે સહસ્ત્ર હીસે પણ વળશે નહિ આપ સમજુ ને દયાળુ છો તો પછી શું કહેવું.

વિક્રમ—તમારા અતીશે આગ્રહથી આવુંછું ખરો પણ રાજ્ય તરફ જરા પ્રીતિ તો વધતી નથી; પ્રધાનજી તમે રાજ ચલાવો તો શું કોઇ પ્રકારની હરકત છે ખરી ?

સુર્યસિંહ—મહારાજા ત્યાં તો ચાલો પછી વળી તમારી ખુશી મુજબ. (સહુ જાય છે)

પ્રવેશ ૬ ઠો.

વિક્રમનો મહેલ.

ચંદ્રકળા—દાસી પરમ કૃપાળુએ મારા પતિવ્રતધર્મ તરફ નજર તો કરી પણ પવિત્ર જેટજીએ યોગ ગ્રહણ કર્યો તે બહુ દુખદ વાત છે.

પાર્વતી—બાઇ પરમાર જેવા પવિત્ર વંશમાં જ્યારે એવી કુસં-

ટાઓ આવે ત્યારે સંસાર ઉપરથી કેમ અરૂચી ના થાય. વળી મહારાજા ના નશીબમાં યોગના વિધિ લેખ હશે તે મિથ્યા પણ કેમ થાય? સારૂં ને નઠારૂં બંને સાથે છે. યોગ લીધો તેથી આત્માનુ કલ્યાણ કરી પરમાત્માની પિછાન કરશે એમ નકી સમજો.

ચંદ્રકળા—દાસી પ્રાણપતિ તખત નસીન થયા એ અઢી કલાક થવા આવી તો હવે જુજ વખતમાં પધારવી જોઇએ. પાર્વતી પ્રાણના થને વધાવી લેવા સર્વ સામગ્રી તઇયાર કરી રાખી છે ના?

પારવતી—સુવર્ણ પાત્રો સાચા મોતીથી ભરી રાખેલા છે.

(આસ્તેકદમ મુલાકાતસે કદમ આજુસે બાજુસે નિગા રખીએ મહેરબાન મહારાજા ધિરાજ માળવપતિ વિક્રમાદિત્યને ઘણી ખમા.)

ચંદ્રકળા—સાંભળ પ્રાણનાથની સ્વારી આવી પહોંચી કે શું.

(વિક્રમ પ્રવેશ કરે છે.)

પારવતી—હાજી તો બાઇ સાહેબ.

ચંદ્રકળા—પધારીએ પ્રાણનાથ.

વિક્રમ—પ્રિયા ખુશાલી તો ખરી ના?

ચંદ્રકળા—હા પ્રાણનાથ. આપણા ધર્મની પરમ કૃપાજીએ કસોટી કરી પાછો સારો વખત આવ્યો તો પછી કેમ ખુશી ના હોય?

વિક્રમ—મુગ્ધા આ વખતને ઉત્તમ હું જાણતો નથી. વડીલ-ભ્રાતાએ યોગ ગ્રહણ કરયો એ શું ઓછી દીલગીરીની વાત છે મને પણ હવે સંસાર ઉપર અત્યંત અરૂચી થઇ ગઇ છે પણ પ્રજાના કકળાટથીજ મારે છત્ર ગ્રહણ કરવું પડયું છે અરે મારા પવીત્ર જેષ્ટ ભ્રાતા જેમણે કોઇ દીવસ પૃથ્વી પર પગ મુકેલો નથી તે આ વખત ઉઘાડા પગે અટંકી ભયંકર ભુમીમાં અથડતા હશે. અરે જે બત્રીશ પ્રકારના ઉત્તમ રસોઇ જમનારા તેમને ઘેર ઘેર ટુકડા ઘિરાવવા. અરે જેની સેવામાં લાખો દાસ દાસીઓ હાજર હતા તે અત્યારે નીરાધાર રીતે કયાંઇ વન ગુફામાં રખડતા હશે જે કંચન મહેલમાં રત્નમય પલંગ ઉપર પોઢતા તે અત્યારે એક ફાટેલી ગોદડી ઉપર આળોટતા હશે. અરે જે માળવ મહારાજા ગણાતા તે હવે યોગી ગણાશે અહા! શું ઓછા ગજબની વાત છે આટલું બધું કરાવનાર કોણજ સ્ત્રીજ માટે નારી જતીને કોટાનકોટી ફિટકાર છે. અરે જેનું મહારાજા હમેશાં કેવી રીતે સ્મરણ કરતા ને નારીએજ દગો દાધો માટે નારી જાતી કોઇનીજ નથી તે તદન વિષયથીજ ભરેલી છે, કામ પ્રગટતાં કામની તદન કાચી છે તે વખત જોતી નથી જાલ

ભાત નહી જુવે વખત નહી માબાપની આબરૂ વીચારે કે નહી ઇશ્વરનો ડર લગાડે ફક્ત અંધ બની પોતાની અપેક્ષા પુરી કરવા ગમે તેવા પ્રસંગો ઓળગશે માટે કોઇ કોઇનીજ નથી કામનેજ તાબે રહેલી છે તો તે નરક ખાણરૂપી નારીનો જેટલો ધીક્કાર કરૂ તેટલો થોડો છે તેના વિશ્વાસે રહેલો કદી ફસાયા વગર રહેતો નથી તે પાપ કે પુન્ય શું છે તેને હિસાબમાં પણ નથી ગણુતી શું માળવ મહારાજા કરતાં પણ એક નીચ કાણીયો વધારે ઉત્તમ ગણ્યો માટે ત્રિયા જાતી કોઇનીજ નથી એમ સીદ્ધ થાય છે વહાલામાં વિરોધ પડાવનાર કોણ નારીજ છે અરે ભરથરી મહારાજા મહા વીવેકી શીરોમણી તેઓએ તે નીચ કુલટામાં ફસાઇ મને જેણે કોઇ દીવસ એક હુંકારો પણ કર્યો નહતો તેમણે કેટલો બધો તીરસ્કાર કરયો ભરથરી ભ્રાતાની બુદ્ધી એવી કદી પણ ન હોય પણ દુષ્ટાએ તેમને ભુલાવ્યા અને અંતે પોતાને યોગ ગ્રહણ કરવો પડયો, રાવણ જેવો મહા પ્રતાપી રાજા પણ સ્ત્રી જાતી માટે પરમાત્માના હસ્તથી મરાયો કોટાન કોટી કઉરવો કપાઇ ગયા તે પણ સ્ત્રીજ માટે પવિત્ર પાંડવો વન વન અથડાયા તે પણ સ્ત્રીજ માટે તો તે જાતીજ વહાલામાં વિરૂદ્ધ પડાવવા કુળનો ક્ષય કરાવવા વિશ્વસે ફસાવવા વન વન ભટકાવવા અને કામે અપેક્ષાથી ભમાવવાજ ભુતર ઉપદ પ્રગટી છે. નારી તે કાળી નાગણી છે જેને તેના વિશ્વાસના ડંસ થયો છે તે નરને પુરેપુરી ખાત્રી પડી ચુકે છે માટે તે નફ્ટ જાતીના મોહનાસમાં પડવું તેજ હાના કરતા છે મારે હવે આ સંસારમાં શું રહ્યું છે વડિલ ભ્રાતી વનવન ભટકે અને મારે ઉજ્જનનું રાજ્ય ભોગવવું શું ઉચીત છે કદીજ નહી પણ યોગીરૂપે રહી તેની સેવા કરવા તેજ સરવોત્તમ છે.

ચંદ્રકળા—પ્રાણેશ્વર આવો ક્રૂર ઉદગાર આપના પવિત્ર મુખમાંથી કાઢી મને શીદ બાળો છો, સઘળી સ્ત્રીઓ સરખી હશે એમ ધારવું શું આપનું સાચું છે ? કદીજ નહિ. ત્યારે તો પૃથ્વી રસાતાળ જાય ના પ્રિતમ આપ એમ ધારશો હું તો ખુશી છું કારણુ આપની સાથે જોગણ રૂપે રહીશ પણ પછી બિચારી નિરાધાર માળવી પ્રજાની શી દશા પ્રાણુનાથ શું તેના નીસાસાનું પ્રાશ્ચિત ઓછું સમજો છો કદીજ નહી આ સંસાર સમુદ્રરૂપી છે અનેક પ્રકારના ખાડા ખરાબા આવે છે. પણ તેમાંથી સાવધ રહેવું એ દરેક મનુષ્યનો ધર્મ છે. પ્રભુ વિધિ લલાટ કરતા નથી ભર્તુંહરી મહારાજના

નશીબમાંજ આટલોજ વખત રાજ્ય ભોગવી યોગ લેવાનું હશે, ભાવી સહુને ભુલ ખવરાવે છે વળી જે થાય છે તે સાન માટેજ અમરફળ જેવી ઉત્તમ વસ્તુ મહારાજાએ પિંગળાને આપી તે કાંઇ પાછી મળવાની આશા હતી પણ પરમ પ્રભુએ કેવો પ્રસંગ મેળવી પાછું મહારાજાને સોંપ્યું અમર થવા મહારાજાનોજ લેખ હશે નહી તો પીંગળા શીદ ઠાણીઆને અને ઠાણીઓ શીદ ગુણિકાને આપવા જાય માટે ગમે તેમ થાય પણ વિધિલેખ તે મીટવાના નહી પ્રભુ ખોટું લગાડો તો મારા સમ છે પણ આપ કહોછો કે સ્ત્રી નરકની ખાણ છે તેમ રત્નની ખાણ નથી? જો એમ ન હોય તો આપ જેવા વીર રત્નો કયાંથી પાકે. માટે મહારાજા નક્કી સમજો કે, સારૂં અને નરસું બંને સાથે છે જો નરકનીજ ખાણ હોત તો શ્રી રામ ચંદ્રજી રાવણ સાથે અતિશે દુઃખ પામી શા માટે યુદ્ધ કરે। પાંડવો પીત્રાઇનું નીકંદન શા માટે કરે। શ્રી કૃષ્ણ ભગવાન રાસલીલા શા માટે રમે। માટે જેમ નરકની ખાણ તેમ રત્નની પણ છે વિચારો તેના ઉદરમાંથી કેવાં કેવાં રત્નો પ્રગટ થયા છે. રામચંદ્રજી લક્ષમણ, હરીચંદ્ર, શ્રી કૃષ્ણ ભગવાન, પવિત્ર પાંડવો, ફરશુરામ, ભીશ્મ પીતા, દાનેશ્વરી કરણ અનેક મહા પ્રતાપી થઇ ગયા તેઓ સ્ત્રી વીના કયાંથી પેદા થાત, અને આ સંસારનો રણાબંધ પણ સ્ત્રી વીના કયાંથી ચાલત માટે નરકની તથા રત્નની બને સ્ત્રીની સાથે રહેલાં છે શાસ્ત્રમાં પણ સરખી ગણત્રી બાંધી છે જો તદન નિંદિત ગણી હોત તો સર્વ તેનામાં લુબ્ધ બની ઇશ્વરનું સ્મરણ પણ કરત નહી અને તેથી સૃષ્ટી કર્તાનો મહીમાં ઘટી જાત એટલા માટેજ સરખી ગણત્રી બાંધી છે, પ્રાણનાથ ક્ષમા કરજો કાંઇ વધુ ઘટુ બોલાયું હોયતો.

વિક્રમ—પ્રિયા ધન્ય છે તારી બુદ્ધિને પરમ કૃપાળુનો પુર્ણ ઉપકાર માનું છું કે દુઃખમાં દીલાસારૂપી રંભા રત્ન મને મળેલું છે પણ રાજ કુમારીકા મને મારા ભાઇનો કારી ઘા જન્મ પર્યંત સાલવાનો.

ચંદ્રકળા—પ્યારા પણ શું તેમાં કાંઇ આપણો ઇલાજ છે, ખરેખર વિચારો તો તેઓએ સંસારનો બધો સ્વાદ માણ્યો છે અત્યાર સુધી સંસારિક સુખ ભોગવવામાં બાકી રાખી નહિ અને જયારે સંસારપરથી અરૂચી થઈ ત્યારે દેહીનું કલ્યાણ કરવામાં બાકી રાખશે નહી.

વિક્રમ—ત્યારે મને પણ હવે અરૂચી થઈ છે અત્યાર સુધી મે

પણ સંસારિક સુખ અતિશે ભોગવ્યું છે.

ચંદ્રકળા—પણ સ્વામીનાથ એવો કનિષ્ટ વખત પ્રભુએ આપને આપ્યો નથી કે અરૂચી કરવી પડે.

વિક્રમ—આથી પણ કેવોક, ભાઇ જેવા ભાઇએ યોગ લીધો ને અમારે રાજ્યનું સુખ ભોગવવું એ શું વખત નથી?

ચંદ્રકળા—વખત છે ખરો પણ ગાદી સુની મુકીને જવાય ખરૂ કે?

વિક્રમ—શા માટે ન જવાય, શું રાજ્ય ભ્રાતથી વધારે છે.

ચંદ્રકળા—વધારે નહિ પણ ત્યારે પ્રજાને રડવડતી મુકવી, એ પણ શું ઠીક ગણાય જો તેમ હોતતો પાંડવો શ્રી કૃષ્ન પ્રતિ ઓછી પ્રીતિ નહોતી તથાપી પરમાત્માએ જ્યારે કાળ કર્યો ત્યારે તુરત તેની પાછળ કેમ ન ગયા શુ? આપની પેઠે તેઓના મન નહિ ઉશ્કેરાયાં હોય પણ જ્યારે પરીક્ષત મહારાજાની યોગ્ય ઉમર થઇ ત્યારે હીમાચલ ગયા કે તે પહેલાં.

વિક્રમ—પ્રિયા તું મને જીતવા દે તેમ નથી પણ મારા મનની ઉદાસી તો અહીં રહીશ તો પણ કાયમ ખાતે રહેવાનીજ.

ચંદ્રકળા—(ઉમંગમાં લાવવા).

મારા પ્યારા પતિ તો પધાર્યારે (૨)–એ રાહ.

દીન આનંદ અતિશે થાવેરે ચિત્ત આનંદ અતિશે થાવેરે.
ખુશી ખુશાલી પ્રગટે છે ભારી, કરૂં પતિનીસેવા પ્રિય ભાવેરે દીલ.
મેહુલા વરસ્યા મોતીના મારે, મારા પ્યારા સુંદર સ્વામી;
લગી લગી નમુ શીશ નામી અગ્ની ગઇ છે સર્વે વામી;
હર્ષ તણો નવ પારદર્શ થયા સુખકાર, દુઃખનો થયો નિવાર;
પ્રિતમ પ્રાણના આધાર, શણગાર, દુખ હાર
સોના સુર્ય આજે પ્રગટયોરે. દિલ.
થઇ દુખી અતી આ દારા, ગોઠે નવ જરા તો પ્યારા,
પડયા શિરપર દુઃખના ભારા પણ પ્રભુ કૃપા થકી;
ગયું દુઃખ સહુ તો નક્કી, નો'તી આવી આશા પાકી;
નો'તી આવી ધારી વક્કી, કરી ધર્મ તણી રક્ષાયેરે.

વિક્રમ—વાહ પ્રિયા ધન છે તારી ગાયનકળાને, પ્રિયા ખરેખર તારા જેવું સભા સ્ત્રી પ્રાપ્ત થયું તેજ મારા નશીબનો ઉદય પ્રિયા ભ્રાતુ વનમાં ગયા તે દુઃખ તો ખરૂં પણ સુખથી સાથે છે.

રાગ ખંભાત.

આનંદને શોક પ્રીયા દીલમાંહી થાવેરે;
દિલ માંહી થાવે પ્રીય દીલ માંહી થાવેરે. આનંદ.
ભ્રાતા વન ગયા તે તો સુખ દુખ સાથેરે;
રાજ્ય મુક્યું પણ હીત દેહીનું તો સાધેરે. આનંદ.
વિભુ તણી કૃપા થકી, કલંક તો ટળીયુંરે;
પાપી પીંગળાને ફળ પુરેપુરૂ મળીયું. આનંદ.

ચંદ્રકળા—અવિચળ આપણુનો પ્રેમ અતી વાધેરે;
વિક્રમ—પ્રભુ દયા થકી ભ્રાતા શુદ્ધ જોગ સાધેરે;

ચંદ્રકળા—પ્રાણનાથ સર્વોત્તમ હર્ષ તો એજ છે કે આપને વીર મહા દુષ્ટ કલંક મુકાયું હતું તેમાંથી પરમ કૃપાળુએ મુક્ત કર્યા.

પાર્વતી—બાઇ સાહેબ ભોજનની સામગ્રી તૈયાર થઇ છે માટે પધારો.

ચંદ્રકળા—પધારો પ્રાણેશ્વર.

વિક્રમ—ચાલો ત્યારે પ્રિયા.

અંક ૫ મો.

પાત્ર.

ઇંદ્ર—સ્વર્ગનો રાજા **યમરાજા**—તેનો ન્યાયાધીશ.

વાયુ, **અગ્ની** } એ દેવો.

ગોરખનાથ—એક મહાન યોગી. **વ્યંકટનાથ**—તેનો શિષ્ય.

ભરતુહરી—માળવદેશનો રાજા. **ચંદ્રકળા**—વિક્રમની રાણી.

પાર્વતી—તેની દાસી.

૧ વઇતાળ, **૨ વઇતાળ** } દેવતાઈ શક્તીવાન.

વિક્રમ—માળવદેશનો રાજા. **સુર્યસિંહ**—તેનો પ્રધાન.

સબળસિંહ—સૈન્યાપતી.

પ્રવેશ ૧ લો.

સ્થળ ઇંદ્રની કચેરી.

ચોપદાર—જયજય સ્વર્ગપુરી પતી મહારાજાધીરાજ શ્રી ઇંદ્ર મહારાને ઘણી ખમા નીગા રખીએ મહેરબાન.

યમ મહારાજાકી સલામપે નીગા રખીએ મહેરબાન.

અગ્ની દેવકી સલામપે નીગા રખીએ મહેરબાન,

વાયુ દેવકી સલામપે નીગા રખીએ મહેરબાન.

(અનુક્રમે સહુ બેઠા પછી)

ઇંદ્ર—યમરાજા, વર્તમાનકાળમાં મૃત્યુ ભુમી ઉપર ઉજ્જનપતી વિક્રમના જેવો કોઇપણ રાજા થયો નથી અને થશે પણ નહી તેની સત્ય દ્રઢતા તથા સત્ય ન્યાય જોઇ હું અતી ખુશાલી પામું છું રવી, સોમ, બુધ, ગુરૂ, શુકર, અને શની, એ દેવતાઓ આપણી પાસે અમારામાં ઉત્તમ કોણ તે બાબત ન્યાય તોળાવા આવ્યા હતા જેનો ન્યાય આપણે તોળી નહિ શકયા અને વિક્રમ સત્ય ન્યાય ઉતારતા શનીને સઉથી હલકા ઠરાવ્યા તેતે માટે શની દેવતાએ પ્રથમથી કેટલી ધાક આપી હતી અને તોળ્યા બાદ પણ દુઃખ દેવામાં પણ ખામી રાખી નહી, વિક્રમના વડીલ ભ્રાતુ ભર્થુહરી જે હાલમાં સંસારનો ત્યાગ કરી ઇશ્વરી ભજનમાં વખત ગુમાવેછે તેની રાણીના મનમાં કુબુદ્ધિ ઉપજાવી વિક્રમ માથે ખોટો આરોપ મુકાવી ભર્થહરી પાસે દેશવટો અપાવ્યો પોતે વિક્રમ અગાઉ જાણતો હતો કે શની દેવ-તાઇની છોડ કરવાથી સારૂ ફળ નિકળશે નહી પરંતુ સત્ય ન્યાય ઉપર પગલું મુકતાં જરા પણ અચકાણો નહિ તેના ન્યાયને ધન્ય છે.

અગ્નિ—મહારાજા આપ આટલાં બધાં વખાણુ તેનાં કરોછો પણ તે વખાણુ મૃત્યુ ભુમિના વસનારને યોગ્ય છે એમ હું ગણુતો નથી કદાપી વખત ફરે તેના સત્ય ન્યાય ઉપર કોઇ વખત પગલું ભર્યું હોય પણ સદા તેની વ્રતી એવી રહે એમ હું ધારતો નથી.

વાયુ—હા મહારાજા અગ્નીદેવનું કહેવું સત્યછે વિષ્ટાનો સંગીત કાગડો કોઇ કાળે કોયલ સાથે ભળી આંબા ઉપર પાકેલ કેરીના અ-મ્રત રસનું રોશન કરેછે પણ સદાકાળ તેને ત્યાં રહેવું તે ગમતું નથી તેવીજ રીતે મૃત્યુ ભુમીનું મનુષ્ય સંગત ફેરે કોઇ વખત એવા સારા કાર્યમાં પગલું ભરેછે પણ સદા તેવા સુકૃત્યે પગલું ભરવા તેઓ લોકોનું મન નશ્ચિત રહેતું નથી.

યમરાજા—અરે તમારો બંનેનો સ્વભાવ આવોજ સદાકાળ રહેવાનો ? મનુષ્ય ભુમી ઉપર કેવાં વીર રત્નો પાકયા છે તેનો તો વિચાર કરે મ્રત્યુ ભુમિ જેવું બીજુ કયુ પવિત્ર સ્થળછે ? તેનો વિસ્તું ભગવાને પણ ચોવીશ ચોવીશ વખત અવતાર ધર્યો છે ? તે શું અમસ્થો ધર્યો હશે ? જ્યારે તે ભુમિકા પવિત્ર લાગી હશે ત્યારેના.

અગ્ની—અમારો સ્વભાવ સુધર્યો નહી તેથી તમારે શું ? વિશ્નુ ભગવાને અવતાર ધર્યો પણ શામાટે ? તેનો વિચાર કરી બોલો જ્યારે અધર્મ બહુ વરતાય ત્યારે ના ? કાંઇ પણ પ્રસંગ વિના અવતાર ધર્યો છે ખરો કે ? એતો પરાણે પુન્ય કહેવાય તેથી પરમાત્માનું દીલ કેવું દુભાણું હશે ?

યમરાજા—જરાક વધારે અથવા ઘટાડે શિખામણની બાબતમાં તમને કહી જવાય ત્યાં પાધરા નામના ગુણ પ્રમાણે તપીજાઓછો વળી વિષ્ણુ ભગવાને પ્રસંગસર અવતાર ધર્યો પણ હરિચંદ્ર બળીરાજા, વિગેરે કેટલા સત્યવાદી પુરૂષો થઈ ગયા કે જેણે મરણ પર્યંત પોતાની સત્ય દ્રઢતા છોડી નહી એ મૃત્યુ ભૂમિમાં થયા કે બીજે કાંઇ ?

વાયુ—પણ તે દિવસ આવો કળિયુગનો પ્રભાવ નહોતો તેથી થાય પણ આવા સમયમાં તેમાં તેમ થવું બહુ મુસ્કેલ છે.

યમ—સમય તો સદાકાળજ બહુ રંગીછે માટે સમયનુ તો કાંઇપણ જોવું નહી જેના મન નિશ્ચયી હોય છે તે સદાકાળ ડરતા જ નથી એમ મારૂ ખાત્રીથી કહેવું છે.

ઈંદ્ર—નહી યમરાજા એમ તો નહી ધારવું પણ કળિયુગના પ્રભાવમાં વિક્રમની આવી નીતિ અત્યંત વખાણવા લાયક છે.

ભુજંગી છંદ.

થયો વિક્રમ ભુપ એક તો એવો, નથી થવો હવે રાય બીજોજ તેવો;
સત્યવાદીને દેશ ડંકોજ કીધો, સદા શુભ વિચારથી જશ લીધો,
મનુ ધારાથી રાજ્ય રામ નરિંદ્ર, બીજો તો થયો સતમાં હરિચંદ્ર.
પાંડવ તણો ન્યાય તેને ગ્રહયો છે, સુર્ય પુત્રની સમદાતા થયા છે;
બાણાવળીમાં છે અરજુન બીજો, સરત્ર સ્થળમાં શુભ જયકાર કીધો.
નહિ તુલ્ય આવે કદી કોઇ તેની, નવેખંડમા નામ પુણું જેની;

યમ—બસ મહારાજા વિક્રમની તુલ્ય કદી કોઈપણ થાય તેમ નથી.

અગ્નિ—પણ તેનું સત્ય છોડાયું કેમ મહારાજા.

ઈંદ્ર—મને સંપુર્ણ ખાત્રી છે કદી પણ તે ટેક તોડનાર નથી. જાઓ વચન આપુંછું કે ગમે તેમ કરી ટેક તોડાવશો તો તેમનો

એકદમ કરોધાયમાન થવાનો શ્રાપ મળ્યો છે તેનું નિવારણ કરીશ પણ શું પ્રપંચ રચશો તે અગાઉથી મને કહી દેખાડો.

અગ્નિ—મહારાજ જે પ્રસંગે પગલું ભરશું તે જેવું તેવું નહી કરીએ તેના પ્રાણ ત્યાગ સુધી તો તેનો કેડો મુકશું નહી તે-ઓજ કે હું તથા વાયુદેવ બેમાથી એક પક્ષી રૂપે થઇ તેના શરણમાં જશું બીજો શીકારી તરીકે થઇ શરણ ગયેલાની માંગણી કરશું શરણમાં ગયેલની માગણી કરતાં જો પાછું આપશે તો ધરમ હારશે અને નહી આપે તો શિકારી રૂપે થયેલ આત્મહત્યા આપણે તેથી પણ તેની અપકીર્તી થવાની.

યમરાજા—છેવટ તેનું પરિણામ કેવી રીતે લાવશો.

અગ્નિ—પરિણામ એવી રીતે જાણે શરણમાં ગયેલ પાછુંઆવે નહી તેમ સામાની આત્મહત્યા પણ થવા દે નહિ તો છેવટ તેપક્ષીની ભારોભાર તેના શરીરનું માંસ માગશું તે કાંઇ આપે અને તેનો ધર્મ રહે નહી.

યમરાજા—ભારો ભાર તો શું પણ તેનું તમામ શરીર માગશો તો પણ તે કદી પાછું પગલું ભરશે નહી.

અગ્નિ—હવે ઠીક છે શું થાય છે.

ઇંદ્ર—જો તમારી માગણી નહી સ્વીકારે તો જાણે તેનું ધરમ હારી ગયો એટલે થયું પણ કદી તમારૂં કહેણુ કબુલ કરશે.

અગ્નિ—એમ કબુલ યદી કરેજ નહી અને જો કરશે તો દેવતા તમારામાં જે શક્તિ છે તેનો અર્ધભાગ તેને સુપ્રત કરીશ.

ઇંદ્ર—ઠીક ત્યારે પધારો પણ પાછા વહેલા આવજો અને તેના માટે તેની મોહિત મળે.

અગ્નિ—બહુ સારૂ મહારાજ ચાલો ત્યારે (સહુ નીકળી જાય છે)

પ્રવેશ ૨ જો.

ગોરખનાથ—વ્યંકટનાથ, ભરતુહરી ભેખ લીયા સો દિપાયા ખરા મગર જબતક અપને અહીંઆંસે ઉજ્જન આયા તબસેં ઉસકા દિલ થોડા ઘણા સંસારમાં લગ ગયાહે, અસે મેરેકુ માલુમ હોતા હે તુમ રેકુ કયા નજર આતા હે.

વ્યંકટનાથ—મહારાજ મેં કયા જાનુ આપતો મહાન પુરૂષ હવ લેકી ન મેં કયાં સમજું.

ગોરખનાથ--જબતક યહ ઘડા લેકર જળ ભરનેકુ બાસ્તે ગયા ત્યાર સેં ઉસકા દીલ લપટ ગયાહે આગુસે ઉનકા થોડી મુદ્દતમેં એસા સ્મરણમેં દીલ ખુચ્યા થા કે જબ જળ ભરનેકુ બાસ્તે જાતેથે તબ ઉનકા હસ્તસે ઘડા દોહાથા અલગ ચલ આતાથા મગર અજુકા દિનમેં એસા દેખનેમેં નહી આયા તબ મેં કહેતા હું કે ઉસકા દિલ લપટ ગયા.

ત્ર્યંબકનાથ—હા મહારાજ સચ્ચી બાત હે.

(ભરથરી આવે છે.)

ભર્થહરી-પગમાં પડી મહારાજ દંડવત ભીક્ષા લેકર આયા હય.

ગોરખનાથ--(મિષ્ટાન ભાળી) કયુ ભરથરી યહ કયા લાયા અપને ઉસ્કા કયા ખપ હે ગોગીકુ મિષ્ટાન નહિ ચઇએ.

ભરતુહરી—મહારાજ નગર પ્રજાકા જબ બહોત આગ્રહ દેખા તબ મેં યહ ભિક્ષા ગ્રહણુ કીની હે.

ગોરખનાથ--સચ્ચા ભરતુહરી તેરા દિલ ફેર સંસારમેં લપટા ગયા ઇસમે કુચ્છ સંદેહ નહિ મેરી પાસ જુઠા બોલનેકા સબબ નહિ હે સચ્ચા બોલ તેરા દિલ લપટા હે કે નહી.

ભર્તુંહરી—મહારાજ જુઠ કાયકુ બોલના ચઇએ થોડા ઘણા તો લપટ ગયાથા જબ ઇહાંસે આગે તબ સંસારકી જાળ નગરી લગ ગઇથી સો દુર હો ચુકી.

ગોરખનાથ--સચ્ચા ભરતુહરી તેરા દીલ બહોત લગ ગયાહે ઓર નશીબમેં છ માસકા રાજ્યસુખ ભોગનેકાબી મુક્તતી હે માટે તુમ ઉજ્જનમાં જાકર છ માસ રાજ્યસુખ ભોગકર પીછા આવે એસી મેરી આજ્ઞા હે

ભરથરી--નહિ મહારાજ મેં જાનેકું બાસ્તે ખુશી નહિ હું.

ગોરખનાથ--કયું આજ્ઞાકા અનાદાર કરતે હે ઉસમે તેરેકું કુછ હરકત નહીં આવેગાં એસા સચ્ચા માન.

ભર્તૃહરી—મહારાજ એસા અપનેકું યોગ્ય નહિ હે,

ગોરખનાથ—વૃથા આગ્રહ કરનેકા કુછ સબબ નહિ હે તુમારા દિલ ફિર ગયા હે ધર્મધ્યાન અચ્છી તરહસે તુમારેસે નહિ થાય મગર રાજ્ય સુખબી ચુક જાતેહે હય રીતિસેં દો બાત બિરૂદ્ધ નહી કરના બાધી લેખબી એસાજ હે ચલો મેંબી તુંમારી સંધ આતા

કુઅરે ૭ માસકી મુદત તલટ મેંભી એક નગરીમેં ઠેરૂંગા મેરા ધ્યાનમેં એસા લગ શકે કે ભરથહરીકો મોહ મારા સંસારમેસેં દુર હો ચુકી તફેર તેરેકુ દિક્ષા દેકર સંગ લેવેગા અભિ તો ચલો.

ભરતુહરી—અચ્છા મહારાજ જેસી આપની આજ્ઞા.

પ્રવેશ ૩ જો.

પાર્વતી—બાઇ સાહેબ મહારાજ સાહેબે બહુ હિંમત નાખી;

ચંદ્રકળા—દાસી એમાં શું ? એતો ક્ષત્રીનો ધરમછે આતો દેવતાઇ પરિક્ષા કરવા આવ્યા હતા અને પાછી સજીવન કરી હતી તેની મર્ણથી ડર ખાતી નથી જો ધર્મ સચવાતો હોય તો ?

પાર્વતી—બાઇ ઇશ્વર પણ સાચાની કસોટી કરવામાં બાકી રાખતા નથી અહો કેવો પ્રસંગ મેળવ્યો એક પારેવા રૂપે થઇ શરણમાં આવ્યો અને બીજો શિકારી રૂપે થઇ તેની પાછળ આવ્યો એટલુંજ નહી પણ કેવો કઠોર આગ્રહ લઇને બેઠો કે કાંતો તેજ પક્ષી જોઇએ નહી તો જાતે મહારાજાનું ધ્રામ જોઇએ.

ચંદ્રકળા—દાસી જ્યારે પરમકૃપાળુ કસોટી કરવા ધારે ત્યારે શું કામ બાકી રાખે. હરીચંદ્રને શું દુઃખ આપવામાં ખામી રાખી હતી, જે ખરા ક્ષત્રી વીર્યથી પ્રગટ્યા હોય છે તો તે કદી ડરતા નથી.

પાર્વતી—અરે પણ માહારાજાએ શરીરનો બધો ભાગ કટકે કટકે કાપી મુકવા માંડ્યો હતો ઘટ સુધી તો પક્ષીનુંજ છાબડું નીચે રહ્યું જ્યારે અંત સમો આવ્યો ત્યારે તે બંને દેવતાઓ પ્રગટ થયા.

ચંદ્રકળા—પરમેશ્વરે જ્યાં જ્યાં કસોટી કરીછે ત્યાં ત્યાં તેવીજ રીતે મોરૂધ્વજને કરવત મુકાવ્યું, સગાળસા પાસે કેલઇઆને ખાણીઆમાં ખંડાવ્યો, દાનેશ્વરી કરણ અંતકાળે કનિષ્ટપણે દાન લીધું શીવાય દાખલા બનેલા છે પણ તેવી કસોટીથી નહિ.

પાર્વતી—કસોટી તો કરી પણ છેવટ બક્ષીસો પણ ઠીક સુપ્રત કરી અગ્નિ તથા વાયુ દેવતાએ પોતાની દેવતાઇ અર્ધી શક્તિ સુપ્રત કરી તથા ઇંદ્રે આગમ અગમનું સુજે તેવું હીરા રત્નથી જડીત બત્રીસ પુતળીનું સિંહાસન મોકલાવ્યું બાઇ આવું શરણ અગાઉ કોઇએ આપ્યું હશે ખરૂં ?

ચંદ્રકળા—નહિ કેમ ? શ્રીકૃષ્ણ ભગવાન તો ચોર ડાંગવ પણ

જ્યારે શરણે આવ્યો ત્યારે અભિમાન્યુએ મામાનું સગપણુ ગણકાર્યું નહી. અરસપરસ જાદવ પાંડવને યુદ્ધ થવામાં પણુ બાકી રહી નહિ લયકારી જેવો સમો વરતાયો પણ અભિમન્યુએ પોતાનું વીર્ય લજવી શર્ણાગતને સોપ્યો નહિ.

પાર્વતી—ત્યારે બાઇ ક્ષત્રીની રીતજ અલોકીક છે. તમે પણુ શરીર સુપ્રત કરવા તૈયાર થઇ ગયા હતા.

ચંદ્રકળા--તૈયાર ન થઇએ તો પછી આ શરીર એવા પ્રસંગ વિના શું કામે આવે તેમ છે?

સરકાર રજા દીજીએ એ રાહ.

પતિના શિરપરેજ દુઃખ થાય ના વિમુખ;
શુદ્ધ માતપિતા જેના શુદ્ધ હોય કુખ.
સ્વામિ સેવા માંહી જ્યારે ન આવે આ અંગ,
પછી શું તો કામ આવે એતો મુકી પ્રસંગ;
આ શરીર કોને માટ દાસી તું વિચાર;
પતિ પ્રભુ છે આપણા પતિ છે જગદાધાર;
પતિ ગયા પછીજ શું રહ્યું સંસાર માંય,
વિધવા નારી જગતમાં સદા વૃથા ગણાય.
કુલટા નારી હોય જેને રાખે જુદુ મન,
દુખની વખત જુદું રાખે તેહ તન;
અર્ધાગનાનો અર્થ ત્યારે પછી શું થાય,
પતિથી વહાલું રાખે તન વૃથા છે સદાય.

પાર્વતી-- રાગ ઉપરનો

ધન્ય બાઇ તમ જાતી, ધન્ય તમારી ટેક;
ધન્ય તમારો શુદ્ધ પ્યાર, પતિ પરે વિશેક.
ધન્ય તમારા માત પિતા ધન્ય તમારૂ કુળ;
ધન્ય ભાગ્ય છે પતિનાં, ધન્ય જનુની કુખ.
પતિવ્રત માહે બાઇ, રાખો અતીશે પ્યાર;
પતિને સદા તમે, સેવો છો જુગદાધાર.
પતિમાં મન પતિમાં તન, પતિ ગણો પ્રભુ:
પતિને વિશ્નુ પતિને બ્રહ્મા, પતિને ગણો શંભુ.
સીતા તણી અન્ય જોડ, આપ છો થયાં,
દ્રોપદી તણી ટેક માંહે, આપ તો ભળ્યાં.

તારા દમયંતિ અહલ્યા જે સતી;
એની પેઠે પ્યાર સદા, રાખો છો પતિ.

ચંદ્રકળા—પણ દાસી આજે રાજ્યાભિષેક જેવો કચેરીમાં સમારંભ હોય એવો મને ભાસ થાય છે. પ્રાણનાથ ગાદીએ બેઠા ત્યારે તો પોતા બહાર કરવા દીધા નહતા, તેમજ ખુશાલીના અર્થે પણ તોપોના બહાર નહિ કરવા એવો ઠરાવ મહારાજા ભરથરી વન પધાર્યા તેની દીલગીરી પાળવા માટે બહાર પડગો હતો તેને બદલે આજે બેશુમાર બહાર થયા. નગરમાં પણ આનંદ આનંદ વર્તાઇ રહ્યો છે તેનું શું કારણ?

પારવતી—આ સાહેબ ઉપરનો દૈવતાઇ પ્રસંગ બન્યો, મહારાજા મરણની સ્થિતિમાં હતા તેમાંથી બચ્યા તેના આનંદ માટે ઘણું કરીને હશે.

ચંદ્રકળા—એ બાબતનો પ્રાણનાથને આવો અત્યાનંદ થાય નહી કારણ ખરા ક્ષત્રી પુત્રો મરવાનો ડર ખાતા નથી અને વળી તેવા ધર્મના પ્રસંગે તો કોઇ પણ દીવસ પાછું પગલું ભરતાજ નથી માટે આનંદ તો ગમે તેવા પ્રકારનો હોય મહારાજા ઘડી બે ઘડીમાં આવી પહોંચશે. ત્યારે સર્વ બાબતની માહીતગારી મળશે.

(વીક્રમ આવે છે.)

ચંદ્રકળા—પધારો પ્રાણેશ્વર! પ્રાણનાથ શું આજે એટલો બધો ઉ[illegible] છે કે એકદમ બહાર શરૂ કરી દીધા ?

વિક્રમ—પ્રિયા આજનો દીવસ અત્યંત માંગલિક છે મહારાજા [illegible] જોગિંદ્રરૂપે તથા મહાન યોગી તેમના ગુરૂશ્રી ગોરખનાથજી આપણી નગરીમાં પધાર્યા છે એવા સમયથી કયારે વધારે આનંદનો પ્રસંગ મળે તેમ હતુ વળી આનંદમાં અતિશે વૃદ્ધિ તો એજ કે કાલે ગાદી ઉપર ભરથરી મહારાજા તખ્તનશીન થવાના છે તો પછી એથી વધારે આનંદનો સમય ફરીને કયારે પ્રાપ્ત થવાનો હતો ? હાલમાં મહારાજા ભર્થહરી તથા યોગિંદ્ર ગોરખનાથજી શ્રી મહાકાળેશ્વરમાં છે પ્રિયા ચાલો તમારે દર્શને જવું હોય તો ?

ચંદ્રકળા—ચાલોને પ્રાણનાથ ઘેર બેઠા ગંગા આવી તો તેમાં નાહી પવિત્ર કેમ ના થવું ? પણ પ્રાણનાથ તખ્તનશિન થવા મહારાજા ધારે છે એ તો બહુ ખુશાલીની વાત.

વિક્રમ—હું સર્વના બહુધા આગ્રહથી તખ્તનશિન થયો મહારાજા વિના મને સર્વ શુન્યકારવત્ ભાસતું હતું કોઇ પ્રકારનો આ-

નંદ મને રહ્યો નહોતો. લપડાક મારીને મોઢું લાલ રાખવાપણું હતું ઇશ્વર કૃપાથી સૌ સારાં વાનાં થઈ રહ્યાં છે ચાલો ત્યારે ચાલો દર્શને.

ચંદ્રકળા—ત્યારે ભલે પધારોને પ્રાણેશ્વર (સૌ જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્વર્ગ તરફ જવાનો રસ્તો.

અગ્ની—વાયુદેવ રંગ છે વિક્રમને તેના સત્યવાદીપણાને સહસ્ત્ર વખત ધન્યવાદ આપું છું અરે મૃત્યુ ભુમિકા પણ સંપુર્ણ પુન્યશાળી છે કે આવા વીર રત્નો તેની ઉપર પ્રગટ થાય છે.

વાયુ—પણ અર્ધી અર્ધી શક્તિ આપવી પડી તે તો તમારા હિસાબમાં નહિ હોય.

અગ્ની—અરે તેથી શું થયું એવા વીર રત્નને તો આપણી તરફથી જ્યારે કોઈ પણ પ્રકારની ઉસ્કેરણી ન મળે ત્યારે પછી આપણે શું કામના અરે વિચાર તો કર બીજો કોણ એવો સત્યવાદી છે કે શરીરનાં પોતાને હાથે કરી એવા રાઇ રાઇ જેવડા કડકા કરે રંગ છે તેના માતપિતાને કહેવું સહેલું પણ કરવું બહુ કઠીન છે

વાયુ—અગ્નિદેવ એમાં તો જરા પણ સંદેહ નહિ વિક્રમ ખરેખર કોઇ દેવાંશી નર છે નહી તો આવું અનિશ્ચીત વ્રત કદી પણ મનુષ્ય જાતથી રહે નહી.

અગ્ની—મનુષ્ય તો શું પણ આપણા દેવોની પણ તેવી વૃતિ રહેવી બહુ મુસ્કેલ છે એતો ખરેખર કોઇ ઇશ્વર અંશ.

વાયુ—પણ હવે ઇંદ્ર મહારાજને શું મોઢું બતાવવું આપણે પણ હાથે કરી પેટ ચોળીને શુળ પેદા કરયું છે એક તો અરધી અરધી શક્તિ ગુમાવી તેવા વીરરત્નને દુઃખ દેવામાં ખામી રાખી નહી યમ તથા ઇંદ્ર મહારાજા સાથે હોડ બાંધી

અગ્ની—થવા કાળ થઇ રહે છે વીધી લેખ કોઇ કાળે પણ મીટવાના નથી હવે વૃથા પ્રશ્ચાતાપ કરેછે, ગયેલી શક્તી પાછી આવે તેમ છે મનની મનમાં રહી જાતી હતી આપણા ધારવામાં હતુ કે કળિયુગના પ્રભાવમાં કોઇ પ્રતાપી પુરૂષ આવ્યો નહી હોય પણ હવે ખાત્રી થઇ ચુકીકે પૃથ્વી કોઇ દીવસ પણ નીરશીર થાતીજ નથી.

(બે વઇતાલ આવે છે.

૧ લો વૈતાળ--અરે રંગ છે વિક્રમાદિત્યને તેના જેવો સત્ય વાદી રાજા કોઇ થયો નથી અને થશે પણ નહિ.

૨ જો વઇતાળ—અરે પણ શું તેનો આવો અતુલ્ય કાંઇ ન્યાય જોઇ હું અતીશે વિસ્મય પામું છું અહા પણ શું તેની શક્તી કોઇ ઇશ્વરી અંશી એમાં તો સંદેહ નહી.

અગની--પણ કેવી રીતે ન્યાય તોળ્યો શી વાત કરો;

૧ લો વઇતાળ—અરે ભાઇ તેના ન્યાયની શી વાત કરવી ઈંદ્ર જેવાપણ ન્યાય ના તોળી શકે તેવા વાંધાનો અદલન્યાય માળ-વપતી વિક્રમે ઉતાર્યો.

૨ જો વઇતાળ—ધન્યછે તેના માતપીતાને ધન્ય છે તેના પ-રમાળ કુળને અને તેના દેશમાં વસનારી પ્રજાના પણ પુર્ણ ભાગ્ય કે આવા અદલ ન્યાથી વસે છે.

વાયુ--પણ વાતતો કરો શી રીતે બનાવ બન્યો છે.

૧ લો વઇતાલ--અરે બીચારો એક ગરીબ વાણીઓ મરાઇ જાતો હતો તેનો કેસુ રીતે ઉદ્ધાર કર્યો છે અરે તેના ન્યાયને જેટ-લો ધન્યવાદ આપુ છુ એટલો થોડો છે.

અગની--પણ હવે ક્યાં સુધી વખાણ્યા કરશો અમારે તેના ન્યાયની પરિક્ષા કરવાની જરૂર છે માટે સ્વીસ્તર વાત તાકીદે કહી બતાવશો તો તમારો ઉપકાર માનશું.

૨ જો વઇતાલ--સાંભળો ભાઇ તમારે સાંભળવાની બહુ અ-પેક્ષા છે તો કહી બતલાવું છું ધુતારા હોય કે ગમે તેવા હોય પણ એક બે પરદેશી બ્રાહ્મણોનો વેશ લઇ અહીંઆં એક ફુલચંદશા કરી સાધારણ શાહુકાર છે તેને ઘેર આવી કહ્યું કે અમારે અહીં રાત રહેવું છે તો ઉતારો આપો તો સારૂ ફુલચંદશાહે બ્રાહ્મણ જાણી ઉતરવા દીધા તેઓ બ્રાહ્મણ પાસે સવા લાખ સ-વાલાખ કીમતના બે અમુલ્ય રત્ન હતા સાચી વાત કરતા હો કે પ્રપંચ પણ તેઓ ઉતર્યા બાદ અરસપરસ તકરાર કરવા લાગ્યા એક કહે બંને રત્નો મારી પાસે રાખુ અને બીજો કહે મારી પાસે રાખું તકરારતો વધી પડી છેવટ નીરમાણ કર્યો કે આજની રાત ફુલચંદશા પાસે રહેવા દેવા તે ઠરાવ બંનેએ કબુલ રાખી ફુલચં-દશાહને સોંપતી વખત કહ્યું કે આ બંને રત્નો સંગાતે માગીયે ત્યા રે આપવા રત્ન સોંપ્યા બાદ બંનેએ રસોઇ કરવા ઠરાવ કર્યો ર-સોઇનો સરસામાન બંને સાથે જઇ લઇ આવ્યા અત બાકી રાખ્યું

હતું એક રસોઇમાં બેઠો હતો તેણે બીજા પ્રતી કહ્યું રસોઇ તૈયાર થવા આવી માટે ઘી લઇ આવ ત્યારે તેણે કહ્યું કે હું એકલો જઇશ તો આપશે નહિ. માટે તું સાથે આવ બીજાએ કહ્યુ. કે હું રસોઇમાં બેઠો છું માટે ઉઠાશે નહી હું અહીંથી કહું છું કે જા આપશે એટલે બીજો હતો તે લેવા ગયો તેણે ફુલચંદશાહને જઇ કહ્યું કે અમારો વાંધો પાર પતી ગયો છે માટે રત્ન પાછાં લાવો તેના જવાબમાં ફુલચંદશાહે કહ્યું તમે બંને સાથે આવો તો આપીશ કારણ મારે એવો ઠરાવ છે એટલે લેવા આવ્યો હતો તેણે રાડ પાડીને રસોઇ રાંધતો હતો તેણે કહ્યું કે ફુલચંદશા આપતા નથી માટે તમે અહીં આવો સામા જવાબમાં રસોઇ કરનારો ન ઉઠતાં ફુલચંદશા પ્રતિ બોલ્યો ખુશીથી આપો તેની હરકત નહી એટલે ફુલચંદશાહે બે રત્નો સોંપી દીધા કે તુરત પેલો લેવા આવનારો રસ્તે પડયો ઘડી બે ઘડી થઇ એટલે રસોઇ રાંધનારે મોટા સાદેથી કહ્યું કે ફુલચંદશા આટલી બધી શી વાર રશોઈ ઠરી જાય છે માટે ઘી જલદી આપોને ઘીનું નામ સાંભળી ફુલચંદશાના હાઝાંઝ નરમ પડી ગયાં થોડીવાર થયા બાદ રસોઇ પડતી મુકી ફુલચંદશા પાસે આવી ઉભો રહી બોલ્યો કેમ મારો સાથી દેખાતો નથી તવ ફુલચંદશાહે કહ્યું તમારા કહેવા મુજબ મેં તેને રત્ન આપ્યાં તે લઈ તમારી પાસે આવ્યો છે. એવું સાંભળતાં પેલો બ્રાહ્મણ પછાડ ખાઈ નીચે પડયો બંનેનો મોટો વાંધો ચાલ્યો બીચારા વાણીઆને માટે અટાટની ઉતરી પડી.

અગ્ની—ત્યારે પછી શું બન્યું એતો બહુ વીપ્રીત થયું ગુણનો ભાઇ દોષ જ્યારે બિચારા ફુલચંદશાહે ઉતારો આપ્યો ત્યારે એવું ફળ મળ્યું ના.

૨ વઇતાળી—ભાઇ કળીયુગનો પ્રભાવજ એવો છે બ્રાહ્મણ તો કહે મારા રત્ન લાવ નહીતો બ્રહ્મહત્યા આપીશ.

વાયુ—બિચારા વાણીઆને માથે પણ ગજબ ગુજાર્યો ત્યાર પછી શું બન્યું આનો અદલ ન્યાય કેવી રીતે ઉતાર્યો ?

વૈતાળ—એનો ન્યાય વિક્રમ વિના કોણ ઉતારી શકે વાણીયાએ પોતાની બધી ઇસ્કામત આપવા કહ્યું પણ બ્રાહ્મણ તે કશું માન્ય ન રાખતાં બે રત્ન અગર અઢી લાખ રૂપીઆ રોકડા એમાંથી એક લેવાનું જણાવ્યું ફુલચંદશાહ પાસે તેટલી સતા મળે નહિ, તકરાર ચાલતી હતી તેવામાં વિક્રમ મહારાજાના સ્વારી આવી પહોંચી

વાયુ—તેણે કેવી રીતે ન્યાય ઉતાર્યો બીચારા વાણીઆનો બચાવ થાય તો સારૂં.

વૈતાળ—વિક્રમે ઘણી રીતે બ્રાહ્મણને સમજાવ્યો પણ તેણે માન કર્યું નહિ ત્યારે છેવટ મહારાજાએ અદલ રીતે ન્યાયનો ઠરાવ એવી રીતે બહાર પાડયો કે તમારે બંનેને સાથે રત્ન લેવાનો ઠરાવ છે માટે ભાગી ગયેલ આશામી આવશે ત્યારે બંને રત્નો તમોને મળશે

અગ્ની—રંગરે રંગ વિક્રમ ધન્ય છે તારા માત પીતાને આવોજ અદલ ન્યાય ઉતારવો જોઇએ ચાલો વાયુદેવ આપણે પણ બહુ વખત ભરાઇ ગયો માટે તાકીદીથી

વાયુ—ચાલો ભાઈ ચાલો વિક્રમની પ્રભુ સદાકાળ ચડતી રાખે અને તેની પ્રજામાં હમેશાં સુખ શાન્તી ફેલાય.

પ્રવેશ ૫ મો.

(સ્થળ) ઉજ્જનની કચેરી.

ભર્થહરી—મારા પ્યારા બંધુ વિક્રમ હવે જેટલો આગ્રહ કરે તેટલો વૃથા છે છ માસની અવધી હતી તે પુરી થઈ ચુકી છે માટે હું કદી રહેવાનો નથી

વિક્રમ—ભ્રાતુશ્રી ગમે તેમ થાય તોપણ હવે હું જવા દેનાર નથી. વડિલ જરા વિચાર કરો આપ જ્યારે આમ મને તરછોડી ચાલ્યા જશો તો મારે કોનો આધાર! તેમ છતાં આપને યોગ ગ્રહણ કરવા બહુ આગ્રહ હોય તો ખુશીથી મને પણ સાથે તેડતા જાઓ હું બનતી રીતે શીષ્ય થઈ આપની સેવા ચાકરી કરીશ પણ મારો અનાદર કરી ચાલ્યા જાઓ એ કદી બનવાનું નથી

ગોરખનાથ—વિક્રમ તુમ વૃથા આગ્રહ કાયકુ કરતે હે ઉસ્કે લલાટમાં છ માસકા રાજ્ય સુખ ક્રમતી રહ્યાથા સો સંપુર્ણ હો ચુકા.

વિક્રમ—મહારાજ ત્યારે હું અહીં રહેવાનો આગ્રહ પણ નથી કરતો હું પણ ખુશીથી સાથે આવવા તૈયારછુ

ભરથહરી—ભ્રાતુ વિક્રમ એમ બનવું બહુ મુસ્કેલ છે પછી ઉજ્જૈનની શી હાલત. હુ યોગ ગ્રહણ કરવા ધારૂંછું તેનુ કારણ એકે પાછળ રાજ્ય ચલાવનાર તમે છો ત્યારે નહિ તો પ્રજાને કળકળતી મુકી કદી ના જવાય

વિક્રમ—વડિલ ભ્રાતુશ્રી પ્રજાને કકળાવવા ખુશી નથી અને શું મારો અનાદર કરશો આમ તો કદી ના બનવાનું

ભર્થહરી--પ્રધાન સુર્યસિહજી વિક્રમનો કલ્પાંત મારાથી જોઇ શકાતો નથી માટે તમે સારી રીતે સમજાવી મને રજા અપાવો ગમે તેમ થાય તોપણ હું અહી રહેવાનો નથી

સુર્યસિંહ--મહારાજા આમ કરવું શું આપને યોગ્ય છે ? તે વખતની બીનાનો આપને જે કાળ ચડયો હતો તેનું હવે શું છે? ઉજ્જનનીને આમ નિરાધાર મુકી ચાલ્યા જવું એ શું આપને યોગ છે ? વિક્રમ મહારાજા રાજય ચલાવવાને સંપુર્ણ શક્તિમાન છે ખરા પણ હજુ તેમની ઉમર યોગ્ય નથી રાજકારભારમાં કેવા કેવા પ્રપંચો રહેલા છે તેથી આપ માહિતગાર છો નાનું સુનું રાજય હોય તો ઠીક પણ બાણું લક્ષ માળવો તો આપનેજ આમ વિચાર કરવો લાયક નથી વળી મહારાજા ઇશ્વરી સ્મરણ કરવું હોય તો અહીંયાં કયાં નથી થતુ ? આપના માટે ખાસ એક ગુપ્ત મહેલ કરાવશું તેમાં યોગ ગ્રહણ કરીને રહો પણ ઉજન બહાર પગલુ ભરવા વિચાર ધારો તેતો ઠીક ન ગણાય વળી વખત કયાં ચાલ્યો ગયો છે, અમરફળનું જયારથી આપે પ્રાસન કર્યું ત્યારથી જન્મ મરણનો ભય તો આપના શીર ઉપરથી ઉતરી ચુકયો છે જયારે વિક્રમ મહારાજાની ઉમર બરાબર યોગ થાય ત્યારે ખુશીથી ચાલ્યા જજો પણ ત્યાં સુધી તો યોગનુ નામ પણ લેશો નહિ આપ મહારાજા સમજુ છો: તેથી વધારે મારે કહેવું એ ઉચિત નથી રાજનીતીનો વિચાર કરો, રાજાએ શા પ્રમાણે વર્તવું તે સ્મરણમાં લ્યો વૃદ્ધાવસ્થા થાય અને પાછળથી ગાદીએ બેસનાર યોગ્ય ઉમરનો હોય તોજ રાજાએ વાનપ્રસ્થ ગ્રહણ કરવું ત્યાં સુધી તો રાજ ખટપટ છોડી એક પગલું પણ બહાર ભરવું નહિ વિસ્તાર કરીને કહેવું તોપણ એનુ એ વિક્રમ મહારાજાને પંદરેક વરસ થયાં હશે વીસ વરસે યોગ્ય ગણાય માટે પાંચ વરસ વિત્યા બાદ આપના ધ્યાનમાં આવે તેમ કરજો.

ભરથરી—પ્રધાનજી તમારે ઉલટું આમ કહેવું તે લાજમ નથી હું રાજનીતી પુરેપુરી સમજુછું પણ મને જયારે અરૂચી થઇ ત્યાર પછી રહેવું તે શા કામનું છે વળી વીધી લેખ પ્રમાણે હમેશાં થયાં કરે છે, મારા નસીબમાં રાજ નથી પણ યોગજ છે કદાપી ધારો કે પ્રથમના જેવી કાંઈ બીજી આફત આવી પડી ત્યારે ક્રોધ કરી ચાલ્યો જાઉં તેથી આ શું નરતુ છે અને જયારે નસીબમાં યોગ્યજ છે ત્યારે ગમે તેમ રાજયમાં રહીશું તોપણ વિધિ ભુલ ખા

વરાવી વળી બીજો ગુન્હો ઉભો કરી વનવાસ આપશે માટે આનંદ વૃતિથી જવું એજ ઉત્તમ ગણું છું વળી રાજ્ય છોડી પ્રજાનો અવિશ્વાસ લેવા ચહાતો નથી પણ મને ખાત્રી છે કે મારી પાછળ વિક્રમ સવાય ગાદી ચલવે એવી તેનામાં સત્તા છે વળી જ્યાં અરૂચી થઇ ત્યાં રહેવું પણ યોગ્ય ગણુતો નથી અને જો ત્યાં રહીએ તો નકી વિગનજ આવે એમાં જરા પણ સંદેહ સમજશો નહિ ત્યારે અહીંનું પણ ચુકવું અને ઇશ્વરી સ્મરણુ પણ ચુકવું એ શું ઠીક ગણાય કે જે કાર્ય કરવું તેમાં પ્રથમ લાંબી નજરથી તપાસવું કે પાછળ જરા પણ વિમાસવું ના પડે, ભ્રાતુ વિકરમ હવે તું હઠ છોડી દે અને ખુશાલીથી રજા આપ તો ઇશ્વરી સ્મરણુનો અમુલ્ય વખત જે અમસ્થો ગુમાય છે તે ખપમાં આવી જાય. આ મનુશ્યા દેહી ફરી ફરીને પ્રાપ્ત થવાની નથી, તેમ ત્યાં સાથે પણ પાપ પુન્ય શીવાય કાંઇ આવવાનું નથી વિકરમ પ્રજાનું પુત્રવત પાલન કરવું એ પણ ઓછું પુન્ય નથી મને તો ખરેખરી ઠોકર લાગી અને ખરી રીતે સંસાર તરફ અરૂચી થઇ ગઇ ત્યારેજ ભિક્ષા ગ્રહણ કરૂં છું તે તું રાજ્ય કારકીર્દીમાં યોગ્ય છો ત્યારેજ નહિ તો મારાથી પણ ન જવાય કારણ ઇશ્વરી સ્મરણુમાં જે આત્માનું કલ્યાણ થાય તેના સહસ્ત્રગણું પાપ પ્રજા વિશ્વાસથી ચોટી જાય વિકરમ હવે મને ખુશી થઇને રજા આપ એટલે ચાલ્યો જઉં.

વિક્રમ-- **ગાયન.**

નવ પાડો જુદોરે, વડીલ ભ્રાતુ મારા;
સાથે આવીશ હું તોરે, થવા દેઉં નવ ન્યારા,
લઘુ ભ્રાત છોડીરે, ભ્રાતુ જવા શું ધારો;
કાંઇ દયા તો દીલમાંરે, લાવી અર્જ સ્વીકારો
નથી શક્તિ તો મારીરે, રાજ્ય ચલાવવાને;
ઉમર હજુ નથીરે, રાજ્ય શીર ધરવાને.
ખટપટો છે ભારીરે, રાજય તણી મહારાજા;
નવ ફાવે લગારીરે. મારી શી રે'શે માજા.
તરછોડી જાઓરે, સોગન છે તવ મારા;
વડીલ ન થાશોરે, મુજથી ન્યારા.

જનુની જીવોરે ગોપીચંદની.

ભર્થહરી—વૃથા આગ્રહ જરા નવ કરો, કદી રહેવું ન આયજી;

સુખેથી રાજ્ય તું ભોગવે, પાળો પ્યારથી પ્રજાયજી,
અમે તો અલેક જગાવશું.

વિકરમ--ક્રૂર વચન તમે નવ કહો, લાગે દીલડામાં લાયજી;
ભ્રાતા શાને તરછોડો છો, એકલા ના રહેવાયજી,
ભ્રાતુ સાથે લ્યો ને સાથમાં.

ભરથરી--બંધુ માના તું વિકરમ વૃથા નવ કર વાતજી;
હવે કદી ન રાજ્ય ભોગવું, રહો સુખે મમ ભ્રાતજી અમે૦

વિકરમ--કારી ઘા ભ્રાતું ના કરો, આ શું વદો છો વચનજી;
રાજ્ય કરી ન શકું, દિલ થાય છે પતનજી ભ્રાતુ૦

ભરથહરી--સોચ વૃથા શાને તું કરે, જેવા લેખ લલાટજી;
સંસાર અસાર હું ગણું, યોગ ગ્રહું છું ભ્રાતજી અમે૦

વીકરમ--આપ વિનાનો સસાર તે, મારે વૃથા સદાયજી;
સ્મશાન સમ સમજું બધું, બીજી શીછે સગાઇજી. ભ્રાતુ૦

ભરથરી--ઉજ્જનની સુતી તો નવ રહે, પ્રજા મુકે નિશ્વાસજી,
પાપ આ તુલ્ય છે તેહનું, થાય નરકનો વાસજી અમે૦

વીકરમ--એમ સમજો છો તમે બંધુ, શીદ ગ્રહો વનવાસજી;
વડીલ વિચાર ઉંડા કરો, શીદ લ્યોછો નિશ્વાસજી ભ્રાતુ૦

ભરતુહરી--ગાદી વારસ જ્યારે ભ્રાતું છો, તવ નીકળું વનજી;
અમરથો ભેખ કદી ના ધરૂં, યોગ કરૂ ના ગ્રહણજી અમે૦

ભરથરી-હવે તુ જેટલો આગ્રહ કરે તેટલો વૃથાછે હું કદી પણ રહેવાનો નથી માટે મને ખુશી થઇ રજા આપ, તું કકળાટ ન કર અને મારે જવું તેમાંથી ઇશ્વરી સ્મરણનું ફળ શું મળવાનું ? મને એ વાતે શા માટે ભુલાવે છે ? હું કદી રાજ્ય ભોગવનાર નથી તું અતીશે આગ્રહ કરીશ તો વનમાં નહિ જાઉ તેમ રાજ પણ નહી ભોગવું, શાને માટે બન્ને ચુકાવે છે ? સબળસિંહજી તમે વીકરમને સમજાવો તો ઠીક કહેવાય

સબળ--મહારાજા આપ આગ્રહ લેઇને બેઠા છો તો તેમાં વિક્રમ મહારાજાને શું કહેવું ? હજુ તેમની ઉમર નાની છે આપ પુખ્ત ઉમરે પહોંચ્યા છતાં જરા પણ વિચાર નથી કરતા એ શું યોગ્ય છે ? વાત ગ્રહસ્થ ગ્રહણ કરવું પણ ક્યારે કે જ્યારે વૃદ્ધાવસ્થા થઇ હોય અને તખ્ત નશિન થનારની ઉંમર યોગ્ય હોય ત્યારે તે સિવાય રાજપુત્રોને દિક્ષા લેવાની સાફ મનાઇ છે માટે જો આ-

પર્જ આપનો આગ્રહ છોડી દયો, આપને અમે શીખામણ દેવા લાયક નથી પરંતુ અત્યારે આપે રાજ્ય હઠ ગ્રહણ કર્યો છે તેથી કહેવું પડે છે વધારે ઓછું બોલાયું હોય તેની ક્ષમા માગુંછું

ગોરખ—તુમ સબ લોકો એસા આગ્રહ લેકર બેઠા હે મગર કુચ્છ માલુમ નહી હે ભરથરીકા લલાટમે છ માસકા રાજ્ય ભોગ કમતી રહાથા તે ભોગ લીયા લેકીન છે માસ હો ચુકા તબ તુમારે ઇધર રોકનેકા કયા સબબ હે ઉનકા ભવિષ્યમેં યોગ લીખા હે તુમ વિધીકા લેખ ટેરનેકું કયું સામર્થ હે ! સબ બાતકા તલાસ કરકે સબી આગ્રહ છોડ દો બહોતમેં કુચ્છ હાંસિલ નહી મીલેગા યહ ભરતુહરી રહેનેવાલા નહી હે. જીસ વખત હમ સબ યહ નગરીમે આયા તીસ વખત ભરતુહરીકા દીલ સંસારકી જાલમે ઝપટ ગયાથા મેને જબ એસા દેખા ઓર ઉનકા લલાટમે છ માસકા રાજ ભોગ મુલતવી રહાથા તબ અપનીજ જાતસે ઉનકુ તખ્તનશિન કીયા યહ વખત તો હો ચુકા તબ ફેર કયું બાસ્તે રોકતે હે ઇસમે મેરા કુચ્છ સવારથ નહિ હે હમતો ઉનકા કલ્યાણ બારતે કહેતે હય.

ભરથરી—હવે રજા આપો તો સારૂ કહેવાય.

સુર્યસીંહ— કહો તો રાજા સાથે હું આવું.

મહારાજા કદી એમ ના બનવું, તેથી રહે સૌને દીલતો દમવું મહા
જંગલ જાઓ ના તરછોડી, યુવાવસ્થા શું જંગલ વસવુંરે મહા
માળવ પ્રજા કલ્પે છે ભારી, તેનું પાપ સીર શાને તો ધરવું મહા
બંધુની જોડી તોડો છો શાને, સાહસીક કર્મ શીદ આચરવું. મહા
ગુપ્ત રીતે રહી મહાલયમાં, સ્મરણ સદા ઇશનું કરવું; મહા
પણ જંગલની માંહે જવાનું, રાજન કદી નથી તો બનવું મહા

વીક્રમ— બનઝારો.

શું મુકો છો મને વીસારી, નહી વાત કદી એ થનારી,
નથી એકલો કદી હું રહેવાનો, નથી તમથી જુદો પડવાનો;
કાંઇ દયા અંતર લ્યો ધારી નહી૦
તમે તરછોડી વનમાં જાશો, તો તો નાંખુ નકી ગળે ફાંસો;
નવ મારો દીલ ઘાવ કારી નહી૦
રાજકાજ મુજથી નવ થાએ, નવ એકલા મુજથી રેવાએ;
કાંઇ ભ્રાત વદોને વિચારી નહી૦
ભ્રાતુ અરજી મારી તો સ્વીકારો, શાને વનની વાત ઉચ્ચારો

ફુગ કેમ નાખો છો ઉતારી નહી૦
સાથે વનમાં હું તારે આવું, શીષ્ય બનીને સેવા બજાવું;
રાજ ખટપટો ભ્રાતુ છે ભારી નહી૦
ફળને મુકી શું જનારા, ભ્રાતુ ન્યારા શું રે થનારા;
તરછોડો મને ના લગારી નહી૦
ભ્રાતુ આમ શુ ધારો છો યોગ, શું ઘટે છે લેવો જોગ;
નથી ઉમર હજુ જરા મારી નહી૦
બંધુ થાઓ જરા જો ન્યારા, નવ તમને સોગન છે મારા
આ શી વાત વદો છો અકારી નહી૦

વડીલશ્રી આપ ગમે તેમ કરશો, પણ તમારાથી જરા માત્ર પણ જુદો રહેવાનો નથી આપના વીયોગે રહી રાજ ભોગવવા જરા માત્ર પણખુશી નથી જ્યાં જ્યાં આપ જવા વીચાર ધારશો ત્યાં ત્યાં સાથે આવી આપની સેવા બજાવીશ ત્યારેજ મારા દીલને શાંતિ વળવાની બ્રાત કાંઇ તો વીચાર કરો ? શું મારી ઉંમર માળવા જેવું મહાન રાજ ચલાવવાને યોગ્ય છે રાજ્ય ખટપટોથી આપ સંપુર્ણ માહીતગાર છો છતાં આવું અત્યંત જોખમ ભરેલું કામ મુને સોંપી જતાં જરા પણ આંચકો કેમ ખાતા નથી ?

ભરથહરી—વીક્રમ તું બળેલાને શા માટે બાળે છે ગમે તેટલો આગ્રહ અરજી તરફ વૃથા છે વારંવારે આવા કલ્પાંતથી મને દુઃખી નહી કર ઇશ્વર સદાકાળ તારૂ કલ્યાણ કરે આ સંસારમાં મને એવી ઠોકર વાગેલી છે કે ગમે તેમ થશે તોપણ રાજ્ય ભોગવવા જરા પણ રૂચી કદીજ નહી થવાની માટે ખુશી થઇ રજા આપો તો સારૂ

ગોરખનાથ—વિક્રમ તુમ જીતના આગ્રહ કરતેહે તે સભી વૃથા હે મેરા બચનકી સીદ્ધિ રખના હોતો તાકીદસે રજા દે દે તેરા બહોત આગ્રહ હૈ તો દો માસ તલક ઇદર ઠેર કર હમ ફેર ચલા જાયગા.

વીક્રમ—(સ્વગત) બે માસ તો રહેશો વળી જાય ત્યારે વાત છે તો ચાસન ત્યારે તો ઠીક.

ભતૃહરી—વિક્રમ, પ્રધાન સન્યાપતી આદીક સરવે સભાજનોને હવે આ રાજ્યરૂપે મારા છેલા પ્રણામ છે પ્રધાનજી તમે તથા સબળસિંહજી હમેશાં વિક્રમને સદ બુદ્ધીથી સારા રસ્તે ચડાવજો

અને છેવટની મારી નીચેની શીખામણ સરવ ધ્યાનમાં રાખજો.

સુકૃત કરના હોય કરલે.

ભજો ભાવે કીરતાર, જન સહુ ભાવે ભજો કીરતાર
પ્રભુ છે તારણ હાર, જન સહુ ભાવે ભજો કીરતાર
માત પીતાને સુત દારા, વળી પુત્ર અને પરીવાર,
સ્વાર્થ તણુ સરવ સગુ છે, સાથે ન કોઇ આવનાર ભજો૦
પાપ તણા તો બંધ કરો છો, પુન્ય દીસે ન લગાર;
કુંભિપાકની પાત્ર થતો તવ યાદ સરજન હાર
યાદ સરજન હાર થશે, યાદ સરજન હાર. ભજો૦
મોહ જાળની પુરી છે માયા ફસાઇ પડે છે ગુમાર
અંતકાળે કોઇ ન આવે પડે જ્યાં જમનો માર:
પડે છે જમનો માર જ્યારે ત્યાં પડે છે જમનો માર. ભજો૦
કામીની કામ તણી સંગી છે, વીચાર રહે ના લગાર;
પ્રપંચ માંહે પુરા ફસાવી, રમે તે નીસ્ચે જાર:
રમે છે નીસ્ચે જાર વીજારીથી રમે તે નીસ્ચે જાર. ભજો૦
કાળી નાગણની બરાબર બહુ જગતમાં નાર
વિશ્વાસઘાતી ત્રીયા તો જાણો ડંશ કરશે અપાર,
ડંશ કરશે અપાર પ્રાણીઆ, ડંશ કરશે અપાર. ભજો૦
કામીની કામ પ્રગટે જ્યારે જાત ભાત ન જોનાર:
શિયળ ભંગનું પાપ તે દીલમાં ગણે નહીરે લગાર;
ગણે નહીરે લગાર પાપીણી ડરે નહી લગાર. ભજો૦
કુળની શરમ લાવી ન દીલમાં કરે છે પાપ અપાર;
માત પીતાને તેવી તનુજા અપાવે છે ધીકાર;
અપાવે છે ધીક્કાર જગતમાં અપાવે છે ધીક્કાર. ભજો૦
સમુદ્ર રૂપી સંસાર જાણો મોહ માયાનો ન પાર
લપટાઇ નવ પડોરે યારો, સહુ જાણીને અસાર·
સહુ જાણીને અસાર, જગતમાં સહુ જાણીને અસાર ભજો૦
ઇશ્વર સ્મરણ સાથે આવે, બીજુ કોઇ ન આવનાર;
નરકખાણ પ્રત્યક્ષ દેખો, જગત માંહે છે નાર,
જગત માંહે છે નાર, નર્ક ખાણ જગત માંહે છે નાર ભજો૦
નારીને ઉપમા અતી જે આપે, તેને કોટી છે ધીક્કાર;
અપવિત્ર સ્થાનક માંહે મોહી રહે છે ગુમાર;

મોહી રહે છે શુમાર, માંહે મોહી રહે છે શુમાર. ભજો૦
બંને સ્તનો કસાઈ દૂકાનના વાંસ ગોળાનું ધાર;
હેમ કળસની કામ વીષયી ઉપમા તો આપનાર;
ઉપમા તો આપનાર કામી જન ઉપમા તો આપનાર. ભજો૦
દુર્ગંધી તન તેનું તો સમજી, છોડી દયોને નીરધાર;
નહી તો નારી કપટ માંહે થાશો અતી ખુવાર;
થાશો અતી ખુવાર વીષયથી થાશો અતી ખુવાર. ભજો૦
ઠોકર હુતો અતીશે પામ્યો, દુખી થયોછું સંસાર;
નીચ નારીના કપટ માંહે, ભુલી થયો છું ખુવાર
ભુલી થયો છું ખુવાર ભરથરી ભુલી થયો છું ખુવાર. ભજો૦
સાર સમજી શીક્ષા તો મારી, આણોને દીલ મોઝાર;
નારી કાચડમાં નહીજ લપટો નહી તો દુઃખી થનાર;
નહી તો દુખી થનાર, વીષયથી નહી તો દુખી થનાર. ભજો૦

આ મારી શીક્ષાને સર્વ સભાસદો ગ્રહણ કરી નારીથી નહી લપટાતા જો તમારા આત્માનું સાર્થક કરવું હોય તો સદા કાળ ઇશ્વર સ્મરણમા તમારો વખત ગુમાવો સંસારનો ત્યાગ કરવો એમ મારૂ કહેવું નથી પણ સ્ત્રી જાતી કોઇની નહી સમજતાં તેનામાં એકદમ લુબ્ધ બની તન, મન ધન, એ સર્વસ તેને સોંપા દેવું નહી મતલબમાં તેનો જરા પણ વીશ્વાસ કરશો તો નક્કી સમજો કે તે તમને પુરેપુરી શીક્ષાએ પહોંચાડશે હવે છેલ્લા પ્રણામ છે. મારાથી કોઇ પણ પ્રત્યે કાંઇ પણ વધુ ઘટુ કહેવાણું હોય તો તેની ક્ષમા માગુંછું.

ગોરખ—ભરથહરી સતાબી રખો બખ્ત બ્હોત ચલ ગયા.

ભરથહરી—ચલો મહારાજ ચલો.

વીક્રમ—ચલો પ્રધાનજી આશ્રમ સ્થાનક સુધી સાથે જઇશું નાં?

સુર્યસીંહ—કેમ નહિ એક મહીના સુધી તો પરમ કૃપાળુએ દર્શન થાય એવા અમુલ્ય વખત આપ્યો છે તે કેમ ત્યાગી દેશું.

(સહુ નીકળી જાય છે.)

સમાપ્ત.